૪૧૫ જુલાઈ • ૧૯૫૮





રવિશંકર રાવળ સંસ્થાપક







બચુભાઈ રાવત તંત્રી

વાચકો લખે છે

જૈન ધર્મની દૃષ્ટિએ ૧૪૪૪ એ જાણીતો આંક છે. આબુ-અચળગઢ ઉપર જૈન મંદિરની પંચ ધાતુની પ્રતિમાનું વજન પણ ૧૪૪૪ મણ છે. એ જ રીતે રાણકપુરના મંદિરમાં પણ ૧૪૪૪ સ્તંભોની રચના છે. આપ 'કુમાર' જાન્યુ૦ અંકના પાના ૨૩મા ઉપર જણાવો છો કે 'મારવાડના રાણકપુરના મંદિરમાં ૪૨૦ સ્તંભોની રચના...' વગેરે. તો આ ૪૨૦ની સંખ્યા પ્રમાણભૂત હોય એમ લાગતી નથી.

'History of Indian and Eastern Architecture'માં જેમ્સ ફરગ્યુસન લખે છે કે આ મંદિરના સ્તંભોની રચનાની હરીફાઈ કરતું એકે મંદિર સારા યે હિન્દમાં નથી. વળી આગળ લખે છે કે આ મંદિર યુરોપના કોઇ પણ મધ્યયુગના ચર્ચ કરતાં બધી રીતે ચડિયાતું છે.

Archæologicel Survey of India-ના ૧૯૦૭-૮ના વાર્ષિક રિપોર્ટમાં પણ આ વિષે સારો ઉલ્લેખ છે અને સ્તંભોની રચના ઉપર ભાર મૂકેલો છે. કળા, કીર્તિ ને કોતરણી તેમજ બાંધણી, ગૂંથણી ને રચનાને બાજુએ મૂકીએ તો યે સ્તંભોની રચના ખરેખર પ્રભાવ ઉપજાવે છે. તેથી ચારે દિશામાં ગૂંથેલા સ્તંભોની સંખ્યા આપના જણાવ્યા પ્રમાણે ૪૨૦ના બદલે ૧૪૪૪ હોય તે પ્રમાણભૂત લાગે છે.

ગયા ઑક્ટોબર માસમાં અમે પણ રાણકપુરની મુલાકાત લીધી હતી અને ચારે દિશામાં તેના દરવાજા સહિત, તેની બાંધણી, ગૂંથણી, ઝરૂખા, ગવાક્ષો, મેઘમંડપ, રંગમંડપ અને તેમાં આચ્છાદિત કોતરણીથી અમે મુગ્ધ થયા. અને સ્તંભોની રચનાની તો વાત જ શી? 'સ્તંભની સામે સ્તંભ' અને 'મૂર્તિની સામે મૂર્તિ' એ સિદ્ધાંત ઉપર બંધાએલ આ મંદિરનું વર્ણન અત્યારે અસ્થાને છે. છતાં ય એટલું કહેવું જરૂરી છે કે જ્યાં પરદેશીઓ "આવે છે, જુએ છે અને એમનાં દિલ જિતાઈ જાય છે." એવા 'રાજાઓના પણ રાજા'ના મહેલ સમી, તે સમયની કીર્તિ અને કારીગરીનું ભાન કરાવતી આ ઇમારત, આજે પણ અરવલ્લીની ભેખડોમાં એકલી અને અટૂલી પણ અડીખમ ખડી છે; છતાં ય હિન્દની ધરતીનાં છોરુ થઇને આપણામાંના ઘણાયને તેનું જ્ઞાન નથી એ આપણી કમનસીબી છે.

(અમદાવાદ) —જિતેન્દ્ર શાહ

[● આ ચર્ચાવિષયની ચોક્કસાઈ માટે અમે પ્રસ્તુત પત્રની નકલ આ કાર્યના નિષ્ણાત અને જાણીતા સોમપુરા શિલ્પી અમારા મિત્ર શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદીને મોકલી હતી. આણંદજી કલ્યાણજીની પેઢીએ તાજેતરમાં રાણકપુરના મંદિરનું લાખોના ખર્ચે કરાવેલું સમારકામ પણ તેમના હાથે જ થએલું હોઈ તેઓ આ વિષય ઉપર ચોક્કસ અને અધિકારપૂર્વકની માહિતી આપી શકે તેમ હતા. એમનો ઉત્તર આ નીચે આભાર સાથે છાપીએ છીએ.]

રાણકપુર મંદિરના થાંભલા ૧૪૪૪ નથી કે ૪૨૦ પણ નથી, છતાં બંનેમાં કાંઈક તથ્ય પણ છે એમ લાગે છે. મારી પાસે તેનો તળનો નકશો છે તે ઉપરથી મંદિર કેટલા થાંભલા ઉપર ઊભું છે તે જાણી શકાય છે. અમોએ પણ આ નકશાઓ બનાવ્યા ત્યારે ૧૪૪૪નો આંક મેળવવા માટે ઘણી મહેનત કરી હતી, પરંતુ કુલ સંખ્યા ૧૩૯૦ થાય છે, તે નીચે મુજબ:

ભોંયતળિયાના પ્લાનમાં થાંભલા એકંદર	૮૬૬
તેના બલાણકની નીચેની ચોકીઓ વગેરેના	૭૨
ભોંયરાના	૪૪
પહેલે માળે: ઉપરના ગભારાના .	૩૨
,, મેઘનાદમંડપો, બલાણકો ને ચોમુખ મંદિરોના . .	૨૫૨
બીજે માળે: ગર્ભગૃહ, કોળી તથા શુકનાશના ગોખલાના . . .	૪૪
મેઘનાદ મંડપોના	૮૦
	૧૩૯૦

આમ એકંદર થાંભલા ૧૩૯૦ થાય છે, તે પણ ૧૪૪૪નો મેળ કરવા માટે ઘણી મહેનતે મેળવી શકાયા છે. ભોંયરા વગેરેના થાંભલાઓ મંદિરના પ્લાનિંગમાં દેખી શકાય તે રીતના હોતા નથી, એટલે સાધારણરીતે તે ગણતરીમાં આવે નહિ. છતાં ૧૪૪૪ના આંકડામાં હવે બહુ ખૂટતું નથી તે આપ જોઈ શકશો.

ભોંયતળિયાના જે ૮૬૬ થાંભલા ગણાવ્યા છે તેની વિગત નીચે મુજબ છે:

(૧) મુખ્ય દેરાસરની ચારે બાજુના નૃત્ય મંડપોના મળીને એકંદર થાંભલા: વળોક ૯૪ +ભીંતા૮=૧૦૨; (૨) મેઘનાદ મંડપો, ખૂણાના દેરાસરોના મંડપો, તથા બલાણકોના મળીને થાંભલા: વળોક ૨૬૦+ભીંતા ૩૨=૨૯૨; (૩) ચારે બાજુની ભમતીની દેરીઓના થાંભલા વળોક ૭૪+ભીંતા ૧૦૬=૧૮૦; (૪) મુખ્ય ગર્ભગૃહ અને ચાર ખૂણાના દેરાસરોના તથા બીજા ચાર મોટા ગર્ભગૃહોની અંદરના થાંભલા વળોક ૨૦+ભીંતા ૭૬=૯૬;(૫) ભમતીની દેરીઓના ગર્ભગૃહોના ભીંતા થાંભલા ૧૯૬. કુલ મળીને ૮૬૬.

ઉપરની વિગત ઉપરથી આપ જોઇ શકશો કે મંદિર ૮૬૬ થાંભલાઓ પર ઊભું છે, છતાં બહારના ભાગમાં જોઈ શકાય તેવા થાંભલાઓ તો ફક્ત ૫૭૪ છે, અને તેમાં પણ ૧૪૬ થાંભલા ભીંતા–એટલે દીવાલ સાથે ઊભેલા અડધિયા કે પોણિયા છે, અને આખા (વળોક) થાંભલા તો ૪૨૮ જ છે. એટલે જેને દીવાલનો સહારો ન હોય તેવા થાંભલાઓની જ ગણતરી લીધી હોય તો તે ૪૨૦ની આસપાસ કહી શકાય. ૧૪૪૪ની ગણતરી કહેવાય છે તે તો થાંભલા પર થાંભલો આવતો હોય તે, તથા ભોંયરામાં ગભારામાં કે કોઈ પણ જગ્યાએ હોય તે પણ ગણીને ઉપજાવવામાં આવેલ છે. છતાં તે એકંદર સંખ્યા પણ મળી શકતી નથી.

અચલગઢની મૂર્તિ બાબત જણાવવાનું કે મૂર્તિ પલાંઠીએ ૪–૧॥ (ચાર ફૂટ દોઢ ઈંચ) છે એટલે પંદર ઘનફૂટ આસપાસ તેનો નક્કર ભાગ થાય; અને પંચધાતુનું વજન ઘનફૂટે ૧૩॥ મણ ગણીએ તો ૨૦૦ મણ આસપાસની એક મૂર્તિ થાય. ત્યાં હોય તેટલી બધી મૂર્તિઓ મળીને ૧૪૪૪નો અંદાજ લગાવતા હોય તો ભલે. છતાં કોઇ વખત અચલગઢ જવાનું થશે તો બધી મૂર્તિઓનાં માપ લઈ વજનનો અંદાજ કાઢીશું જેથી એકંદર કેટલું થાય તેમ છે તે પણ ખબર પડે.

(દેલવાડા-આબુ) —અમૃતલાલ મૂ૦ ત્રિવેદી

અંક ૪૧૪મામાં શ્રી નટવરલાલ માળવી જણાવે છે કે તેઓ શીર્ષાસન થાણાની જેલમાં સ્વ. શ્રી ભાઇદાસ ધારસી ભૂતા પાસેથી શીખ્યા. શ્રી ભાઇદાસ ધારસી ભૂતા હજુ હયાત છે અને મારા ઘરથી ત્રણ મિનિટના રસ્તે જ રહે છે. તેમને અંગત રીતે ઓળખું છું. તેમનું સરનામું નીચે મુજબ છે:

ભગતસિંગ રોડ, વિલે-પારલે, મુંબઈ-૨૪.

તેમના વાંચવામાં 'કુમાર' આવ્યું છે કે નહિ તે ખબર નથી, પણ તમો સુધારો છાપવા કૃપા કરશોજી.

(મુંબઇ) —જગમોહન ગોકળદાસ મહેતા

[●અમને મળેલો આ સુધારો અમે ઘણા હર્ષ સાથે અને શ્રી ભાઈદાસભાઇની ક્ષમાયાચના સાથે અહીં છાપીએ છીએ.]



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



ધ્યાની બુદ્ધ

ફૂટતા પ્રભાતના તેજ નીચે સ્થિર પડેલા પ્રશાન્ત સરોવર જેવી મુદિત ગંભીરતા ધરાવતા ધ્યાનસ્થ બુદ્ધના આ મુખના પ્રગાઢ સૌન્દર્યનું પાન કરતાં તૃપ્તિ થતી જ નથી. જેમજેમ જોતા જઈએ તેમતેમ એની પાવનકારી અસર આપણી સર્વ વૃત્તિઓને શમાવી અંતર્મુખ બનાવે છે.

(બોરોબદુર · જાવા : આઠમી સદી)

પુનર્મિલન

·મિશ્ર·

એ એ જ રૂપ, રજની સમી એ જ રમ્યતા,
ઉત્ફુલ્લ પોયણી સમાં શુચિ પોપચાંમાં
એ એ જ આરત ઢળી, વળી એ જ ઝાંમાં
લજ્જાતણાં મૃદુલ ગાલ પરે, શી ધન્યતા
પામી લકીર સ્મિતની મરકંત હોઠમાં—
આનંદનું અમી શું બીજ છલંત કોડમાં!
વર્ષો વીત્યા પછી મળી અત્ર એની એ જ—
જેવી મને પ્રથમ વેળ મળી'તી સ્હેજ!

હા! કિન્તુ હું અવર આજ; ન તેજવારિથી
ભીંજી શકું-નયનનાં તવ-ના કળી શકું
કેવો વિપર્યય થયો મુજ! મૃત્તિકા આ
મારા હિયાની મૃદુ (પ્રાવૃષ અશ્રુ કેરી
ઝીંકાઇ જેહ પર નિત્ય જ વિપ્રયોગમાં)
પાષાણ રૂપ થઈ બેઠી છ—દીર્ઘકાળથી!

હેમન્ત દેસાઈ

કાલવિપર્યયની કઠોરતા પાછળનું મૂગું દર્દ

એ છબી

·પરંપરિત ઝૂલણા·

એ છબી...
કર મહીં આયનો,
ચરણ સારવરતટે.

એક છાયા શી તસવીર થૈ
મરક મરકી રહે
કંપતી સજીવ મુજ હાથના સ્પર્શથી.

અન્ય છાયા શી પથરાઈ રહેતી
બધાં બિન્દુની ઉપરે,
લહરલહરે છબી
        કો કળાકારની થૈ કૃતિ તરવરે,
કંપતી સજીવ નભશ્વાસના સ્પર્શથી.

એ છબી,
બેઉ સાથી...
છતાં દૂર અન્યોન્યથી
કેટલી... કેટલી...!

હરીન્દ્ર દવે

એ એકમેકથી કેટલી દૂર છે તે કલ્પવામાં જ
કાવ્યનો ધ્વન્યાર્થ છે.

અજંપ્યા હૈયાનું ગીત

·શિખરિણી·

જુઓ બાલા કેશ મન તણી દશા કેવી વિકટ!
જવાનું છે કાલે પરગૃહ, ત્યજી શૈશવઘર,
સખીસાહેલીઓ જનકજનની બંધુસ્વજન
બધાં થાશે કાલે પર, સ્વજન જે આજ લગી તે.
અજાણ્યાંઓ થાશે સ્વજન સઘળાં યે સુદૂરનાં,
જશે જૂનું વાતાવરણ સઘળું જે પરિચિત,
નવું થાશે જાણે જીવતર શરૂ કાલથી, અને
ભૂલી જાવાનું રે! સકળ અહીંનું માની અતીત.

ત્યહીં આવ્યું ક્યાંથી સ્મૃતિ મહીં સરી કોક સહસા
અને બાળા કેરે અધર સ્મિત-કુસુમ-ટશર;
રહ્યું હૈયું માણી અનનભૂત આનંદમમતા,
અજાણ્યા ભાવોનાં ભરચક ચઢયાં પૂર પ્રબલ.
દ્વિધાના ચક્રાવે મન તરુણ ભોળું ચડી ગયું,
અજંપ્યા હૈયાનું મધુર ગીત એને જડી ગયું.

'સનાતન'

સર્વસહજ ને સર્વસ્પર્શી, કૌટુંબિક જીવનનું એક નાજુક ભાવચિત્ર

મળે તેટલું માણ!

·ગાન·

મળે તેટલું માણ, રે મન, મળે તેટલું માણ!
આતમના ઓળખનારાને દુખમાં સુખની લ્હાણ.–રે મન૦

સમદરની જલલહરી જેવી અખૂટ તૃષ્ણામાળ,
નદી-તળાવે બંધ કરો, પણ જલધિ ન બાંધે પાળ;
આંતર-તોષ નહીં તો સઘળું બહિર મિથ્યા જાણ.–રે મન૦

ચિનગારી બસ, જ્યોત ચાચ શેં? પામ વૃક્ષ બીમાંય,
તૃસ નિમીલિત પાંપણ નીચે સહુ જગ મહ્યું લહાય;
'હું' છોડયો ત્યાં મળે ભલે ને પારસમણિ કે રહાણ.–રે મન૦

રે મન, મળે તેટલું માણ!
લઈલઇને દે તે ખોબે ભરી રતનની ખાણ.–રે મન૦

ગીતા પરીખ

જીવનનાં સુખની સાથે દુ:ખને પણ માણવાની રીતનું ગીત

ક્યાં ગઈ?

જાન ગૈ ને જાનની ધૂમધામ પણ,
શાંત થૈ શેરી, ને આવી બાવડી,
ક્યાં સુધી એ બારણે ઊભી રહી:
પૂજતી અક્ષત ને કુમકુમથી એ છોડી ક્યાં ગઈ?

રતિલાલ 'અનિલ'

અગ્રણી ને અગ્રયાયી સેવા બજાવનાર

સેન્ટ ઝેવિયર



છ વરસ પર ઈ. ૧૯૫૨માં જેમની ચારસોમી મૃત્યુતિથિ જગત આખાએ માનભેર તથા ગૌરવપૂર્વક ઊજવી તે 'ભારત અને જાપાનના ખ્રિસ્તી ધર્મના પયંગબર'નું બિરુદ પામનાર સંત ફ્રાન્સિસ ઝેવિયરનું નામ ભારતને તો ખૂણેખૂણે જાણીતું છે, ખાસ કરીને તેમના નામ પરથી ખોલવામાં આવેલી 'સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ', 'સેન્ટ ઝેવિયર્સ કૉલેજ' વગેરે શિક્ષણસંસ્થાઓ પરથી. આપણા દેશની પછાત થરની જાતિઓને જીવલેણ દર્દોમાંથી, દમ-બ-દમ તેમની ખડે પગે તહેનાત તથા ખિદમતમાં રહી ઉગારનાર ને તેમનામાં જ્ઞાનવિજ્ઞાનનો તથા જીવન-સંસ્કારનો નવો ખયાલ રેડી પછાત દશામાંથી તેમનો ઉદ્ધાર કરનાર સંત ઝેવિયર જેવા ખ્રિસ્તી પાદરીઓનું કામ ભલે એકપક્ષી ને પ્રચારલક્ષી હોય, પરંતુ આપણા દેશની જીવનસેવા ને જ્ઞાનવિજ્ઞાન-સંસ્કાર-સેવા કરવામાં તેમનો આંશિક પરંતુ નક્કર તથા અગ્રગણ્ય ફાળો છે, એની નોંધ તો લેવી જ જોઈએ; કેમકે આપણું રાષ્ટ્ર હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે અનેકવિધ પંથો-જાતિઓનું બનેલું છે, અને એ સર્વેની સેવાનું એકસરખું રાષ્ટ્રીય મૂલ્ય છે. તેમાં યે સંત ફ્રાન્સિસ જેવા અતિથિ-સેવકોનું ઋણ તો કેમ કરી ભૂલી શકીએ?

ઉત્તર સ્પેનના નાવારે પ્રાંતના રાજા જીન દ આલ્બર્ટના પ્રિવી કાઉન્સિલર, જુઆન દ જાસો ને તેમનાં પત્ની મારિયા આઝ્પિલ-ક્યૂએટા ઝેવિયરના તેઓ સૌથી નાના પુત્ર હતા. ઈ. ૧૫૦૬ની ૭મી એપ્રિલે, પિરીનીઝ પર્વતમાળાની દક્ષિણ તળેટીમાં આવેલા, માતાના 'ઝેવિયર' નામના કિલ્લામાં તેમનો જન્મ થયો હતો. તેમના ભાઇઓનો વિચાર તેમને લશ્કરમાં ભરતી કરવાનો હતો. પરંતુ અભ્યાસની તેમને પહેલેથી જ લગની હતી, અને તેમણે અભ્યાસ કર્યો પણ યથેચ્છ અને ખંતપૂર્વક. ઈ. ૧૫૨૪માં તેઓ વધુ અભ્યાસ અર્થે પારીસ ગયા, જ્યાં પ્રથમ બાર્બરાની કૉલેજમાં અને પછી સ્પૅનિશ તથા પૉર્ટુગીઝ વિદ્યાર્થીઓના હેડ ક્વાર્ટર્સમાં દાખલ થયા. ૧૫૨૮માં તેઓ કૉલેજ દ બોવાઈમાં ઍરિસ્ટૉટેલિયન તત્ત્વજ્ઞાનના લેક્ચરર નિમાયા અને ૧૫૩૦માં તેમણે 'માસ્ટર ઑવ આર્ટ્સ'ની ઉપાધિ મેળવી. પરંતુ હવે તેમનું મન જીવનના ગંભીર વિચારમાં વિશેષ લાગ્યું રહેતું. આથી ઈ. ૧૫૨૯માં પોતાના સહવાસી સાવોયાર્ડ પીઅરી લેફેવાર સાથે તેઓ સંત ઈગ્નેશિયસ લૉયોલાને મળ્યા. આ સંતને ખ્રિસ્તી ધર્મસમાજના વિકાસ તથા પ્રચાર માટે 'સર્વન્ટ્સ ઑવ જીસસ' નામનો 'ઈસુ સેવક સમાજ' સ્થાપવાનો વિચાર સ્ફુરેલો, તેને તેમણે ઝેવિયર જેવા ધગશવાળા નવલોહિયા યુવકોની મદદથી હવે અમલી બનાવ્યો. એ સમાજના સાત સ્થાપક સભ્યો પૈકીના ઝેવિયર પણ એક છે.

ખ્રિસ્તી અધ્યાત્મના સાધકનો યથાર્થ ધર્મ તો વિશ્વપ્રેમ–જનસેવા જ છે. અસાધ્ય રોગોમાં સપડાએલાં માનવીઓની નવ અઠવાડિયાં સુધી લાગલગાટ સેવા દ્વારા તેમણે આ નવા જીવનની દીક્ષા લીધી. પછી આઠ સાથીઓ સાથે રોમ તરફ જવા નીકળી પડયા, જ્યાં પોપ પૉલ ત્રીજા તરફથી તેમના જીવનસાહસના આ ઉત્ક્રમને મંજૂરી મળી. ત્યાંથી વેનીસ પાછા ફર્યા જ્યાં ૧૫૩૭ની ૨૪મી જૂને તેમને પાદરી બનાવાયા. ખ્રિસ્તી સમાજની ધુરા વહી શકે એવી તેમની નવોત્સાહભરી શક્તિ જોઇને ઈગ્નેશિયસ લૉયોલાએ તેમને બીજે ક્યાંય ન મોકલતાં ૧૫૪૧ સુધી 'ઈસુ સેવક સમાજ'ના સેક્રેટરી તરીકે રાખ્યા. દરમ્યાન પૉર્ટુગાલના રાજા જ્હૉન ત્રીજાને પોતાના હિંદી સંસ્થાનમાં એક ખ્રિસ્તી મિશન મોકલવાનો વિચાર થયો. જોકે એની પાછળ એ યુરોપીય સત્તા-વાહકોની મુખ્ય નેમ ધર્મપ્રચાર દ્વારા રાજ્યવિસ્તાર વધારવાની ને રાજ્યસત્તા સુદૃઢ કરવાની હતી, એમ આપણે આપણો પાછલો ઇતિહાસ જોઈ નિઃશંકપણે કહી શકીએ.

આ કામ માટે પોતે તૈયાર કરેલા બે સેવાભાવી ધર્મચાહકો પૈકી સંજોગવશાત કોઈ ન જઈ શકતાં ઈગ્નેશિયસે ઈ. ૧૫૪૦ની ૧૫મી માર્ચે ઝેવિયરને રોમ છોડી હિંદની સફરે નીકળવા ફરમાવ્યું. અને ૧૫૪૧ની ૭મી એપ્રિલે લિસ્બનથી, હિંદના પૉર્ટુગીઝ ગવર્નર ડેઝિગ્નેટ આલ્ફૉન્ઝો દ સોઝા સાથે તેઓ દરિયાઈ માર્ગે હિંદ આવવા નીકળ્યા. ૧૫૪૨ની ૬ઠ્ઠી મેએ તેમનું વહાણ હિંદની ભૂમિ પર, ગોવાને કિનારે આવી નાંગર્યું. તે દિવસથી હિંદ અને જાપાનમાં ખ્રિસ્તી ધર્મને દઢમૂલ કરવામાં સંત ફ્રાન્સિસે જે ફાળો આપ્યો તે અગ્રયાયી ને અગ્રિમ છે.

અત્યાર સુધી જે યુરોપીય પરદેશીઓ હિંદ આવતા તેઓ આતતાયી બનીને જ આવતા. તેવે સાદાઈ અને સેવાની નિરામય પદ્ધતિથી તથા અનન્ય વૃત્તિથી કામ કરી રહેલા આ પરદેશી ખ્રિસ્તી પાદરીઓ હિંદના અમુક વર્ગસમૂહને માટે આશા ને આશ્વાસનનું સ્થાન બનેલા. એક હાથમાં ઘંટડી લઇને બજાવતા બજાવતા તેઓ ગોવાની શેરીઓમાં પગપાળા ફરવા લાગ્યા અને ફરતાંફરતાં લોકોને ઈસુનો ધર્મસંદેશ સંભળાવવા લાગ્યા. ગોવામાં પાંચ માસ ગાળ્યા પછી તેમણે દક્ષિણ તરફના દરિયાકિનારા તરફ પોતાનું લક્ષ દોડાવ્યું. મોતીની ખેતી કરતી અહીંની એક જાતિ પારાવા ખ્રિસ્તી ધર્મનો અંચળો ફગાવી દઈને ધર્મહીન બની ગઈ હતી. તે જાતિના લોકોની વચ્ચે ૧૫ માસ સુધી તેમણે સખત પરિશ્રમપૂર્વક ખ્રિસ્તી ધર્મની સમજ પ્રચારમાં આણી. તેના અનુસંધાનમાં, બાળકને જન્મ આપતાં જીવલેણ વેદના ભોગવતી પારાવા જાતિની

જેમના નામની કૉલેજો અને હાઈસ્કૂલો અમદાવાદ, મુંબાઈ, કરાચી, કલકત્તા વગેરે શહેરોમાં છે તે સંત ઝેવિયર 'સર્વન્ટ્સ ઑવ જીસસ'-'જીસસ સેવક સમાજ'ના પહેલા સાત સ્થાપક સભ્યોમાંના એક હતા. તેમનો જન્મ ૧૫૦૬માં સ્પેનમાં પિરીનીઝ પર્વતમાળાની દક્ષિણે આવેલા 'ઝેવિયર' નામના કિલ્લામાં થયો હતો. 'ફ્રાન્સિસ' એ મૂળ સ્પૅનિશ નામ 'ફ્રાન્સિસ્કો'નું અંગ્રેજી રૂપાંતર છે.

આ 'જીસસ સેવક સમાજ' સ્પેનમાં જન્મેલા ઇગ્નેશિયસ લૉયોલા નામના સંતે ૧૫૩૪માં સ્થાપ્યો હતો. લૉયોલા પ્રથમ તો લશ્કરી સિપાહી હતા, પરંતુ એકાદ લડાઈમાં ઘાયલ થયા પછી સારવાર દરમ્યાન ધાર્મિક પુસ્તકોના વાચનથી તેમનો જીવનપલટો થયો.

આ સેવક-સમાજના પાયારૂપ સિદ્ધાંતો આજીવન બ્રહ્મચર્ય, ગરીબી અને સમાજના ઉપરીની લશ્કરી શિસ્ત મુજબની તાબેદારી છે. એ સમાજના શિરોમણિ નેતાને 'જનરલ' કહે છે, અને પ્રાંતીય અધિકારીઓ 'પ્રોવિન્શ્યલ' કહેવાય છે. તેમની નીચે પણ ક્રમવાર અધિકારીઓ હોય છે. નવા આગંતુકને પાકા સભ્ય થવામાં અનેક ચકાસણીઓમાંથી પસાર થવું પડે છે, ને એ ગાળો દસ વર્ષનો હોય છે.

શરૂઆતમાં કેટલોક વખત ફ્રાન્સ ને ઈટલીમાં ગાળ્યા પછીથી સંત ઝેવિયર હિંદ આવ્યા હતા. તેમના જીવનની મુખ્ય સાલવારી:

૧૫૪૧-૪૨: બિસ્બનથી ગોવા (દરિયામાર્ગે)

૧૫૪૨-૪૩: ગોવાથી કન્યાકુમારી (દરિયામાર્ગે, ત્યાં કેટલોક વખત રહ્યા પછી તેઓ કોચીન થઈ ગોવા પાછા આવ્યા હતા)

૧૫૪૪: દક્ષિણ હિંદમાં, ત્યાંથી કોચીન

૧૫૪૫: નિગ્રાગાપટ્ટન ને સેન્ટ થૉમી ગયા.

૧૫૪૫-૪૮: સેન્ટ થૉમીથી મૉલુક્કાસ ને ત્યાંથી પાછા કોચીન

૧૫૪૮-'૪૯: હિંદના પશ્ચિમ કિનારા પર આવેલાં જુદાંજુદાં ગામોમાં વસવાટ

૧૫૪૯: ગોવાથી જાપાનમાં નાગાશીમા ગયા (દરિયામાર્ગે).

૧૫૫૧-૫૨: જાપાનના મીરાડોથી ચીનના સૅન્સિયન ટાપુમા, કોચીન પાછા (દરિયામાર્ગે)

૧૫૫૨: ગોવાથી સૅન્સિયન ટાપુમાં, ત્યાં ૧૫૫૨ના ડિસેમ્બરમાં અવસાન

તેમનું મૃત્યુ ચીનના કિનારાથી થોડે દૂર આવેલા સૅન્સિયન ટાપુમાં થએલું અને ત્યા જ તેમના શબને દફન કરવામાં આવેલું. પરંતુ અઢી મહિના પછી તેમની કબર ખોલી તેમનું શબ ચીનને કિનારે આવેલા મલક્કામા ફેરવવામાં આવ્યું હતું.

તેમના શબ વિષે લોકોમાં ઘણી વાતો પ્રચલિત છે. કહે છે કે મલક્કામાં તેમની કબર એક ખડકમાં કોરી રાખવામા આવી હતી. કમભાગ્યે, કબર તૈયાર થઈ ત્યારે તેમના શબ માટે લંબાઈમાં ઓછી પડી હતી. તેથી ખડક વધારે કાપી, શબ જેટલી કબરની લંબાઈ કરવાને બદલે તેમનું શિર છાતી ઉપર વાળી દેવામાં આવ્યું હતું. તેમ કરવામા તેમના નાકને ઈજા પહોંચી હતી અને ડાબી છાતીમા એક પથ્થરની કિનાર વાગવાથી ત્યાં જખમ થયો હતો અને લોહી જેવો કાળો પ્રવાહી પદાર્થ ઝમવા લાગ્યો હતો.

પાંચ મહિના પછી ફરીથી કબર ખોલી તેમનું શબ ગોવા લાવવામાં આવ્યું હતું. શબ ચીનથી ગોવા લાવતી વખતે કૉફિનમા શબની ઉપરનીચે ચૂનો ભરવામાં આવ્યો હતો. છતાં ગોવામાં કૉફિન ખોલ્યું ત્યારે શબને ચૂનાની લેશ પણ અસર થએલી નહિ, અને તે તદ્દન તાજું જણાયું હતું. તેને દફન કર્યા પછી બે વર્ષે બે નિષ્ણાત દાક્તરોએ કબર ખોલી શબ બારીકાઈથી તપાસ્યું હતું. અને શરીરમાં કોઈ પણ પ્રકારના મસાલા ભર્યા વિના કે ચામડી પર કોઈ પ્રકારનો તૈલી પદાર્થ લગાડયા વિનાનું છતાં તેમનું શબ જાણે હમણાં જ મૃત્યુ થયું હોય એવું તાજું તેમને જણાયું હતું. મલક્કામાં દફન કરતી વખતે ડાબી છાતી પર થએલા જખમમાંથી જે પ્રવાહી લોહી જેવો પદાર્થ ઝમ્યા કરતો હતો, તે રાસાયણિક તપાસમાં લોહી જણાયો હતો. પછીથી શબ કાચના એક કૉફિનમાં રાખવામાં આવ્યું હતું.

૧૪૦ વર્ષ પછી એક ફ્રેન્ચ દાક્તરે તે શબ ફરીથી તપાસ્યું હતું ને તે જાણે તાજેતરમાં જ મૃત્યુ થયું હોય તેવું તાજું માલૂમ પડયું હતું.

પરંતુ ત્યાર પછી પંદર વર્ષે તેમાંથી કુમાશ અદૃશ્ય થતી અને જડતા પ્રવેશતી વર્તાઈ હતી. શબનો વર્ણ ઝાંખો પડતો જતો હતો, ને શરીર સંકોચાતું જતું હતું. ત્યાર પછી તે મિસરના 'મમી' માફક સ્થિર અને સૂકું થઈ ગયું હતું. છતાં હજી તેમાં સડો દાખલ થયો નથી.

કહે છે કે એ શબ તાજું હતું ત્યારે રોમથી પોપે તેનો જમણો હાથ મંગાવ્યો હતો. તે હાથ કાપ્યો ત્યારે તેમાંથી લોહી નીકળ્યું હતું. રોમમાં, પોપે કલમ આપ્યાથી તે હાથે તેમણે હયાત હતા ને કરતા તેવી જ સહી કરેલી. પછી તે હાથ દુનિયાભરનાં કૅથૉલિક ખ્રિસ્તીઓનાં મથકોની સફર કરી આવ્યો હતો.

તેઓ મોટાં શહેરોને બદલે નાનાં ગામડાંના અશિક્ષિત વર્ગમાં વસવાનું પસંદ કરતા. તેઓ સાદું જીવન ગુજારતા. ભિક્ષા માગી ગુજરાન ચલાવતા. કપડાં ઓછામાં ઓછાં પહેરતા અને જ્યાં જતા ત્યાં મોટે ભાગે ઉઘાડે પગે જ ફરતા. તેઓ ગરીબ, રોગી અને અનાથની સેવામાં હમેશાં તત્પર રહેતા. કેટલીક વખત તો પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં દર્દીઓની સારવારમાં જ તેઓ મશગૂલ રહેતા.

૧૬૧૬માં પાંચમા પૉલે તેમના કાર્યને આશીર્વાદ આપ્યા અને ૧૬૨૨માં પાંચમા ગ્રેગરીએ તેમને 'સંત' તરીકે જાહેર કર્યા.

—કરીમ મહંમદ માસ્તર

એક બાઈને ઈશ્વર-પ્રાર્થના તથા તેના ધર્મ-પરિવર્તન દ્વારા વેદનામુક્ત કર્યાની, તેમજ કૉઈમ્બતુરમાં કૂવામાં પડી ગએલા એક છોકરાને પ્રાર્થનાની શક્તિ દ્વારા બચાવી લેવાની ને એવી અનેક તેમની ચમત્કારી વાતો શ્રદ્ધાળુઓમાં પ્રચલિત છે. ૧૫૪૩ના અંતમાં ગોવા પાછા ફર્યા.

ત્રાવણકોરમાં તો, કહે છે, તેમણે ૪૫ જેટલી ખ્રિસ્તી વસાહતો સ્થાપી. અહીં એટલું નોંધવું જરૂરી છે કે, નોખીનોખી ભાષાઓ જાણવાની તેમની અદ્ભુત શક્તિની જે દંતકથા લોકોમાં પ્રચલિત હતી તે સાચી નથી. તેમણે લખેલા પત્રો પરથી જણાય છે કે તેમને પોતાની સાથે દુભાષિયાઓ રાખવા પડતા, અને દુભાષિયાઓ ન હોય ત્યારે વાત કરવા માટે માત્ર નિશાનીઓ-ઇશારાથી જ ચલાવી લેવું પડતું.

મનારના ટાપુ પર બીજા મિશનરી મોકલી પોતે ૧૫૪૪ના એપ્રિલમાં સિલોન અને માઈલાપુર પહોંચ્યા, જ્યાં ચાર માસ રહ્યા, પરંતુ મુકાબલે તેમને ઓછી સફળતા મળી. મલક્કા હતા ત્યારે તેમણે પૉર્ટુગાલના રાજા જ્હૉન ત્રીજાને ગોવામાં યહૂદી ધર્મ પર અંકુશ મૂકવા માટે તપાસ-પંચ નીમવાની વિનંતી કરેલી, પરંતુ ૧૫૬૦ સુધી કોઈ પંચ નીમી શકાયું ન હતું. ઍમ્બૉયના, મૉલુક્કાસ અને મલય દ્વીપસમૂહની મુલાકાત લીધા પછી ૧૫૪૭ના જુલાઈમાં તેઓ મલક્કા પાછા ફર્યા. મલક્કાની તેમની ઓરડીમાંના તેમના જીવનનો આછો ચિતાર આપતાં તેમના એક પાદરી ચરિત્રકારે લખ્યું છે: 'એક બાજુ એક નાના ટેબલ પર ક્રૉસનું પ્રતીક, અને રોમન ધર્મ-પુસ્તકો રહેતાં. તેની પાસે એક ખાટલો હતો, જે પર ઓશીકાની જગ્યાએ એક મોટો પથરો હતો. અહીં તેઓ ટૂંકી ઊંઘ ખેંચી લેતા. રાત્રિના સમયનો મોટો ભાગ તો ક્રૉસના પ્રતીક આગળ

ઘૂંટણિયે પડીને અશ્રુભરીઆંખેપરમપિતાનેપ્રાર્થનાકરવામાં જવીતતો.'

જાપાનમાં ધર્મ-પ્રચાર એ તેમના જીવનનું બીજું મહત્ત્વનું કાર્ય. હિંદથી નીકળીને ૧૫૪૯ની ૧૫મી ઑગસ્ટે તેઓ કોગોશીમા ગયા, અને ૧૫૫૧ની ૨૦મી નવેમ્બર સુધી જાપાનમાં રહ્યા. ત્યાં ધર્મપ્રચારમાં તેમને સૌથી વધુ ટેકો અને અનુકૂળતા મળ્યાં. ૧૫૫૨ના ફેબ્રુઆરીમાં ગોવા આવીને ફરી ૨૫મી એપ્રિલે મલક્કા જવા ઊપડયા.

અહીંથી વહાણમાં ચીન જવા ઈ. ૧૫૫૨ની ૧૯મી જુલાઇએ નીકળ્યા. સિંગાપોરમાં થોડું રોકાઈ ૧૫૫૨ના ઑગસ્ટના અંતભાગમાં કવાંગ-તુંગના કિનારાથી આગળ ચાંગ-ચુએન-શાન(સેન્ટ જ્હૉન)ટાપુ પર પહોંચ્યા. પણ અહીં આવતાંવેંત તેઓ તાવમાં સપડાયા. ને ૨૭ ડિસેમ્બરે-અમુક સંશોધકોને મતે ૨૭ નવેમ્બરે–તેઓ અવસાન પામ્યા.

જે કોઢડીમાં તેઓ રહેતા હતા તેની બાજુમાં જ તેમના મૃતદેહને દાટવામાં આવેલો, પણ પછી અંતે કાઢીને મલક્કા ને આખરે ગોવા લઈ ગયાજ્યાં હજીયે તે ભવ્ય સમાધિ-પેટીમાં સાચવી રાખવામાં આવ્યો છે.

તેમનું શબ ચારસો વર્ષથી એવું ને એવું રહ્યું છે. કેટલાંક વર્ષ પહેલાં એક યુરોપીય બાઇએ એમનો પવિત્ર અવશેષ લઈ લેવાના આશયથી એ શબના જમણા પગના અંગૂઠાને ચુંબન કરતાં કરડી લીધો હતો, ત્યારે ત્યાંથી લોહી વહ્યું હતું. એ અંગૂઠો આજે રોમમાં છે. અત્યાર સુધી છેલ્લાં બસ્સો વર્ષથી દર દસ વર્ષે શબ કાચના કાસ્કેટમાંથી બહાર કાઢવામાં આવતું. અને એ રીતે ૪૦૦મી સંવત્સરી વખતે ૧૯૫૨માં એ છેલ્લી વાર બહાર કાઢવામાં આવ્યું હતું. હવે એ બહાર કાઢવામાં નહિ આવે.

તેમને આસમાની રાખોડી રંગની આંખો હતી અને સુંદર વાળ તથા દાઢી હતાં, જે તેમણે જાપાનમાં ભોગવેલી મુસીબતો ને સંકટોને કારણે સફેદ થઈ ગએલાં. તેમની ઊંચાઈ ૫ ફૂટ ને એક ઈંચ જેટલી હતી.

તેમના જેસ્યુઈટ ચરિત્રકારો ૭ લાખથી યે વધુ વ્યક્તિઓને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવ્યાનું માન તેમને આપે છે. આ આંકડા પ્રમાણભૂત હોય કે નહિ; પણ એટલું તો નિ:શંક કે ઝેવિયરે ઉપાડેલું કાર્ય ઐતિહાસિકરીતે તથા ઈયત્તા અને ગુણવત્તાની દષ્ટિએ મહાન છે.હૉરમઝથી જાપાન અને મલય દ્વીપસમૂહ સુધી તેમણે મિશનરી સાહસો ઉદ્‌ઘાટિત કર્યાં, અને જ્યાંજ્યાં ગયા ત્યાંત્યાં સુવ્યવસ્થિત અનેસુયોજિત ખ્રિસ્તી સમાજની વસાહત સ્થાપતા ગયા. આમ, પૂર્વના દેશોમાં ખ્રિસ્તી ધર્મ-સમાજની તેમણે કરેલી સેવા પાયાની, અગ્રણી અને વિપુલ છે. તેમણે બજાવેલી સેવાનું વિશિષ્ટ રચનાત્મક દષ્ટિએ પણ મૂલ્ય છે. ભારતની જે જાતિઓ પહેલેથી સામાન્ય અને ઉચ્ચ વર્ગસમુદાયની દષ્ટિએ ઉપેક્ષિત જ રહી છે તેની, તથા પોતાને આશ્રયે આવેલાં સર્વેની, ખડે પગે શુશ્રૂષા-સારવાર તથા જ્ઞાનસંસ્કારની પણ સંભાળ રાખવાની જે પ્રણાલી ઝેવિયર જેવા ખ્રિસ્તી સંતોએ આપણા દેશમાં શરૂ કરી તેનું મૂલ્ય આપણા રાષ્ટ્રની અમુકાંશે પાયાની સેવા જેટલું મહત્ત્વનું છે.

સરળ અને ઝડપી ગુણાકાર

નીચે જણાવેલી રીતે ગુણાકાર માત્ર એક જ લીટીમાં ને ઘણી જ ઝડપથી થઈ શકે છે, એવો મારો જાત-અનુભવ છે. આ રીત ઘણી જ હેરત પમાડે તેવી છે, પરંતુ તેમાં સરવાળા મોઢેથી કરવાનો કાબૂ હોવાની ખાસ જરૂર છે. સાધારણ પ્રયત્નથી એ સાધ્ય બને છે.

નીચે બતાવેલી આકૃતિઓ તેની વિસ્તારપૂર્વકની સમજણ માટે જ છે. તેમાં જણાવેલાં પગલાં પ્રમાણે કોઇ પણ પ્રકારનો ગુણાકાર થઇ શકે છે. રકમ પ્રમાણે આકૃતિ જુદી હોય છે. એ રીતે પાંચ રકમના ગુણાકાર સુધીની આકૃતિઓ નીચે બતાવવામાં આવી છે.


આકૃતિની સમજણ આ પ્રમાણે છે. તીરની સામસામી બાજુના આંકડાઓ ગુણવાના: જેમકે ૨×૩ બરાબર ૬; અને તીરને જે બીજાં




તીરો કાપતાં હોય તેના બધા આંકડા તેમાં ઉમેરવાના: જેમકે ૨×૩ ને ૩×૪ બરાબર ૬+૧૨ એટલે અઢાર, એની રીતે આ આખી આકૃતિ બરાબર ૬+૧૨+૧૨=૩૦ થાય.

આ રીતે ગુણાકારમાં જમણાથી ડાબી તરફ પગલાં અનુસાર આંકડા મૂકવા. આમાં જે વદી રહે તે પાછળનાં પગલાંમાં ઉમેરતા જવી. નીચે જણાવેલ રીત પરથી તે સમજાશે.


ત્રણ રકમનો ગુણાકાર




આમાં ૧૨૩×૧૨૩=૧૫૧૨૯ આકૃતિઓ દ્વારા બતાવ્યું છે. આ રીતે કોઈ પણ ત્રણ રકમનો ગુણાકાર થઈ શકે. હવે ચાર રકમનો ગુણાકાર:



આમાં ૧૨૩૪×૧૨૩૪ બરાબર ૧૫૨૨૭૫૬ આકૃતિઓ દ્વારા બતાવ્યું છે. આ રીતે કોઈ પણ ચાર રકમનો ગુણાકાર થઇ શકે એટલું જ નહિ પણ ગમે તેટલી મોટી રકમનો ગુણાકાર પણ આ રીતે કરી શકાય. એ જ રીતે હવે આપણે પાંચ રકમનો ગુણાકાર જોઇએ:



અને આ જ રીતે પાંચથી વધુ આંકડાની રકમોનું પણ; પરંતુ તેમાં રકમ વધવા સાથે ઉપર પ્રમાણેની અટપટી રચના પણ વધુ આવશે. અત્રે એક સ્પષ્ટીકરણની અગત્ય છે કે ત્રણ અને બે રકમનો કે ત્રણ અને ચાર રકમનો કે બે રકમનો ગુણાકાર પણ શકય છે. જેમકે ૧૨૩×૧૨. અથવા ૧૨×૧૨૩. આ રકમો નીચે પ્રમાણે લખવી, ને મોટી રકમ પ્રમાણે પગલાં લેવાં. દાખલા તરીકે



આવી રીતે દરેકમાં સમજવું. રકમની સંખ્યા અનુસાર ઉપરની આકૃતિઓ પ્રમાણે પગલાં ભરી કોઈ પણ ગુણાકાર કરતાં, આ રીતની સરળતા તેમજ ઝડપ માલૂમ પડશે. અને આ માત્ર એક જ લીટીમાં થતો હોઈ મુગ્ધ કરે તેવી રીત બની રહેશે.

—જે. પી. ઠાકર

વહીવટનો વારસો

લેખક · પ્રો. રમણલાલ ચી. શાહ એમ.એ.

મુખ્ય પાત્રો : ગુલાબરાય વસાવડા · હરિદાસ શેઠ · જગદીશ · યજ્ઞેશ
હર્ષકાન્તપરીખ · મહેન્દ્ર ત્રિવેદી · પ્રબોધ ભટ્ટ · પ્રફુલ્લ શાહ · વીરેન્દ્ર દોશી · સૂર્યકાન્ત પટેલ

પ્રવેશ પહેલો

[સ્થળ : શ્રી ગુલાબરાય વસાવડાના બંગલાનો ચૉક, જેની એક બાજુ બંગલાની અંદરના ભાગમાં જવાય છે ને બીજી બાજુ વિશાળ કૅમ્પાઉન્ડમાં મુલાકાતનો ખંડ, બગીચો, બેસવાના બાંકડા, નોકરની ઓરડી વગેરે છે. ગુલાબરાયે પોતાની મુખ્ય બેઠક અહીં જ રાખી છે.

બહારથી મોટરનું હૉર્ન સંભળાય છે. નોકર રવજી બહાર દોડે છે. ગુલાબરાય, હરિદાસ શેઠ અને હર્ષકાન્ત પરીખ પ્રવેશ કરે છે.]

ગુલાબરાય : પધારો, શેઠસાહેબ પધારો. (હર્ષકાન્તને) પધારો, ભાઈસાહેબ પધારો. (ત્રણે બેસે છે. પાછળ નોકર રવજી હાથમાં કાપડનો એક તાકો, મીઠાઈની એક ટોપલી અને બીજાં બે ત્રણ બંડલો સાથે પ્રવેશે છે તેને) રવજી, એ તાકો ભાઈની રૂમમાં મૂક, બંડલ મારી રૂમમાં, અને મીઠાઈ બાઇને આપ.

રવજી : જી.

ગુલાબરાય : અને જો, મારા ને હરિદાસ શેઠ માટે કૉફી, ને (હર્ષકાન્તને) તમે શું લેશો ભાઈ?

હર્ષકાન્ત : કાંઇ નહિ સાહેબ!

ગુલાબરાય : અરે એમ તે કંઈ ચાલે? (રવજીને) એ સાહેબ માટે પણ કૉફી લાવ. (રવજી જાય છે) બોલો શેઠસાહેબ... ઠીક સાથે થઇ ગયા, નહિ તો તમારે થોડું ખોટી થવું પડત.

હરિદાસ : આ ભાઈ હર્ષકાન્ત પરીખ. (હર્ષકાન્ત હાથ જોડી નમસ્કાર કરે છે) અને (હર્ષકાન્તને) આ અમારા બીજા ટ્રસ્ટી ગુલાબરાય વસાવડા. (ગુલાબરાય માથું નમાવે છે.)

ગુલાબરાય (હસતાં) : મુખ્ય વહીવટ કરનારા હું અને હરિદાસ શેઠ, બાકીના બીજા ટ્રસ્ટીઓને તો વાર્ષિક સભામાં ચાપાણી મળે અને બહારગામથી આવતા હોય તો ભાડુંભથ્થું મળે એટલા પૂરતો જ રસ.

હરિદાસ : હાસ્તો, ગાંઠના ગોપીચંદન કરી આવડા મોટા વહીવટની માથાકૂટમાં કોણ...

ગુલાબરાય : અને એમનું કામ ઉપાડી લેવા ઉપરાંત બાર મહિને એમને રાજી રાખીએ, એટલે કામમાં બિચારા માથું પણ ન મારે.

હરિદાસ : હવે, આ ભાઈ હર્ષકાન્ત આપણા નગીનદાસ પરીખના ચિરંજીવી છે. કેટલાક વખતથી મને નોકરી અપાવવા માટે કહેતા હતા, એટલે મેં કહ્યું કે ચાલો વસાવડાને મળીને આજે નક્કી કરી લઇએ.

ગુલાબરાય : સારું કર્યું. શરૂઆતની બધી વાતચીત થઈ ગઈ છે ને એમની સાથે?

હરિ૦ : હા. (હર્ષકાન્તને) તમે લાવ્યા છો ને?

હર્ષકાન્ત : હા જી. (પૈસા કાઢે છે.)

હરિદાસ : તો આપો સાહેબને.

ગુલાબરાય : એક હજાર છે?

હર્ષકાન્ત : હાજી; પણ સાહેબ, મને નોકરી કોઈ સારી અપાવજો.

ગુલાબરાય : જરૂર જરૂર.

હરિદાસ : તમને મનપસંદ ને સારી નોકરી મળશે એમાં કહેવું નહિ પડે. ટ્રસ્ટીઓ અમે બંને છીએ. એમાં લાયક માણસ શોધી લાવવાનું કામ મારું છે, ને માણસને લાયક નોકરી આપવાનું કામ વસાવડા સાહેબનું છે.

હર્ષકાન્ત : જી.

ગુલાબરાય : તમે પૈસા આપ્યા એટલે તમારી નોકરી સાચી થઇ ગઇ એમ સમજી જ લેવાનું. પરંતુ ઍપોઇન્ટમેન્ટ ઑર્ડર હાથમાં ન આવે ત્યાં સુધી કોઇને વાત કરવાની નહિ.

હર્ષકાન્ત : હા જી.

હરિદાસ : અને કોઈ પણ સંજોગોમાં એક યા બીજા કારણે તમને કહેલી નોકરી આપવામાં મુશ્કેલી ઊભી થઈ તો બીજી નોકરી મળશે એની ખાતરી; અને નહિ તો તમારા પૈસા તમને પાછા મળશે. એની પણ ખાતરી.

ગુલાબરાય : પૈસાની બાબતમાં તો અમારા હાથ બહુ ચોખ્ખા છે. કામ ન થાય તો પૈસા પાછા. અમે બહુ સીધા ને પ્રામાણિક છીએ. બીજા ટ્રસ્ટવાળાઓની જેમ ફાંદા કરીને લોકોના પૈસા ખાઇ જવામાં અમે નથી માનતા. (રવજી કૉફી લાવે છે, તે લેતાં લેતાં) બોલો, તમારે કયા ખાતામાં નોકરી જોઇએ?

હર્ષકાન્ત : એમાં મને શી ખબર પડે, સાહેબ? આપ જે નક્કી કરો તે...

હરિદાસ : જુઓ, શેઠ ગાંડાભાઈ ઘેલાભાઈના આ ટ્રસ્ટની એકવીસ સંસ્થાઓ ચાલે છે. પાંચ હાઈસ્કૂલો, બે કૉલેજો, બે હૉસ્ટેલો, એક લાયબ્રેરી, એક બોર્ડિંગ, બે દવાખાનાં, બે સેનેટોરિયમ અને છ સંસ્કૃત પાઠશાળાઓ; અને ટ્રસ્ટખાતાની મોટી ઑફિસ જુદી.

ગુલાબરાય : એમાં સો-દોઢસોની નાની નોકરી તો તમને જ્યાં જોઈતી હશે ત્યાં તરત મળશે. ખાલી જગ્યા નહિ હોય તો પોસ્ટ ક્રીએટ કરીને પણ અપાવીશું. બોલો, શાળાના શિક્ષક થવું છે? સેનેટોરિયમના મહેતાજી થવું છે? કે કૉલેજના કલાર્ક?

હરિદાસ : કૉલેજના કલાર્કની નોકરી પણ ઘણી જ સારી. પગાર ઓછો પણ બીજાં આકર્ષણોનો તોટો નહિ.

ગુલાબરાય : અને પરીક્ષા વખતે સાઈડ ઇનકમ થાય તે જુદી.

હર્ષકાન્ત : બીજી કોઇ મોટી ને સારી...

હરિદાસ : મોટી ને સારી પણ મળશે...

ગુલાબરાય : પણ તેને માટે થોડીક ફી વધારે પડશે, ને છ-આઠ મહિના કે લગભગ વરસ રાહ જોવી પડશે. છે તમારી તૈયારી?

હર્ષકાન્ત : ભલે સાહેબ.

ગુલાબરાય : તો તમને ફાઈલ જોઇને કહું. અરે, રવજી, મારી ફાઈલ લાવ તો...

હરિદાસ : આ વર્ષમાં ચારપાંચ મોટી નોકરી ખાલી પડે છે, નહિ વસાવડા?

ગુલાબરાય : જોઇને કહું... (રવજી ફાઈલ આપે છે.) જુઓ, માર્ચમાં આપણે બે જાહેરખબર આપી છે, એપ્રિલમાં એક, અને મેમાં ત્રણ. એટલે ત્યાં સુધીનું બધું નક્કી થઈ ગયું છે.

હરિદાસ : જૂન-જુલાઈમાં?

ગુલાબરાય : એકે નથી. પણ પછી ડિસેમ્બર સુધીમાં આટલી મોટી જગ્યાઓ ખાલી પડવાની ધારણા છે : ડૉ. મહેતાનું રાજીનામું આવી ગયું છે એટલે એ જગ્યા ખાલી પડશે. બે પ્રોફેસરોને અને હેડ લાયબ્રેરીઅન દલીચંદને આ વર્ષમાં ૬૦ વર્ષ પૂરાં થાય છે, એટલે એ નિવૃત્ત થતાં ત્રણ જગ્યાઓ ખાલી પડશે; ને શેઠ સાહેબ, પેલા હેડ માસ્તર શિવશંકર હૉસ્પિટલમાં છે અને કેસ સીરિયસ છે...

હરિદાસ : એટલે એ પણ ખાલી પડશે.

ગુલાબરાય : અને ઊભા રહો, હૉસ્ટેલના સુપરિન્ટેન્ડેન્ટ મિ. દવે હજુ પ્રોબેશન પર છે.

હરિદાસ : હા, એ આપણને ફરી મળ્યા નથી. એટલે એ પરમેનન્ટ નહિ થાય.

હર્ષકાન્ત : આ બધામાં, સાહેબ, ડૉક્ટર કે પ્રોફેસરની જગ્યાનો સવાલ નથી કારણકે મેં એટલો અભ્યાસ કર્યો નથી.

ગુલાબરાય : સરકાર કે યુનિવર્સિટી વાંધો ન લેતી હોય તો એ જગ્યા પણ તમને અપાવી શકીએ એમ છીએ. લાયકાતનો સવાલ છે જ નહિ. અમારે મન બધા જ લાયક માણસો છે. કેમ હરિદાસ શેઠ, બોલ્યા નહિ?

હરિદાસ : હાસ્તો. એ તો પછી કામ કામને શીખવે છે; કોઇ શીખીને જન્મતું નથી.

ગુલાબરાય : જે બધાને અમે નોકરીમાં રાખીએ છીએ એ બધા લાયકાતવાળા માણસો જ હોય છે એમ સમજશો નહિ.

હરિદાસ : એટલે લાયકાત-બાયકાતનો વિચાર ન કરશો. મુદ્દાની વાત એટલી કે તમને મહિને ત્રણસો-ચારસો રૂપિયા કમાતા કરી દેવાની જવાબદારી અમે ઉપાડીએ છીએ, ને એના જ આ પૈસા છે.

ગુલાબરાય : અને એક વખત નોકરી મળી, ને પરમેનન્ટ થયા એટલે જ્યાં સુધી તમે એ છોડો નહિ ત્યાં સુધી તમને કોઈ છંછેડે નહિ એની પણ ખાતરી.

હરિદાસ : માટે જ ટ્રસ્ટની નોકરીઓ માટે આટલી બધી પડાપડી રહે છે ને?

ગુલાબરાય : તો બોલો, લાયબ્રેરીઅન થવું છે કે કૉલેજ-હૉસ્ટેલના સુપરિન્ટેન્ડેન્ટ?

હરિદાસ : શાંત ને મૂંગા સ્વભાવના હશો તો લાયબ્રેરીની નોકરી ફાવશે ને બોલકણા ને મારકણા સ્વભાવના હશો તો હૉસ્ટેલની ગમશે. પગાર બંનેમાં સરખો; લગભગ ચાર સો-સાડા ચારસોનો હશે, નહિ વસાવડા?

ગુલાબરાય : હૉસ્ટેલનો થોડો ઓછો છે.

હર્ષકાન્ત : સાહેબ, મને લાયબ્રેરીની નોકરી ગમે છે; પરંતુ એમાં મને કશું આવડતું નથી.

હરિદાસ : વળી પાછા વેદિયા થયા? આવડવાનો તો એમાં સવાલ જ ક્યાં છે?

ગુલાબરાય : આ તો હેડ લાયબ્રેરીઅનની જગ્યા છે. સવારે ઘેરથી લાયબ્રેરીમાં જવાનું ને સાંજે લાયબ્રેરીમાંથી ઘરે જવાનું; એ બે જ મુખ્ય કામ એમાં રોજ કરવાનાં છે. એટલું તમને નહિ આવડે, ભલા માણસ?

હરિદાસ : આ દલીચંદે આખી જિંદગી માંદામાંદા એ કામ કર્યું, તો તમારા જેવા સાજાસમા જુવાનજોધ માણસથી એ નહિ થાય?

હર્ષકાન્ત : એ તો થાય. પણ સાહેબ, ઑફિસમાં બીજું કંઈ અઘરું કામ આવી પડે તો?

હરિદાસ : ઑફિસમાં સહી કરવા સિવાય બીજું કંઈ જ કામ તમારે નહિ આવે. ને છતાં કંઈ મુશ્કેલી હોય તો અમારી પાસે આવવું.

ગુલાબરાય : એવું હોય તો અઠવાડિયું દસ દિવસ રજા લઈ પગાર જતો કરવાનો. અમે કોઈ જાણકાર માણસની પાસે થોડા પૈસા આપી કામ કરાવી લઈશું.

[જગદીશ ને યજ્ઞેશ ખભે થેલા સાથે પ્રવેશે છે.]

ગુલાબરાય : જગદીશ, આવ્યો ભાઈ!

જગદીશ : હાજી. હરિદાસકાકા નમસ્તે.

હરિદાસ : નમસ્તે, દીકરા. સાથે કોણ છે?

જગદીશ : મારા મિત્ર યજ્ઞેશ મોદી. (યજ્ઞેશ નમસ્તે કરે છે) અમે સાથે કામ કરીએ છીએ.

હરિદાસ : શું કામ કરો છો બંને?

ગુલાબરાય : (હસતાં હસતાં) એમનું કામ બીજું શું હોય? ક્યાંક હડતાલો પડાવવી ને ક્યાંક તોફાનો કરાવવાં. બ્રિટિશ સરકારે હિંદની ૪૦ કરોડની પ્રજાને આઝાદી આપી, પણ આ બેને આપવાનું ભૂલી ગઇ છે; એટલે બીજા બધા ચળવળ છોડીને કામધંધે લાગી ગયા, પણ એ બંનેની ચળવળ હજુ પૂરી થઈ નથી.

હરિદાસ : એવી બધી ચળવળોમાં પડવાનું હવે ગૃહસ્થ માણસનું કામ નથી. દેશને જરૂર હતી ત્યારે અમે ય રેંટીઓ કાંત્યો'તો; પણ હવે એ પૂંછડું થોડું પકડી રખાય છે?

જગદીશ : પણ અમે તો હવે એ ઘણુંબધું ઓછું કરી નાખ્યું, પૂછો બાપુજીને!

ગુલાબરાય : હા, હવે ધીમેધીમે લાઇન પર આવી ગયો છે.

જગદીશ : અમે તો, સવારે યજ્ઞેશને એક નોકરી માટે બોલાવ્યો હતો ત્યાં ગયા'તા.

ગુલાબરાય : મળી નોકરી?

યજ્ઞેશ : ના મળી.

હરિ : શાની મળે? એમ કંઈ રેઢી પડી છે?

ગુલાબરાય : જગદીશ, તારે માટે થોડું કાપડ લાવ્યો છું; તારી રૂમમાં મુકાવ્યું છે.

જગદીશ : જી. (યજ્ઞેશ સાથે અંદર જાય છે.

હરિદાસ : વેદિયા માણસો આમ થોડા કુટાય પછી જ ઠેકાણે આવે.

હર્ષકાન્ત : ભલે તો સાહેબ, લાયબ્રેરીઅનની નોકરી હું પસંદ કરું છું.

ગુલાબરાય : બસ તો; એ નક્કી હોય તો હું લખી લઉં. (ફાઇલના કાગળમાં લખી લે છે.) હવે જાહેરખબર બાબત: પંદરવીસ દિવસ પછી છાપાંમાં જાહેરખબર આવશે. એમાં અમે ઘણું બધું લખ્યું હશે. એ તો, ગભરાઇને ઘણા અરજી ન કરે એ માટે જ લખ્યું હોય છે. તમારે એથી ગભરાવાનું નથી. એમાં માંગ્યાં હોય એટલાં બધાં ક્વૉલિફિકેશન્સ તમારાં હોય કે નહિ, પણ તમારે અરજી કરવાની.

હરિદાસ : અને ઉમર બાબત...

ગુલાબરાય : (ફાઇલમાં જોઇને) લાયબ્રેરીઅનની જગ્યા માટે ઉમેદવારની ઉમર ૩૦ ને ૩૫ વચ્ચેની રાખવામાં આવેલી છે.

હર્ષકાન્ત : મને તો ઓગણત્રીસ થયાં છે.

હરિદાસ : એમાં વાંધો નહિ; ચાલશે.

ગુલાબરાય : તોપણ અરજીમાં ૩૦ લખજો.

હર્ષકાન્ત : જી. ને ઈન્ટરવ્યૂ ક્યારે લેવાશે?

ગુલાબ : જાહેરખબર પછી ત્રણેક મહિને.

હરિદાસ : અને અહીં આ બંગલામાં જ.

હર્ષકાન્ત : ઈન્ટરવ્યૂ માટે કૈં સૂચના, સાહેબ?

હરિદાસ : મુખ્ય સવાલો વસાવડા સાહેબ જ પૂછશે.

ગુલાબ : સામાન્યરીતે વિષયના જનરલ સવાલો હું પૂછું છું. પણ તમને વાંધો નહિ આવે.

હર્ષકાન્ત : પણ મારા કરતાં બીજા કોઇનો ઈન્ટરવ્યૂ સારો જાય તો?

ગુલાબરાય : સારો જાય જ કેમ?

હરિદાસ : એ માટે તમે બેફિકર રહો.

ગુલાબરાય : હું અને બીજી પણ એકબે ચોખવટ કરી લઇએ.

હર્ષકાન્ત : શી સાહેબ?

ગુલાબરાય : એક તો એ કે તમને એક વરસ માટે પ્રોબેશન પર રાખવામાં આવશે. પરમેનન્ટ થવું હશે તો ફરી આવી રીતે આવીને પાછું મળી જવું પડશે.

હર્ષકાન્ત : એ તો બરાબર છે, સાહેબ! શેઠ સાહેબે રસ્તામાં મને એ વાત કરી લીધી છે.

ગુલાબરાય : બીજું; તમારી નોકરી લાયબ્રેરીની છે; એટલે ભેટ આવેલાં પુસ્તકો, વગર લવાજમે આવતાં સામયિકો અને જૂનાં છાપાંની પસ્તી એ બધું ઘેર લઈ જાઓ ત્યારે એનો હિસાબ અમારી પાસે આવીને સમજી જવાનો.

હર્ષકાન્ત : એ સમજાયું નહિ, સાહેબ.

હરિદાસ : અરે, એ તો કામ કામને શીખવશે. અત્યારે સમજવાની જરૂર નથી. થોડા વખતમાં તો તમે અમારા કરતાં ય વધારે હોશિયાર જઈ જશો.

ગુલાબરાય : બસ તો? બીજું કંઈ કામકાજ હોય તો જણાવશો. નહિ તો આપણે હવે ઈન્ટરવ્યૂ વખતે મળીશું. દરમિયાન મોટી નોકરી માટે જે વધારાની ફીની વાત કરી છે એ બાબતમાં હરિદાસ શેઠને મળી લેજો.

હરિદાસ : (ઊભા થતાં) હા, એટલે એ કામ અંકે થઈ જાય.

હર્ષકાન્ત : (હરિદાસને) એ તો ઘેર જઇને તરત જ આપને આપી જઈશ, સાહેબ.

હરિદાસ : તો, અમે હવે જઇએ.

ગુલાબરાય : પધારજો શેઠ સાહેબ, પધારજો. (હર્ષકાન્તને) પધારજો, ભાઈ તમે પણ. (બંને જાય છે. જગદીશ અને યજ્ઞેશ પ્રવેશે છે.)

ગુલાબરાય : કેમ યજ્ઞેશ, બેસને.

યજ્ઞેશ : ના, મારે જવું છે.

ગુલાબરાય : શું કરે છે તું હમણાં? શાની નોકરી માટે ગયા હતા?

યજ્ઞેશ : હમણાં રેડિયો-એન્જિનીઅરિંગ ને ઇલેક્ટ્રિકનું રીપેરિંગ શીખ્યો છું. એક રેડિયોવાળાને ત્યાં નોકરી માટે ગયો હતો.

ગુલાબ : આજકાલ નોકરી ક્યાં સહેલી છે?

ગુલાબરાય: જરૂર, જરૂર ધ્યાન રાખીશ.

યજ્ઞેશ: તો હું જાઉં છું સાહેબ, (જગદીશને) હવે, આવતા અઠવાડિયે મળીશું આપણે.

ગુલાબરાય: ભલે, પધારજો ત્યારે. (યજ્ઞેશ જાય છે.) બેટા, કાપડ ગમ્યું તને? ખાદી પહેરવાની તારી પ્રતિજ્ઞા ક્યારે પૂરી થાય છે?

જગદીશ: બાપુજી, એવી શી ઉતાવળ હતી? પ્રતિજ્ઞા તો આવતી ૧૫મી ઑગસ્ટે, એટલે હજુ લગભગ એક વર્ષ પછી પૂરી થશે. ત્યાર પછી સ્વેચ્છાએ ખાદી પહેરવી હોય તો પહેરવાની...

ગુલાબરાય: એટલે જ અત્યારથી થોડું થોડું કાપડ લાવવું જોઇએ ને? આપણે ક્યાં પૈસા ખર્ચીને લાવવાનું છે? અને બધું સામટું કંઈ તે ઘડીએ થોડુંજ કોઈની પાસે માગવા બેસાય છે?

જગદીશ: પેલા ભાઈ શા માટે આવેલા?

ગુલાબરાય: લાયબ્રેરીઅનની જગ્યા માટે. આપણા લાયબ્રેરીઅન દલીચંદને આ વરસમાં સાઠ વર્ષ પૂરાં થાય છે એટલે તે નિવૃત્ત થશે.

જગદીશ: એ જગ્યાએ તમે આને લેવાના?

ગુલાબરાય: હા.

જગદીશ: યજ્ઞેશને એ નોકરી ન અપાવો?

ગુલાબરાય: એમાં એવા વેદિયા માણસનું કામ નહિ; ને એ કંઈ પૈસાબૈસા કાઢે નહિ.

જગદીશ: પૈસા તો બાપુજી, એ ક્યાંથી લાવે? પૈસા વગર ન અપાવો?

ગુલાબરાય: પૈસા વગર કશું બને નહિ. તું જ વિચાર કર. શેઠ ગાંડાભાઇ ઘેલાભાઇએ પચાસ લાખ રૂપિયાનું ટ્રસ્ટ કર્યું, પણ ટ્રસ્ટીઓને મહિને પાંચપચ્ચીસ રૂપિયા મળે એવી એક પણ કલમ રાખી છે એમાં? તો પછી આપણે આ બધા ઘરના ખર્ચા અને હરિદાસ શેઠને પોતાના ઘરના ખર્ચા, એ બધા કાઢવા ક્યાંથી? અને તો પછી રોજ ઊઠીને વગર લેવેદેવે આ બધી માથાકૂટ કોણ કરતું હતું?

જગદીશ: પણ બાપુજી, યજ્ઞેશની સ્થિતિ અત્યારે એવી હદે પહોંચી છે...

ગુલાબરાય: થોડા ધક્કા ખાધા એટલે હવે ઠેકાણે આવ્યો કે નહિ? એના વાદે તું પણ વેદિયો થવા માંડ્યો'તો, પણ આજે હવે તમારી આંખ ખૂલે છે કે મોટામોટા આદર્શો પોથીમાં હોય ત્યાં સુધી જ સારા. દુનિયામાં જીવવું હોય તો માણસે વ્યવહારુ બનવું જ જોઇએ.

જગદીશ: પણ મને, બાપુજી, શહેરમાં લોકો આપણી વાતો કરે છે એ લાગી આવે છે.

ગુલાબરાય: છોને ગમે તેટલી વાતો કરે. દુનિયામાં બધા ચોરના ભાઈ ઘંટીચોર છે. વાતો કરનારો એક તો એવો બતાવ કે જે શાહુકારનો બેટો હોય? અને મારે લીધે તું વગોવાય

શરીર મન અને જ્ઞાનતંતુઓ વગેરેને **યોગાસનો** સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામપદ્ધતિ

Fit as Fiddle

એક ભાઈ લશ્કરમાં અફસર હતા. લશ્કરી માણસ, એટલે કસરત આદિનું પૂછવાનું જ ન હોય. એમને કેટલીક મુશ્કેલીઓ: પેટમાં ગૅસ થાય, બેચેની રહે, થાક લાગ્યા કરે વગેરે. દવાઓ કરીને થાકયા. સદ્ભાગ્યે એમના કુટુંબના સ્નેહી એક સાધુમહારાજ એમને ત્યાં આવ્યા. એમણે એક ચમત્કારિક જડીબુટ્ટી આપી અને આજે એ અફસર અભિમાનપૂર્વક કહે છે કે ૬૮ વર્ષે પણ એમનું શરીર 'Fit as Fiddle' છે. એ જડીબુટ્ટી કઈ? શીર્ષાસન ને હલાસન. સાધુમહારાજે આ બે જ આસનો એમને શીખવ્યાં અને એ અફસરનું શરીર સુધરી ગયું.

યોગાસનના પ્રત્યેક આસનની શરીરનાં વિવિધ અંગ તથા જ્ઞાનતંતુઓ પર જે અસરો થાય છે તે વ્યક્તિગતરીતે વિચારીને જો કરવામાં આવે તો રોગમુક્તિ અને તંદુરસ્તીને માટે એનાથી ચડિયાતી બીજી કોઈ જડીબુટ્ટી જગતમાં નથી.

—દામુભાઈ શુક્લ

૭ : બકાસન

આ આસન કર્યા પછી શરીરનો દેખાવ બગલાને મળતો થતો હોઈ આને બકાસન કહે છે.

આસનની રીત ને તેના ફાયદા લોલાસન જેવા જ છે; એટલે શરૂઆતમાં જેમને પદ્માસન ન ફાવે તે આ આસન કરી એનો લાભ મેળવી શકે છે.



પગના પંજા એકબીજાની પાસે આવે એવી રીતે જમીન ઉપર ઊભડક બેસો. હવે હાથના પંજા જમીન ઉપર ગોઠવો. પગને હાથની પાછળ રાખો. કોણીની ઉપરના હાથના સ્નાયુઓ ઢીંચણની લગભગ પાસે આવે એવી રીતે હાથના પંજા વચ્ચે એકાદ ફૂટનું અંતર રાખો, અને ઢીંચણોને પણ એકબીજાથી રહી શકે એટલા દૂર રાખો. પછી શ્વાસ સ્થિર કરીને આખા શરીરને પંજા ઉપર ઉઠાવો. ડોકને થોડી આગળ નમાવેલી રાખો અને હાથપગ ધ્રુજે નહિ એવી રીતે શરીરને સ્થિર રાખો એટલે બકાસન થશે.

શરીરને એકદમ ઉપાડશો તો આગળ ગબડી પડશો અને નાકે વાગશે. બધાં જ આસનો ધીમેધીમે કરવાનું કદી ભૂલવું નહિ.

છે એમ કહે છે, પણ એમાં તારે ગુમાવવાનું શું છે? જ્યારે તારે લીધે હું વગોવાઉં છું એમાં તો આપણે કેટલું બધું ગુમાવવાનું છે...

રવજી: (પ્રવેશી) સાહેબ, થાળી પીરસી છે.

ગુલાબરાય: હા, ચાલો. (ઊભા થતાં) જો બેટા, મારી ઇચ્છા તો ધીમેધીમે તને ટ્રસ્ટના વહીવટમાં રસ લેતો કરવાની છે. શેઠ ગાંડાભાઈ ઘેલાભાઈના ટ્રસ્ટનો વહીવટ બાપાએ મરતાં પહેલાં મને અપાવ્યો, તો આજે પ્રભુકૃપાથી બંગલો, મોટર, જમીન બધું છે. બાપા પાસે વારસામાં આપવા રાતી પાઈ નહોતી. પણ એમની આબરૂ ઘણી મોટી હતી. એટલે ગાંડાભાઈ શેઠને કહીને આ ટ્રસ્ટનો વહીવટ એમણે મને અપાવ્યો એ જ એમનો મોટામાં મોટો વારસો. હવે મારી ઉમર થવા આવી. ટ્રસ્ટના વહીવટનો આ વારસો તું સાચવીને બેસી રહીશને, તો પણ તારે લીલાલહેર છે. જોકે મારી ઇચ્છા તો એથી પણ વધારે છે.

જગદીશ: શી, બાપુજી?

ગુલાબરાય: શેઠ કસ્તુરચંદે વીસ લાખ રૂપિયાનું ટ્રસ્ટ કર્યું છે. એમાં મને ટ્રસ્ટી તરીકે લેવાનો એમનો વિચાર છે. પણ મારાથી હવે બધે પહોંચી વળાતું નથી. પણ તું જો જરાક ધ્યાન આપે તો એ ટ્રસ્ટનો વહીવટ પણ હાથ કરવાની મારી ઇચ્છા છે. એ જો હાથમાં આવી જાય તો ચાર પેઢી સુધી છોકરાંનાં છોકરાં બેઠાં બેઠાં ખાય તો યે ખૂટે નહિ એટલું મૂકતા જવાય.

જગદીશ: પણ એ માટે તો લોકોને પણ એમ લાગવું જોઇએ કે આપણે ખરેખર લાયકાતવાળા મોટા માણસ છીએ.

ગુલાબરાય: હું પણ એ જ કહેતો હતો: ટ્રસ્ટની સંસ્થાઓમાં મારું તૈલચિત્ર તો મેં બધે મુકાવ્યું છે. પણ મારી ઇચ્છા મારું જીવનચરિત્ર લખાવવાની છે. તારો કોઇ સાહિત્યકાર મિત્ર

હોય તો ધ્યાન રાખજે. ચરિત્ર લખવાના સો રૂપિયા કોઇકની પાસે આપણે અપાવી દઈશું.

જગદીશ: (હસતાં) અને મફત છાપી આપે એવો કોઇ પ્રેસવાળો શોધી કાઢીશું, નહિ તો પછી ટ્રસ્ટના ખર્ચે...

ગુલાબરાય: (હસતાં) હં, હવે આવડ્યું.

જગદીશ: પણ બાપુજી, જીવનચરિત્ર લખાવવા માટે તો આપણે જીવનમાં કોઈ મોટી સિદ્ધિ મેળવી હોવી જોઇએ; તો જ શોભેને?

ગુલાબરાય: અરે, દુનિયામાં મોટા થવું હોય તો આમ જ થવાય. વૈતરું કરીને તો સૌ મોટા થાય છે, પણ એની કોઇ કિંમત કરતું નથી. ઓછું કામ કરી પોતાની મેળે જેને મોટા થતાં આવડે એ જ સાચો મોટો માણસ કહેવાય.

રવજી: (ફરી પ્રવેશી) સાહેબ થાળી...

ગુલાબરાય: હા, હા, ચાલો. (બંને જાય છે.)

પ્રવેશ બીજો

[સ્થળ: એ જ. સમય: લગભગ સાડા ચાર મહિના પછી સવારના અગિયાર વાગ્યાનો.]

પ્રબોધ ભટ્ટ: નવના અગિયાર વાગ્યા, છતાં ઇન્ટરવ્યૂનાં અહીં કશાં ઠેકાણાં નથી. મને તો હવે ભૂખ લાગવા માંડી છે. એઈ રવજી, મારે માટે ઠંડુ પાણી લાવ. (સિગારેટ સળગાવી પીએ છે. રવજી પાણી લાવે છે.)

પ્રફુલ્લ શાહ: (પુસ્તક વાંચતાંવાંચતાં એકદમ બોલી ઊઠે છે) ઓહો, શી રસિક નવલકથા છે! સાંભળો, તમને બધાને એક સરસ પૅરૅગ્રાફ સંભળાવું.

મહેન્દ્ર ત્રિવેદી: મને ડિસ્ટર્બ ન કરોને, પ્લીઝ. મને જરા આટલું વાંચી લેવા દો.

હર્ષકાન્ત પરીખ: ઈન્ટરવ્યૂ માટે તે આટલું બધું શું વાંચવાંચ કરો છો, ભલા માણસ?

પ્રબોધ: નવ વાગ્યાના ઈન્ટરવ્યૂ માટે તમે સાડા સાતના આવીને વાંચતા બેઠા છો અને હજુ તમારું વાંચવાનું પૂરું નથી થયું?

પ્રફુલ્લ: અને તમે તો લાયબ્રેરીનો ડિપ્લોમા કોર્સ પણ કર્યો છે.

મહેન્દ્ર: પણ વસાવડા સાહેબ તો જનરલ નૉલેજના કેવાકેવા સવાલો પૂછે છે, ખબર છે?

"હર્ષકાન્ત: મને લાગે છે કે તમે તો છાપાંમાં જાહેરખબર આવી ત્યારનું વાંચવું શરૂ કરી દીધું હશે. હવે છેલ્લી ઘડીએ તો વાંચવાનું છોડો, યાર! જુઓ અમે બધાં કૈં વાંચીએ છીએ?

પ્રબોધ: અમે નહિ તમારી જગ્યા પડાવી જઇએ!

વીરેન્દ્ર દોશી: પણ એ વાંચતા હોય તો વાંચવા દોને બિચારાને! તમે નથી વાંચતા, પણ ઈન્ટરવ્યૂમાં બધું પુછાશે એટલે ખબર પડશે. વસાવડા સાહેબ તો ભલભલાને ઈન્ટરવ્યૂમાં ગોથું ખવડાવે એવા છે.

પ્રબોધ (હર્ષકાન્તને): તમે વાંચતા નથી એનો અર્થ એ તો નથી ને કે વસાવડા સાહેબે બધા સવાલ તમને પહેલેથી કહી દીધા છે?

વીરેન્દ્ર: હા, મને પણ એમ જ લાગે છે.

હર્ષકાન્ત: ડહાપણ કરો છો, તો તમે બંને કેમ વાંચતા નથી?

પ્રબોધ: મારે ક્યાં આ નોકરી જોઇએ છે? હું તો તમારા બધાનું નાટક જોવા આવ્યો છું.

વીરેન્દ્ર: અને મને તો ખાતરી જ છે કે આ નોકરી મળવાની નથી. એટલે હું તો જરા ઈન્ટરવ્યૂની પ્રૅક્ટીસ થાય એ માટે આવ્યો છું.

મહેન્દ્ર: (વાંચતાં) જરા ધીમે વાત કરોને, પ્લીઝ, (મોટરનું હોર્ન સંભળાય છે.)

રવજી: સાહેબની મોટર આવતી લાગે છે. (બધા ઊભા થઈ કપડાં સરખાં કરે છે, કેટલાક હાથરૂમાલ વડે મોં સાફ કરે છે, કેટલાક કાંસકા વડે વાળ સરખા કરે છે.)

પ્રબોધ: ટ્રસ્ટી સાહેબ આવ્યા એટલે હવે અરધા કલાકમાં છુટાશે.

પ્રફુલ્લ: પાએક કલાક મોડા આવ્યા હોત તો નવલકથાનું પ્રકરણ પૂરું થઈ જાત. મારો ઈન્ટરવ્યૂ જરા મોડો આવે તો સારું.

વીરેન્દ્ર: અમે બેઠાંબેઠાં બે કલાક બગાસાં ખાધાં, અને તમે એક નવલકથા વાંચી નાખી!

મહેન્દ્ર: હવે તરત ઈન્ટરવ્યૂ જ શરૂ થશેને? અરે રવજી, મને જરા બાથરૂમ બતાવને.

પ્રબોધ: કેમ ભાઇ, બહુ નર્વસ થઈ ગયા કે?

મહેન્દ્ર: મારાથી તો દરેક ઈન્ટરવ્યૂ વખતે જરા નર્વસ થઈ જ જવાય છે. આ વખતે ય મારો વારો પહેલો આવશે તો તો ખલાસ.

હર્ષકાન્ત: ભલા માણસ, નોકરી મળવાની નથી એની ખાતરી છે, તો પછી આટલા બધા નર્વસ શું કામ થાઓ છો? (મહેન્દ્ર રવજી સાથે જાય છે.) નોકરી ન મળે તો ઘેર ગઈ, પણ અમારી જેમ બેફિકર રહેતાં આવડવું જોઇએ.

[ગુલાબરાય વસાવડા અને હરિદાસ શેઠ પ્રવેશે છે. પાછળ રવજી આવે છે.]

ગુલાબ: કેમ સજ્જનો, સૌ આવી ગયા છો?

કેટલાક: હાજી.

પ્રબોધ: નવ વાગ્યાના.

ગુલાબ: સૉરી હોં. જોકે મેં રવજીને કહી જ રાખ્યું હતું કે અમને આવતાં જરા મોડું થશે. (ખૂણામાં નજર પડતાં) આ સામાન કોનો છે?

પ્રફુલ્લ: પેલા એક મિ. ત્રિવેદીનો; આવે છે હમણાં. (મહેન્દ્ર પ્રવેશે છે.)

ગુલાબરાય: (મહેન્દ્રને) ભાઈ, આ ત્રણ બૅગ ને બિસ્તરો તમારાં છે?

મહેન્દ્ર: હા સાહેબ.

ગુલાબરાય: એટલે તમે બહારગામથી આવો છો? સીધા અહીં જ ઊતર્યા છો?

મહેન્દ્ર: હા સાહેબ. પણ બાર ને વીસની ગાડીમાં હું પાછો જવાનો છું.

ગુલાબરાય: તો પછી આટલા બધા સામાનની જરૂર શી? આ ત્રણ બૅગોમાં શો બધો ખજાનો ભરીને લાવ્યા છો?

મહેન્દ્ર: બધું ઇન્ટરવ્યૂ માટે જ છે સાહેબ. એકમાં મારાં જુદાંજુદાં આઠ સર્ટિફિકેટો છે. આપે ઓરિજિનલ જોવા માટે મંગાવ્યાં છેને? પણ બધાં મજબૂત ફ્રેમમાં મઢેલાં છે એટલે ફ્રેમ સાથે જ લાવ્યો છું.

ગુલાબરાય: અને આ બીજી બૅગમાં?

મહેન્દ્ર: એમાં, સાહેબ, જુદાજુદા દૈનિકો-સામાયિકોમાં છપાએલા મારા લેખો, કાવ્યો, ચર્ચાપત્રો–એની સાત ફાઇલો છે.

ગુલાબરાય: અને આ ત્રીજી બૅગમાં?

મહેન્દ્ર: એમાં સાહેબ, ઈન્ટરવ્યૂ માટે વાંચવાની અગત્યની ચોપડીઓ છે.

ગુલાબરાય: ભલે; તો ભાઇઓ, મહેરબાનો, તમે બધા હવે જરા બહાર બેસશો? અને રવજી, તું ત્યાં બાંકડા પર બેસ, અને જે જે સાહેબનું નામ બોલાય તે તે સાહેબને અહીં મોકલ. (હરિદાસને) બેસો, હરિદાસ શેઠ.

રવજી: જી. (બધા ઉમેદવારો જવા લાગે છે.)

હર્ષકાન્ત: (જતાંજતાં બીજાને) ટ્રસ્ટી સાહેબ બહુ મળતાવડા છે, નહિ?

વીરેન્દ્ર: ને ભલા પણ બહુ છે. જોયું કેટલા બધા ઈન્ફૉર્મલ છે?

મહેન્દ્ર: એમના જેટલું જનરલ નૉલેજ કોઇનું નહિ હોય. (બહાર જાય છે.)

ગુલાબરાય: શેઠ સાહેબ, દસેક મિનિટમાં આપણે ઈન્ટરવ્યૂ પતાવી દઇશું.

હરિ૦: હાસ્તો; વિધિ તો કરવો જ જોઇએને? ના આવડે એવા બબ્બે સવાલ પૂછી પતાવી દેજો.

ગુલાબરાય: તો પહેલાં આપણે પેલા બહારગામવાળાને જ છૂટો કરી દઇએ. રવજી, પેલા મહેન્દ્ર ત્રિવેદીને બોલાવ; અને અંદરથી મારી ફાઇલ તથા ફાઉન્ટનપેન લઇ આવ. (રવજી તેમ કરે છે. મહેન્દ્ર પ્રવેશે છે.)

મહેન્દ્ર: (નમી નમીને બંનેને) નમસ્તેજી, નમસ્તેજી!

ગુલાબરાય: બેસો; તમારો અવાજ કેમ આમ બેસી ગએલો છે?

મહેન્દ્ર: ઈન્ટરવ્યૂ વખતે મારો અવાજ એવો થઈ જ જાય છે, સાહેબ!

ગુલાબરાય: બોલો, જાપાનમાં કેટલાં દૈનિકો અને કેટલાં સામયિકો નીકળે છે?

(અનુસંધાન પૃષ્ઠ ૨૮૨ ઉપર)

[માંદગીનાં મૂળ
હપતો ૪૧મો]

ઓરી અછબડા બળિયા



લેખક
ડૉ. શિવપ્રસાદ

જીવન-સંખ્યા શાસ્ત્ર(Vital Statics)ના અનુમાન મુજબ હિંદમાં થતાં મૃત્યુની અરધોઅરધ સંખ્યા દસ વર્ષની અંદરનાં બાળકોની હોય છે. આના કારણ રૂપ ઝાડા, મરડો ન્યૂમોનિયા, ડિફ્થેરિયા અને ઓરી અછબડા ને બળિયાના રોગો છે. આપણા દેશમાં મૃત્યુ આણનારા દસ સામાન્ય રોગોમાં બળિયાનું સ્થાન ચોથું છે. પહેલા ત્રણ રોગો મલેરિયા, ક્ષય ને કૉલેરા છે તો બાકીના ટાઇફૉઇડ ન્યૂમોનિયા મરડો ઝાડા ઇન્ફ્લુએન્ઝા ને પ્લેગ છે.

પ્રાચીન કાળથી ઓરી, અછબડા ને બળિયાના રોગ આપણા દેશમાં પ્રચલિત છે. એમનાં લક્ષણો અને ચિહ્નો એટલાં તો સ્પષ્ટ છે કે સામાન્ય લોકો પણ એમને આપમેળે પારખી કાઢે છે. હોળી અરસામાં બાળકોને થઇ આવતો કોઇ પણ પ્રકારનો તાવ આ રોગોના કારણે માની લઇ લોકો બાળકોની દવા કરતાં અચકાય છે. એ બીકથી કે રખેને આ રોગોનો 'દેવ' કે 'માતા' દવા કરાવ્યાથી કોપાયમાન થઇ બાળકને ભરખી જાય! ભયમાંથી આપણા દેવોની કલ્પના આકાર પામ્યાનો આ સચોટ પુરાવો છે. આ રોગોની કોઈ દવા છે નહિ ને હજી સુધી શોધાઈ નથી. હજુ એ માનવીને ડારતા રહ્યા છે. ફૂલ જેવા કોમળ બાળ રોગીની રોગ વખતની સતામણી, ચક્ષુનાશ કે ચહેરા ઉપર ખાડાઓની વિકૃતિ, અને આથી યે ભયાનક બાલુડા બાળનું મૃત્યુ આપણને એટલું તો ડરાવનારું ને ભીરુ બનાવનારું નીવડયું છે કે આપણે આ રોગ માટે બળિયા બાપજી કે શીતળા માતા નામનાં દેવદેવીની સ્થાપના કરી છે અને રોગ દરમિયાન આ દેવોના કાલાવાલા ને રોગ માટે એમની પૂજા કરવાનું સ્વીકાર્યું છે. આ માન્યતા આપણામાં એટલી તો જડ ઘાલી બેઠી છે કે જે જમાનામાં ચંદ્ર એ કવિના કાવ્યનો વિષય મટી માનવીના ભાવિ અધિવાસ માટે વિજ્ઞાનીઓના ઉડ્ડયન-પ્રયોગની હકીકત બની ચૂકયો છે ત્યારે પણ આપણા દેશમાં ભણેલાગણેલા લોકો પણ આ રોગો વખતે થતા આડરોગો(complications)ની દવા માટે આનાકાની કરતા રહી બાળ રોગીની પરેશાની, યાતના અને કવચિત્ થતા મૃત્યુ તરફ મોં વકાસી જોતા રહે છે.

બળિયા

દુનિયાભરમાં વ્યાપકપણે ફેલાએલો બળિયા(smallpox શીતળા)નો રોગ હિન્દ, ચીન, ઇજિપ્ત અને મેક્સિકોમાં દર વર્ષે દેખા દે છે. ઇજિપ્તમાં 'મમી'ઓ ઉપરથી પણ નક્કી થાય છે કે ખ્રિસ્તાબ્દના ૧૨૦૦ વર્ષો પૂર્વે ઇજિપ્તમાં આ રોગનો પંજો વીંઝાતો હતો. આનાથી યે પ્રાચીન આ રોગનો ઉલ્લેખ અથર્વ વેદમાં તેને અંગેની પ્રાર્થનાઓમાં જોવા મળે છે. આયુર્વેદમાં મસૂરિકા તરીકે એનું વર્ણન મળે છે.

દુનિયાભરમાં આ રોગ ફેલાએલો હોઈ આબોહવા સાથે એને સંબંધ નહિ હોવાનું સાબિત થાય છે. આખું વરસ રોગનું જોર ચાલતું નથી એ ખુશનસીબી છે, પણ ઋતુ પ્રમાણે એમાં ફેરફાર રહે છે. સમશીતોષ્ણ દેશોમાં શિયાળાના ઠંડા માસોમાં તો ઉષ્ણ કટિબંધમાં શિયાળા પછી તેનું જોર રહે છે. હિંદમાં માર્ચ, એપ્રિલ ને મે મહિનાઓમાં એ વ્યાપકપણે ફેલાય છે. મુંબાઈ રાજ્ય, પંજાબ અને સંયુક્ત પ્રાંતોમાં ચોમાસું નબળું હોય ત્યારે બળિયાના વાવર વ્યાપક બને છે.

બળિયાના રોગને ઉમર જાતિ કે દેશનાં બંધન નથી. કોઇ પણ વયે કોઈ પણ સ્ત્રી પુરુષ કે બાળકને તે થઈ આવે છે, કારણ કે તેની સામે કોઈ કુદરતી પ્રતિરોધ (resistance) નથી. જોકે પ્રતિરોધ ધરાવતી (એટલે કે બળિયા ટંકાવેલી) માતાઓનાં સંતાનો જિંદગીના બે કે ત્રણ મહિના માટે પ્રતિરોધ લઇ જન્મે છે ખરાં. બળિયા ટંકાવ્યા વિનાનાં બાળકોમાં તે ખાસ થઈ આવે છે. તદુપરાંત બળિયા ટંકાવ્યાને લાંબો સમય થવાથી પ્રતિરોધશક્તિ નાશ પામી હોય તેવાં મોટી ઉમરનાંને યે તે થઈ આવે છે, પણ વખતસર ફરી બળિયા ટંકાવ્યાથી રોગ સામે રક્ષણ મળે છે. જર્મની જાપાન ઇંગ્લંડ અને ઓસ્ટ્રેલિયામાં જ્યાં એક વાર ને પછી જરૂર પડયે બીજી વાર બળિયા ટંકાવવાનું ફરજિયાત છે ત્યાં બળિયાના રોગને દેશવટો આપવાનું સુલભ બન્યું છે. આ રોગ ખસૂસ બાળકો ને શિશુઓને થઈ આવે છે. ઉષ્ણ કટિબંધમાં તે યુરોપિયનો અને હબસી જાતિનો ઘાતક છે. દારૂના વ્યસની, સગર્ભા સ્ત્રીઓ ને ચામડીના રોગીઓને આ રોગ થઈ આવવા વધારે સંભવ છે.

ઓરી, અછબડા ને બળિયા થવાનું કારણ જીવાણુઓથી પણ સૂક્ષ્મ એવા વિષાણુઓ (Virus) છે. સાધારણ માઇક્રોસ્કોપથી તો તે દેખાતા નથી, પણ હજારોગણા મોટા કરી દેખાડનાર ઇલેકટ્રોન માઇક્રોસ્કૉપ નીચે દેખાય છે. આ વિષાણુઓ રોગીનાં લોહી ને ચામડી પરનાં ભીંગડામાં હોય છે. તે પોટાશ પરમૅન્ગેનેટ, યુકૅલિપ્ટસ તેલ ને બીજી જંતુઘ્ન દવાઓથી નાશ પામે છે પણ સુકારા(drying)માં તે જીવી જાય છે. સુકાએલાં ભીંગડાં વાટે છેક દૂર દેશો સુધી આ રોગ પહોંચે છે, જ્યાં વરસો બાદ તે ફાટી નીકળે છે. એમાં બળિયા અતિશય ચેપી છે. હળવા રોગથી પીડાતા હરતાફરતા રોગીઓ પણ તેના ફેલાવાના કારણ રૂપ બને છે. સાજા થએલા રોગીના પગના તળિયામાં કોઇ સુકાએલું ભીંગડું રહી ગયું હોય તો તે પણ ચેપના ફેલાવાના કારણ રૂપ બને છે. ચેપ લાગુ પડયા પછી રોગના ફેલાવાને કોઇ પણ બાબત રોકી શકતી નથી. એક વાર બળિયા થયા પછી રોગક્ષમતા પ્રાપ્ત થાય છે.


રોગસંક્રમણ કાળ બાર દિવસનો છે, એટલે રોગીના સમાગમમાં આવ્યા બાદ બારમા દિવસે રોગની નિશાનીઓ દેખા દે છે. શરૂમાં ટાઢ વાઇને ઓચિંતો સખત તાવ (૧૦૧ થી ૧૦૪ અંશ) આવે છે. સાથે માથા ને કમરનો દુખાવો ને વારંવાર ઊબકા ઊલટી હોય છે. મોંનો ભરાવો, ગરમ ને સૂકી ચામડી, બેચેની, અનિદ્રા, અને ઉગ્ર હોય તો બાળકમાં બેશુદ્ધિ ને પુખ્ત વયનાઓમાં સન્નિપાત હોય છે. ચોવીસ કલાકમાં તાવ ૧૦૩ અંશથી વધી ૧૦૫ અંશ થાય છે.

કોક વખત તાવના બીજા દિવસે પ્રોડોમલ દાણા ફૂટી નીકળે છે. વળાં અને શરીરના બીજા ભાગોમાં અળાઈઓ જેવા દાણા દેખા દે છે. આવું જો આખા શરીરે હોય તો રોગનો ભાર વધારે ગણાય.

બળિયાના ખરા દાણા (rash) ત્રીજા દિવસે દેખા દે છે. દાણા એકસામટા નીકળી આવે છે. પ્રથમ તો મોં અને પોંચા ઉપર ઝીણી ફોલ્લીઓ નીકળે છે. પછી દાણા આખા શરીર ઉપર ફૂટે છે. પેટ વળાં અને પગ ઉપર દાણા ઓછા હોય છે. ગલોફાં ગળાં ને કંઠનળી

ચંડીગઢ

એક અદ્યતન સૌંદર્યવાસ્તુ



ઉત્તરે ચિત્રમય પર્વતમાળા અને બે બાજુ રમતી નાની નદીઓની ગોદમાં લહેરાતાં ફળદ્રુપ મેદાનોમાં વસેલું ચંડીગઢ (જુઓ નીચેનો નકશો)

'પણ ચંડીગઢ જેવાં નવાં શહેરો વસાવવાની જરૂર જ શી?' આ પ્રશ્ન જ્યારે ચંડીગઢનું કામ શરૂ થયું ત્યારે ઘણાએ કરેલો. વાત સ્પષ્ટ હતી.

૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે દેશના ભાગલા પડ્યા પછી પંજાબનું પાટનગર લાહોર પાકિસ્તાનમાં ગયું. પૂર્વ પંજાબને નવી રાજધાની શોધવી રહી. સિમલા કાયમને માટે અયોગ્ય હતું કારણકે શિયાળામાં ત્યાં બરફ ખૂબ પડે. વળી જવા-આવવાનો માર્ગ ખર્ચાળ અને પૂરી સગવડવાળો નહિ. અમૃતસર પાકિસ્તાનની સરહદની તદ્દન નજીક, એટલે તે પણ યોગ્ય નહિ. અંબાલા ને જલંધર જેવાં શહેરો ભાવિ વિકાસ માટે શક્તિહીન હતાં. આથી પંજાબને નવા પાટનગરની જરૂરત જણાઈ. બીજું એ પણ કારણ હતું કે પંજાબની લગભગ મધ્યે રાજધાનીની જરૂર હતી જેથી વેપારઉદ્યોગ, શિક્ષણ ને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વેગ પકડે.


આથી મધ્યસ્થ સરકારની સલાહથી પૂર્વ પંજાબની સરકારે પાંચ લાખ માણસો વસી શકે એવું નવું શહેર વસાવવાનો નિર્ણય લીધો.

ઈ.૧૯૫૦માં કાબેલ સરકારી એન્જિનીઅર શ્રી ઈ.એલ. વર્માએ, વિમાની 'સર્વે' (તપાસ) કરીને સિમલાની તળેટીમાં, અંબાલા-રૂપર રોડ પર અને અંબાલા–કાલકા રોડથી પાંચ માઈલ દૂર આવેલું ચંડી મંદિરની નજીકનું આંબાવાડીઓથી ઠેરઠેર છવાએલું મેદાન શોધી કાઢ્યું. ત્યાં નજીકમાં એકે મોટું શહેર ન હોવાથી શહેરનો ભાવિ વિકાસ શક્ય હતો; નવા રસ્તાઓ ચંડીગઢને પતિયાલા, લુધિયાના જેવાં શહેરો સાથે ઘણી સહેલાઈથી જોડી શકે તેમ હતા; દિલ્હી-કાલકા રેલ્વે લાઈન સહેજ વળાંક લઇને ભારતનાં બીજાં શહેરો સાથે તેનો સંપર્ક જોડી શકે તેમ હતી. વળી જમીન પણ ઠીકઠીક સપાટ ને ૧:૧૦૦ના ઢોળાવવાળી હોઈ ગટર વગેરે જરૂરી વસ્તુઓ ઓછા ખર્ચે બની શકે તેમ હતું. કુદરતી પાણીના પુરવઠા માટે પણ આદર્શ સ્થાન છે. ઋતુ પ્રમાણે વહેતી 'સુખ-



નાવ' ને 'પતિયાલી રાવ' નદીઓ પણ અનુક્રમે દક્ષિણ અને પશ્ચિમમાં કુદરતી સરહદ બાંધે છે. પર્વતની તદ્દન નજીક હોવાથી અહીં વર્ષભરમાં લગભગ ૪૫ ઈંચ વરસાદ પડે છે, અને મે જૂન માસ સિવાય વધુ ગરમી પડતી નથી. અને આ બધા ઉપરાંત પથ્થર, રેતી, સિમેન્ટ વગેરે બાંધકામ–સામગ્રી મેળવવાનાં સ્થાનોની એ ઘણું નજીક છે.

સ્થાન નક્કી થઈ ગયા પછી નગર-નિર્માણ-(ટાઉન પ્લૅનિંગ)નું કાર્ય પ્રથમ તો ન્યૂ યૉર્કના શ્રી આલ્બર્ટ મેયરને સોંપાયું. શ્રી એમ. નૉવિક તેમના સહાયક હતા. શરૂઆતમાં સારું એવું કાર્ય એમણે કર્યું પણ ખરું. પરંતુ વિમાની અકસ્માતમાં તેમનું અવસાન થવાથી અને શ્રી મેયરના ખયાલો ઘણા ખર્ચાળ હોવાથી પંજાબ સરકારને બીજા સ્થપતિની જરૂરત જણાઈ. આથી મુખ્ય એન્જિનીઅર શ્રી વર્મા અને મુખ્ય વ્યવસ્થાપક શ્રી થાપરે યુરોપ અમેરિકાના બધા જગનામી સ્થપતિઓની મુલાકાતો લીધી અને અંતે જગતના સ્થપતિઓમાં અભિનવાચાર્ય ગણાતા, ફ્રાન્સના વિખ્યાત



આધુનિક ભારતના પ્રગતિમાન વિચારોની સાથે પગલાં પાડતી એક યોજનાબદ્ધ અને કલાત્મક નગર-રચના

લેખક · રમણીક પરમાર

[લેખકે મોકલેલા, વધુ નિરૂપણ કરતા ફોટોગ્રાફો આ અંકની આર્ટપ્લેટ ઉપર]

*

વાસ્તુસ્થપત્યવિદ્દ શ્રી લ કોર્બુઝીઅર-Le Corbusier-ને એ કામ સોંપાયું.

નવા શહેરનું મંડન અને નિર્માણ કરવું એ હિંમત અને જીવનશક્તિનું કામ છે. આજે વીસમી સદીના મધ્ય ભાગમાં આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિનું વિકેન્દ્રીકરણ થતું જોઇએ છીએ. લાંબા સમયથી દબાએલા કચડાએલા રહેલા દેશો પણ હવે વિશ્વની નવી રચનાના ભાગીદાર બન્યા છે; અને આ કાર્યમાં પૂર્વ ને પશ્ચિમના દેશોના હાદ એકબીજાને મળી રહ્યા છે. પૂર્વ અને પશ્ચિમના મિલનની આ સમજ પર પંડિત નેહરુએ ચંડીગઢ માટે પશ્ચિમના સ્થપતિની પસંદગી કરી. બીજું કારણ એ પણ હતું કે સ્થાનિક ને ભૌગોલિક સ્થિતિને અનુરૂપ થવા સાથે ઓછા ખર્ચે ને અદ્યતન દૃષ્ટિથી નિર્માણ કરવાની અત્યારના સ્થાપત્યની જે ખાસિયત છે તેનો લાભ લેવો. ચંડીગઢના સાહસિક સ્થાપત્યમાં આ દૃષ્ટિ પૂર્ણરીતે વિકાસ પામી છે.

૧૯૫૨ના ફેબ્રુઆરીમાં કોર્બુઝીઅર પોતાના ત્રણ સહાયકો-ફ્રાન્સના બીજા જાણીતા સ્થપતિ શ્રી પી. જ્યાનરેટ તથા અંગ્રેજ સ્થપતિ યુગલ મેક્સવેલ ફ્રાય તથા તેમનાં પત્ની જેન ડ્ર્યુ સાથે ભારત આવ્યા. આ ચાર સિવાય બાકીના બધા જ ભારતના આર્કિટેક્ટો અને એન્જિનીઅરોની મદદથી કાર્યનો આરંભ થયો. શ્રી વર્માએ જ્યારે સમગ્ર કાર્ય કોર્બુઝીઅરને સમજાવીને કહ્યું કે આ યોજના માટે પૈસા ઘણા થોડા મળી શકે તેમ છે, ત્યારે કાર્બુઝીઅરે કહ્યું, 'ઓછા પૈસા હોવા એ વસ્તુ તો સ્થપતિ માટે સારી કહેવાય. એથી અભિનવ વસ્તુઓનું સર્જન શક્ય બનશે.'

ઉત્તરે ચિત્રમય પર્વતમાળા અને બે બાજુએ રમતી નાની નદીઓવાળો, ને ઠંડી હવાની તાજગીમાં શેરડીનાં ખેતરોથી લહેરી રહેલા, એવા કસૌલીના ટેકરીઓની તળેટીમાં આવેલો બાર ચોરસ માઈલના વિસ્તારના આ વિશાળ ભૂમિપ્રદેશ કોર્બુઝીઅરે નિહાળ્યો. સ્વપ્નને સ્વરૂપ આપવા જેવી બીજી કોઇ પણ રોમાંચક વસ્તુ ખરા સર્જક પાસે નહિ હોય. વાસ્તુમંડનાચાર્ય, સ્થપતિ, કલાકાર, શિલ્પી ને વળી કવિ-એવા કોર્બુઝીઅરે જીવનશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ચંડીગઢની નગરરચના શરૂ કરી.


માણસની પ્રાથમિક જરૂરિયાતો હવા, પ્રકાશ, તડકો, વનસ્પતિ, ખુલ્લી જગ્યાઓ, શાંતિ, નિકટતા, સ્વતંત્રતા ને સૌંદર્ય છે. સ્થાપત્યમાં આ વસ્તુઓ જીવન અને કાર્ય તથા શારીરિક, બૌદ્ધિક અને આત્મિક વિકાસના મથાળા નીચે આવી જાય છે. શહેરને કોર્બુઝીઅર શરીરની સાથે સરખાવે છે. શરીરમાં જેમ માથુ-મગજ એ આખા શરીર પર કાબૂ રાખનારી વસ્તુ છે તે રીતે શહેરમાં સરકારી વિભાગો, જેવા કે હાઇકોર્ટ, સેક્રેટરીએટ, ધારાસભાગૃહ વગેરે અમલ ચલાવનારી વસ્તુઓ તેનું મગજ હોઈ તેમનું સ્થાન ઊંચુ હોવું જોઇએ. આથી ચંડીગઢમાં સરકારી કચેરીઓ વગેરેને સર્વોચ્ચ સ્થાન આપ્યું ડાબી બાજુએ યુનિવર્સિટી ને કૉલેજો આવેલી છે. સામાજિક જીવનનાં કેન્દ્રો જેવાં પબ્લિક હૉલ, કલબ વગેરે હૃદયને સ્થાને છે, જ્યાં સર્વ માન્યતાના લોકો ભેગા મળે ને વિચારોની આપલે કરે. શરીરના જુદાજુદા ભાગોને જોડતી ધોરી નસો જેવા રસ્તાઓ શહેરના બધા જ ભાગોને એકબીજા સાથે સાંકળી દે છે પેટનું કાર્ય, અલબત્ત, મુખ્ય બજાર કરે છે. સેક્ટર નં. ૧૭ એ ચંડીગઢનું પેટ છે જ્યાં પાણી, ગટર અને વિદ્યુત ત્રણે એકત્ર થએલાં છે!


સર્વત્ર સંકળાએલો રહેતો છતાં લોકોની સંપૂર્ણ સહીસલામતી જાળવતો વાહનવ્યવહાર એ શહેરની મુખ્ય જરૂરિયાત છે. આ માટે ભારે ગતિએ જતાં વાહનોથી માંડી છેક પગે ચાલતા શહેરીઓની ગતિની ક્રિયાનું વર્ગીકરણ કરવું જોઇએ. જો આ બધી ગતિઓ ભેગી થઇ જાય તો અકસ્માત ને અવ્યવસ્થા વધી જાય. આ દૃષ્ટિએ વિચાર કરીને, જુદાજુદા સાત પ્રકારની સડકો અહીં બનાવવામાં આવી છે. અરધાઅરધા માઈલના અંતરે ભારે ગતિએ જતાં વાહનો માટેના રસ્તાઓ એક દિશામાં બનાવ્યા છે ને એ રસ્તાઓને કાટખૂણે પોણાપોણા માઇલના અંતરે બીજા રસ્તા બનાવ્યા છે. એની વચ્ચે જે ાાા×ાાા માઈલની ચોરસ જગ્યા બની તેને 'સેક્ટર' નામ આપ્યું છે. ચંડીગઢમાં આવા કુલ ૨૯ સેક્ટરો રચ્યાં છે, જે દરેકમાં લગભગ ૨૫૦ એકર જમીન આવેલી છે ને તેમાં ૧૫,૦૦૦ લોકો રહી શકે એટલી સગવડ છે. રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ બધી સેક્ટરમાં જ સૌને મળી રહે એવી વ્યવસ્થા રાખી છે.


આ જરૂરિયાતોના બે ભાગ પાડી નાખવામાં આવ્યા છે: (૧) પ્રવૃત્તિ અને કાર્ય તથા (૨) વિરામ અને આનંદપ્રમોદ. આ માટે દરેક સેક્ટરને મધ્યમાંથી એક રસ્તા વડે બે ભાગમાં વહેંચી એ રસ્તા પર દુકાનો, સ્થાનિક ઑફિસો, સિનેમા, ગરાજ, ગૃહઉદ્યોગ જેવા નાના ઉદ્યોગનાં સ્થાનકો આદિ રાખ્યાં છે. વળી દુકાનો વગેરે પણ સીધાં જ રસ્તા પર ન પડતાં


*

નીચે: ઇંટોની વિવિધ રચનાઓ વડે યોજેલી અસંખ્ય જાળીઓ પૈકીની એક; તદ્દન નીચે: એક સેક્ટરના મુખ્ય બજારનું વિહંગદૃશ્ય.









આગળ ખુલ્લી જગ્યા છોડી દઇ સામે પહોળો ફૂટપાથ રાખેલો છે જેથી લોકો નિરાંતે ત્યાં થોભી શકે તેમ ચાલી પણ શકે. ફૂટપાથની નીચે સાઇકલ તથા રિક્ષા જેવાં ધીમી ગતિએ જતાં વાહનોનો રસ્તો રાખેલો છે.


સેક્ટરની લાંબી બાજુ પર મધ્યમાં ખુલ્લી જગ્યા રાખી તેમાં નિશાળો, રમતનાં મેદાનો, આરોગ્ય-કેન્દ્રો તથા વૃક્ષછાયાવાળા રાહદારી રસ્તાઓ યોજ્યા છે; અને અંદરના ભાગમાં સ્વતંત્ર સ્થાનિક રસ્તાઓ પર ઘરોની રચના છે. ભારે ગતિએ જતાં વાહનોના માર્ગથી આ સ્થાન ઘણું દૂર છે. સેક્ટરની અંદર ફરતાં સ્થાનિક વાહનો સિવાયનાં બીજાં વાહનોની ધમાલ સેક્ટરમાં હોતી નથી. ભારે ગતિવાળાં વાહનોના રસ્તાઓ શકયત્યાં દીવાલો ચણીને અલગ પાડી દીધા છે અને ત્યાં ફૂટપાથો રાખેલી જ નથી. તેના પરનાં આઠ બસ-સ્ટૅન્ડ પર પહોંચવાના નાના માર્ગ સિવાય બીજી કોઈ રીતે નાગરિક એ રસ્તા પર પહોંચી શકે તેમ નથી. આ યોજનાનો સૌથી મોટો ફાયદો એ કે શહેરના ધમાલિયા અને ઘોંઘાટવાળા વાતાવરણથી લોકો બિલકુલ મુક્ત રહેશે.

વહીવટી મથક 'કૅપીટૉલ', વ્યાપારકેન્દ્ર, યુનિવર્સિટી, ઉદ્યોગો વગેરે શહેરની મુખ્ય પ્રવૃત્તિઓ સ્વતંત્રરીતે કાય કરી શકે ને વિકસી શકે તે માટે તેમના અલગ અલગ સેક્ટર્સ બનાવ્યા છે. ઔદ્યોગિક કેન્દ્ર દૂર રાખ્યું છે જેથી શહેરનું વાતાવરણ કલુષિત ન થાય; છતાં સરળ રસ્તા અને રેલથી તેને બીજાં સ્થળો સાથે જોડી લીધું છે. ત્યાં તેલની મિલો કે નાની ફૅકટરી જેવા લઘુ-ઉદ્યોગો જ કરી શકાશે. ભારે ઉદ્યોગો ચંડીગઢમાં રાખીજ નહિ શકાય, કારણ કે તેને ઔદ્યોગિક નગર બનાવવાનું નથી. વળી આ ઉદ્યોગ-વિભાગને ૩૦૦થી ૫૦૦ ફૂટ પહોળા વૃક્ષઘટાના પટ્ટા વડે શહેરથી જુદો પાડી દીધો છે જેથી શહેરની હવા પર પણ તેની કોઈ માઠી અસર ન થાય.


ચંડીગઢના સ્થાપત્યની ખાસ તરી આવતી ખાસિયત તે તેની 'વેન્ટીલેશન' (હવા અજવાળાની) સોઈ કરવાની વિવિધ પદ્ધતિ. એ માટે આપણે ત્યાં સદીઓથી ચાલ્યો આવતો જાળીનો ઉપયોગ અહીં બહોળા પ્રમાણમાં કરાયો છે. ઉત્તર ભારતનાં ઘરોમાં જાળી તો સામાન્ય વસ્તુ છે. એનો મોટો ફાયદો એ કે તે સૂર્યનાં કિરણોને અંદર આવતાં રોકે છતાં હવા ઘરમાં આવી શકે છે. શ્રી જ્યાનરેટે આ વસ્તુને ધ્યાનમાં લીધી ને ઇંટોની વિવિધ રચનાથી કિસમકિસમની જાળીઓ બનાવી આ માટે પ્રથમ તે ઈંટના માપના લાકડાના નાના ટુકડાઓ ગોઠવી જાળીઓની રચના કરતાં ને પછી સૂર્યની દિશામાંથી ઍટરીને પ્રકાશ ફેંકી સૂર્યનાં કિરણોની અસર પણ નોંધતાં. ચંડીગઢમાં તેમણે ઈંટની જાળીની એટલી બધી આવી ડિઝાઈનો યોજેલી છે કે ત્યાંના મદદનીશ સ્થપતિ શ્રી પ્રભાળકર તો કહે કે મિ. જ્યાનરેટની ઇંટની જાળીઓ પર એક નાનકડી ચોપડી સહેજે લખી શકાય!


એવી જ અહીંની બીજી ખાસિયત તે 'સન બ્રેકર'. રહેઠાણનું નાનું મકાન કે હાઇકોર્ટ જેવું મોટું મકાન હોય, તેમાં દરેક જગ્યાએ 'સન બ્રેકર' પર ભાર અપાયો જ છે. હાઇકોર્ટના મકાનમાં તો કદાચ એકેએક પ્રકારના સન-બ્રેકરનો ઉપયોગ કર્યો છે. મકાનની જરૂર અને

મથાળે: ડાબી બાજુ: એક વસવાટ-કેન્દ્ર; અકસ્માત અટકાવવા રસ્તા વળાંકવાળા કર્યા છે; જમણી બાજુ: જાળી, સનબ્રેકરવાળી બારીઓ ને ખુલ્લા વરંડાવાળું મકાન; નીચે ડાબી બાજુ: એવું જુદી ડિઝાઇનનું ગૃહ; જમણી બાજુ: અઢી હજારના દરમાયાવાળા હાઇકોર્ટ જજનો આવાસ











પ્લાસ્ટરવાળી દીવાલોને પડછે ખરબચડા પથ્થરોનું ચાંધકામ, અને જાળીની તકતીઓ તથા ચોરસ ચોકઠાંવાળા સનબ્રેકરની પ્રમાણભારવાળી નવતર રચનાથી ભાતીગળ બનેલો મોટો આવાસ ડાબી બાજુ છે; જમણી બાજુ ૫૦૦ થી ૭૦૦ના પગારદારના ઘરનું અદ્યતન ઢબનું દીવાનખાનું


અનુકૂળતા પ્રમાણે ઊભા, આડા, ખૂણે પડતા કે ચોરસ ફ્રેમ રૂપી સન બ્રેકર મૂકેલા છે.


'કૅપિટૉલ કૉમ્પ્લેક્સ' (સરકારી મકાનોનો સમૂહ) એ કોર્બુઝીઅરની નિજી ડિઝાઈન છે. હાઈ કોર્ટ, સેક્રેટરીએટ વગેરે સરકારી કચેરીઓથી બનેલો આ સેક્ટર (નં. ૧) આખા શહેરને રૂપ આપે છે. અહીંનાં મકાનોમાં કોર્બુઝીઅરે કેટલાંક નવાં જ સ્વરૂપો સર્જ્યાં છે. ચાર માળના હાઇકોર્ટના મકાનનું 'પૅરેસૉલ' (છત્રી) જેવું છાપરું દીવાલથી એકદમ છૂટું જ રહેલું હોય તેમ લાગે છે. ૨૬ ફૂટ બહાર આવતી તેની નેવ-eaves આખા મકાનનું સૂર્યના તાપ ને વરસાદથી રક્ષણ કરે છે. પ્રવેશ ખંડ–entrance hallમાં પરવલય–parabla આકારની કમાન–vault ખુલ્લા વિશાળ ખંડનું આચ્છાદન કરે છે. મકાનની ઊંચાઈ જેટલી જ ઊંચાઈ આ ખંડની છે. મકાનની બીજી બધી બાજુઓ કિસમકિસમની ડિઝાઈનમાં રચેલા સન બ્રેકર્સથી આચ્છાદી દીધી છે. સન-બ્રેકર્સની અંદરની બાજુએ કાચનાં બારીબારણાંથી જડેલી છે કે જેથી અંદરના ભાગનું ધૂળ અને હવાથી રક્ષણ થાય. જુદી-જુદી ડિઝાઈનની કાચની એ બારીઓ ઓરડાની છેક છત સુધી પહોંચતી કરેલી છે અને છેક ઉપરની બારીઓ ઉઘાડ-વાસ કરી શકાય તે માટે ઘણાખરા ઓરડામાં નાની સીડીઓ રાખી છે. અંદરનું દરેક જાતનું ફર્નિચર પણ કોર્બુઝીઅરે આપેલી ડિઝાઈન પ્રમાણે જ બનાવેલું છે. ન્યાયાધીશના આસનો પાછળની દીવાલ 'ઍબ્સ્ટ્રૅક્ટ આર્ટ'થી ચીતરેલી છે, જેમાં સમાનતા, ન્યાય વગેરેની ભાવસંજ્ઞાઓનો સમાવેશ કરેલો છે. મકાનની બનાવટી છત -artificial ceiling આખા મકાનને એક

જમણી બાજુ: પંજાબ એન્જિનીઅરિંગ કૉલેજનું મકાન, જે એ પ્રકારનાં મકાનોમાં હિંદભરમાં શ્રેષ્ઠ બન્યું છે. નીચે ડાબી બાજુ: બે જાતના સનબ્રેકરવાળા નીચલી કક્ષાના નોકરોના જોડિયા વસવાટ; જમણી બાજુ: એક અમલદારના ઘરની અનોખી સ્થાપત્યરચના દર્શાવતો વરંડા. બારીની આસપાસ ઊંડાં ચોકઠાં, અને બહાર ખસી આવતાં ઈંટ, પથ્થર કે સિમેન્ટના બ્લૉક, એ સનબ્રેકરના બે પ્રકાર છે. તેનાથી ભીંત ઉપરનો પ્રકાશ ભંગાઇને આંખ અંજાતી અટકે છે ને સૂર્યપ્રકાશ મર્યાદિત બને છે, છતાં શિયાળામાં તેનાથી ગરમી રોકાઇને ઓછી થતી નથી.









જાળીનો એક બીજો પ્રકાર

છેડાથી બીજા છેડા સુધી બાંધી દે છે.

બે માળ વચ્ચે સીડીને બદલે ઢોળાવવાળા રસ્તા–રૅમ્પ (ramp) એ કોર્બુઝીઅરનાં મકાનોની બીજી ખાસિયત છે. વળી તે કૉંક્રીટને પ્લાસ્ટર કરી લીસી સપાટી ન આપતાં તેના કુદરતી સ્વરૂપમાં જ તેને રહેવા દેવામાં માને છે. આથી તેનાં મકાનો ઘણી વાર અધૂરાં લાગે છે. અમદાવાદના મ્યૂઝિયમ (સંસ્કાર-કેન્દ્ર) જેવું નવું મકાન જોઇને લોકો પૂછે છે કે આ પૂરું ક્યારે થવાનું?! કોર્બુઝીઅર આ માટે એવું કારણ આપે છે કે દરેક વસ્તુને પોતાનું મૂળનું અથવા તો 'નગ્ન સૌંદર્ય' હોય છે એ અસલીઅતને ન છુપાવતા તેના મૂળ રૂપે માણવી જોઇએ. બીજું એ કે કૉંક્રીટની ખામીઓ પ્લાસ્ટર કરીને છુપાવી નહિ શકાય. એની આંતરિક ખામી હશે તો પ્લાસ્ટર ઉપર વાળ જેવી તિરાડો પડી દેખાવ બગડશે જ. ઉપરાંત કૉંક્રીટ ઉપર આવું બિનજરૂરી પ્લાસ્ટર નહિ કરવાથી ખર્ચ પણ ઓછો થઈ શકે.

હાઇકોર્ટની સામે જ આવેલા આઠ માળના સેક્રેટરીએટના મકાનનું, સન-બ્રેકર્સથી છવાએલું સંમુખદર્શન front elevation મકાનની વિશાળતાનો ખયાલ આપે છે. અહીં પણ કોર્બુઝીઅર 'રૅમ્પ'નો ઉપયોગ ભૂલતા નથી. હાઇકોર્ટ અને સેક્રેટરીએટની વચ્ચે ઊભેલી વ્યક્તિ જ્યારે ઉત્તર બાજુએ હિમાલયની સૌમ્ય પર્વતમાળા નિહાળે ત્યારે સ્વાભાવિક રીતે જ બાકી રહેલી દક્ષિણ બાજુ પર પણ કંઈ સુંદર વસ્તુ જોવા ઇચ્છે જ. આ બાજુ પર બનાવટી ટેકરીઓની રચના કરીને તેણે સૌંદર્યતરસી આંખોને સંતોષી છે.


શહેરનાં બીજાં મોટા ભાગનાં મકાનોની ડિઝાઈન જ્યાનરેટની છે. કોર્બુઝીઅરે જ્યાનરેટની પસંદગી એટલા માટે કરી કે લીગ આવ નેશન્સનાં મકાનો જેવાં મોટાં કામોમાં એ બંનેએ સાથે કામ કરેલું હોઈ જ્યાનરેટ તેની ભાવના બરોબર સમજી શકે. વળી કોર્બુઝીઅર પારીસ છોડી ભારતમાં રહી શકે તેમ ન હતું એટલે તેની ગેરહાજરીમાં જવાબદાર વ્યક્તિ તરીકે તે અહીં રહી શકે.

જ્યાનરેટની કાર્યપદ્ધતિ કાર્ય-કારણના સંબંધથી હમેશાં સંકળાએલી હોય છે. સરકારી નોકરોનાં બધાં મકાનો, નિશાળ, ફ્લૅટ, દવાખાનાં, હોટેલ, દુકાન, ઑફિસ વગેરે દરેક જાતનાં મકાનોની તેણે ચંડીગઢમાં જે ડિઝાઈનો આપેલી છે તે સર્વ તે તે મકાનની જરૂરિયાતનો વિચાર કરીને તથા મકાનનો અત્યારનો ને ભવિષ્યનો ઉપયોગ, આબોહવા, મકાન બાંધવાની સ્થાનિક સામગ્રી વગેરે કોયડાઓ ઉકેલીને સાથે સસ્તું બાંધકામ કરવાનો ખયાલ નજરમાં રાખીને આપી છે. ચંડીગઢનાં મકાનોની ડિઝાઈન નક્કી કરવામાં કિંમત એ પણ મુખ્ય વસ્તુઓમાંની એક છે. જો કે એટલા જ ખર્ચમાં બીજા આર્કિટેક્ટોની ડિઝાઇનો પ્રમાણે બંધાએલાં મકાનો પણ ત્યાં છે. છતાં જ્યાનરેટનાં મકાનો બધાંથી જુદાં જ તરી આવે છે.

ચંડીગઢમાં એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે ઓછી કિંમતે પણ વપરાશની વધુ જગ્યા મળે. એક ચપરાશીના ઘરમાં પણ પાણી, વીજળી અને ગટરની સગવડ છે. આ ઘરોમાં બે રૂમ, વરંડો, રસોડું, બાથરૂમ ને જાજરૂની સોઈ છે. વળી ઉત્તર ભારતની આબોહવા ને રિવાજ પ્રમાણે અહીં ખુલ્લી છતાં મર્યાદાવાળી સૂવાની જગ્યા હોવી જરૂરી છે. આ માટે ઘરની પાછળના ભાગમાં વંડી ચણીને બંધ કરેલો ખુલ્લો ચોક આપ્યો છે.

સરકારી નોકરો માટેનાં ઘરો 13 જાતનાં છે. જેમાં રૂ. ૩.૨૫૦ના ચપરાસીના ઘરથી માંડીને છેક પ્રધાનના રૂા. ૭૫,૦૦૦ના આવાસ સુધીનો સમાવેશ થાય છે. એ દરેક પ્રકારને પોતપોતાની ખાસિયત તથા વ્યક્તિત્વ છે. વળી આ દરેક શ્રેણીનું ભાડું પણ પ્રમાણબદ્ધ સસ્તું ઠરાવવામાં આવ્યું છે: દરેકના વેતનના દસમા ભાગ જેટલું.

સાદી ને સસ્તી વસ્તુને પણ અહીં સુંદર ઉપયોગમાં યોજી છે. ઈંટના કિસમકિસમના ઉપયોગ ઉપરાંત ખુરશીના પાયા અને હાથા માટે તેણે સાદા વાંસનો ઉપયોગ કરીને તેમાં બેઠકને સ્થળે પાટી ભરી લીધી છે. પોતાના ઘરમાં ઝાડના થડની પાતળી ગંડેરીને છૂટી ગોઠવેલી ઈંટો પર મૂકી ટિપોઇ કે નાનું ટેબલ બનાવી દીધું છે! તે માને છે કે વારસાગત



હાઇકોર્ટમાં જજના આસન પાછળનું પ્રતીકાત્મક ચિત્રકામ

ભારતના સુંદર કળાઓ તો ગામડામાં જ છે; પરંતુ જ્યારે આ ગ્રામવાસીઓ શહેરમાં આવે છે ત્યારે કૅલેન્ડર અને સિનેમાનાં પોસ્ટરો પરનાં બીભત્સ ચિત્રોથી તેઓ આકર્ષાય છે.

નિશાળ, ઑફિસ વગેરે ઉપરાંત ધારાસભ્યોની હોસ્ટેલ તથા એન્જિનીઅરિંગ કૉલેજ પણ ધ્યાન ખેંચે એવાં મકાનો છે. ઈંટ અને પથ્થર જેવી ખરબચડી સામગ્રીના પ્લાસ્ટર જેવી લીસી સપાટી સામે વિરોધાભાસ ઉત્પન્ન કરવામાં તે સુંદર ઉપયોગ કરે છે.

સ્થપતિ મૅક્સવેલ ફ્રાઈએ ડિઝાઈન કરેલી 'માઉન્ટ વ્યુ' હોટેલ ભારે છાપ પાડે તેવું મકાન છે; ને નાનકડા છતાં સુંદર 'કિરણ' થીએટરની ડિઝાઇન પણ ફ્રાઈની જ છે. તેની પત્ની (મિસ જેઈન ડ્રયુ)એ પ્રસૂતિગૃહની રચના કરી છે. તેના કામમાં સ્ત્રીસહજ નાજુકતા દેખાઇ આવે છે. મકાનના જુદાજુદા ભાગોનું આયોજન અને દીવાલો પરની રંગયોજના જોતાં લાગે કે જાણે કોઈ સ્ત્રી ઊન લઇને ગૂંથી રહી છે!

ચંડીગઢના સ્થાપત્યની આ ખૂબીઓની સાથેસાથે કેટલીક ટીકાઓ પણ જાણવા જેવી છે. કેટલાક કહે છે કે હવા ઉજાસ માટે અપનાવેલા વિચારો નવા તો છે જ, પરંતુ આથી મકાનો 'કલામય' દેખાતાં નથી. પણ સૌંદર્ય એ સાપેક્ષ વસ્તુ છે. વળી આંખને ગમે એ 'સૌંદર્ય' હોઈ શકે 'સત્ય' નહિ. ચંડીગઢનું સ્થાપત્ય તો સત્ય—વાસ્તવિકતાને અનુસરી રહ્યું છે. ઘણા એમ પણ કહે છે કે જાળીઓ, સન બ્રેકરો અને દીવાલની બહાર નીકળતી ઈંટો પર ધૂળ ભેગી થાય છે. વાત તો ખરી; પણ શું ઘરની એટલી કાળજી લેવી જરૂરી નથી? શરૂશરૂમાં તો અહીંનાં ઘરો જોઇ લોકો કહેતા

'યહ તો કબૂતરખાના હૈ! યહાં કૌન રહેગા?' હવે રહ્યા પછી એ કહે છે, 'આખિર યે બૂરે ઘર તો નહીં હૈ!' અને આ જ લોકો કદાચ ભવિષ્યમાં વખાણે તો નવાઇ નહિ.

કોર્બુઝીઅરની વિરુદ્ધ પણ ઘણા લોકો ઘણું કહે છે. પણ તે જો કોઈ નવી વસ્તુ અપનાવે છે તો તે સ્પેશિયાલીસ્ટની સલાહ લઈને જ અપનાવે છે. હાઇકોર્ટના મકાનમાં વરસાદનું પાણી ભેગું કરી ધોધ રૂપે નીચે પડે એવી જે યોજના કરી છે તેના માટે તેણે જાણકાર એન્જિનીઅરની સલાહ લીધેલી અને તેનો ખર્ચ પોતાની ગાંઠમાંથી આપેલો. તેનો મિજાજ ગરમ છે તે તો તેણે આખી જિંદગી સ્થાપત્યની દુનિયા સામે લડવામાં કાઢી હોવાને કારણે છે, કેમકે પરંપરાગત પ્રણાલિકાઓથી એકદમ વિરુદ્ધના વિચારનો તે છે.

નવી દિલ્હીની રચના જ્યારે ઈંગ્લંડના સ્થપતિઓ લટયન્સ ને બેકર કરતા હતા ત્યારે બીજા કોઈને પણ પોતાના જ્ઞાન કે કાબેલિયતનો પ્રયોગ રૂપે યે ઉપયોગ કરવાની છૂટ ન હતી; જ્યારે ચંડીગઢ ભારતના જ યુવાન સ્થપતિઓ ને એન્જિનીઅરોની સહાયથી તૈયાર થયું છે.

યુરોપના લોકોને વળી એ વાતની નવાઈ લાગે છે કે અહીં મકાનો વચ્ચેનું અંતર વધુ-પડતું છે; પણ આ જગ્યા નકામી નથી રહેવાની. કોર્બુઝીઅરમાં રહેલો શિલ્પી આ વિશાળ જગ્યામાં ઊંચોનીચો ભૂમિપ્રદેશ, મોટાં તળાવડાં, લીલી હરિયાળીઓ, બનાવટી ટેકરીઓ ને છૂટાંછવાયાં વૃક્ષોની રચના કરે છે.

આ માટે પચીસ એકર જમીનમાં એક નર્સરી ઊભી કરવામાં આવી છે જ્યાં બસો જાતના એક લાખ છોડ તૈયાર કરાયા છે.

તેણે યોજેલાં વિવિધ પ્રતીકોની રચનામાં 'ખુલ્લા હાથ'નું પ્રતીક હાઇકોર્ટના મકાનમાં અભિપ્રેત છે. આ પ્રતીકનો સ્વીકાર કરતાં શ્રી વર્માએ કોર્બુઝીઅરને કહેલું, "અમારે ત્યાં 'રામ ભરોસે' શબ્દ છે. તે માણસની નિતાન્ત શ્રદ્ધા બતાવે છે. અમે નમ્ર લોકો છીએ. અમારી પાસે વીંઝવા માટે બંદુકો નથી કે મારવા માટે અણુશક્તિ નથી. 'ખુલ્લા હાથ'નું તમારું તત્ત્વજ્ઞાન ભારતને સંપૂર્ણપણે અસર કરશે... અમારું તત્ત્વજ્ઞાન પણ 'ખુલ્લા હાથ'નું છે. ચંડીગઢ નવા વિચારોનું ધામ બને!"

મુએં-જો-ડેરો અને જયપુર જેવાં આ રીતે યોજનાપૂર્વક રચાએલાં શહેરોએ તો તે સમયની ભૌતિક અને આધ્યાત્મિક સ્થિતિ રજૂ કરી છે જ; તો હવે જોઈએ કે ચંડીગઢ પણ આ હેતુ પૂરો પાડે છે કે નહિ.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષે માહિતી આપતો વિભાગ



જાપાનની નવી ટિકિટો: તાજેતરમાં જાપાન ખાતે ભેલાએલા ઑલિમ્પિક ક્રીડાંગણના સ્મરણમાં બહાર પાડેલી ચાર. તથા ગઈ ૨૦મી એપ્રિલે ઊજવાએલા ટિકિટસંગ્રહ સપ્તાહ નિમિત્તે બહાર પડેલી એક મોટી પૂર્ણરંગી ટિકિટ. પહેલી ટિકિટ પર ઑલિમ્પિકના વિશાળ સ્ટેડિયમનું ચિત્ર તથા બીજી પર તેનાં પ્રતીકો(જલતી મશાલ, એકબીજામાં ગુંથાએલી કડીઓ, વિજયપલ્લવની ડાળી અને જાપાનના ઊગતા સૂર્ય)ની સાથે 'એવર ઑનવર્ડ'નું સૂત્ર અદ્યતન શોભનશૈલીથી આલેખ્યાં છે. બીજી બેમાં લાંબી દોડ અને તરવાનાં ચોટદાર ચિત્રો છે.



વેસ્ટ ઈન્ડીઝના ડોમિનિકાના પ્રજાસત્તાકની આ ટિકિટ પર રાણીના મહોરાની સાથે જે સાદડી ગૂંથતી ત્યાંની વતની બાઈનું ચિત્ર છે તેનો મૂળ ફોટો એ ટિકિટ સાથે અહીં આપ્યો છે. ૧૯ વર્ષની વયની એ સિન્થીઆ ટૉમસ ત્યાંના પાટનગર રોઝૉની 'નન્સ ઈન્ડસ્ટ્રિયલ સ્કૂલ'માં જે શોભનમંડિત સાદડી ગૂંથતી એમાં બતાવી છે તે એ પ્રદેશની વિશિષ્ટતા ગણાય છે.





રશિયાએ અવકાશમાં છોડેલા ત્રણ સ્પુટનિકના સ્મરણમાં બહાર પાડેલી ટિકિટો પર આ એક સરખું આલેખન છે, જે સ્પષ્ટ છે. જમણી બાજુ: ગઈ ૨૮મી માર્ચે બહાર પડેલી પૂર્વ આફ્રિકાની આ ટિકિટમાં ટિકિટની કિંમત દર્શાવતા સેન્ટના c અક્ષરની નીચે બીજી ટિકિટોની માફક ટપકું મૂકવું રહી ગયું છે, આ ભૂલથી એનું મૂલ્ય કદાચ વધી જવા સંભવ છે. – (મોકલનાર રામુભાઇ દવે, મિવાની, કેનિયા)


કલાવાર્તા



અમેરિકન હબસી શિલ્પી ગૅક એમ. ગ્રીન અને તેણે ઢાળેલું નેહરુનું ધાતુશિલ્પ

કળામાં અતિક્રમણ

મદ્રાસની Y.M.C.A. કૉલેજમાં શારીરિક શિક્ષણના ફુલઆઈટ લેક્ચરર તરીકે કામ કરતા શ્રી મૅક એમ. ગ્રીન નામે એક અમેરિકન શિલ્પીએ ભારતમાંના 'યુનાઇટેડ સ્ટેટ્સ એડ્યુકેશનલ ફાઉન્ડેશન'ના આશ્રય નીચે વડા પ્રધાન નેહરુનાં બે શિલ્પ કર્યાં છે. તે પૈકીનું એક તેમના ખરેખરા માપનું ને હૂબહૂ વાસ્તવદર્શન આપનારું છે, જ્યારે બીજું અતિપ્રમાણ અને રૂઢ રૂપનું બનાવ્યું છે. એમ કરવામાં એમનો આશય પૂછતાં એમણે જણાવ્યું કે 'માનવીનું આંતરિક વ્યક્તિત્વ કાંઈ ઇંચ અને સેન્ટીમીટરનાં ચોક્કસાઇભરેલાં માપથી વ્યક્ત કરી શકાતું નથી, તેમ તેને માપની મર્યાદામાં સમાવી શકાતું નથી. મેં આ બે શિલ્પ એટલા માટે કર્યાં કે નેહરુ જેવી મહાન વ્યક્તિથી મારામાં પ્રકટેલી ઊર્મિને હું પહેલા હૂબહૂ શિલ્પમાં પૂરી સમાવી શક્યો નહિ. આજના શિલ્પીઓ પોતાની આંતરિક ઊર્મિને વ્યક્ત કરવા ઘણી વાર આમ એક કરતાં વધુ શિલ્પો સર્જે છે. પહેલી કૃતિમાં હૂબહૂ દર્શન પકડી લઇને પછી પોતાના ઊર્મિઆવેગને પૂરી છૂટથી વ્યક્ત કરવા માટે તેને રૂઢ રૂપમાં અતિક્રમે છે. આજથી પચાસેક વર્ષ પર યુરોપના કલાકારોને લાગ્યું કે પ્રશિષ્ટ (ક્લાસિકલ) ગણાતી કૃતિઓની પેઠે કોઈ પણ વસ્તુને તેના માત્ર 'આબેહૂબ', 'સારા' અને 'સુંદર' રૂપમાં ઉતારવામાં સાચું કલાસર્જન નથી થતું, પણ કોઈ વસ્તુ કે વ્યક્તિ કે જીવન વિષે પોતાના મન પર જે 'છાપ' પડે તે છાપને ઉતારવામાં અનુભૂતિની સાચી અભિવ્યક્તિ છે: પછી તે છાપ હૂબહૂ કે રૂપાળી ન પણ હોય.



કળાના કોડભર્યા આચાર્ય મણિભાઈ વ્હોરા

(રવિશંકર રાવળ)

ઈ. ૧૯૨૯માં બીમારીને કારણે બી.એ.ની પરીક્ષામાં પાસ ન થયા ને ઘરના વ્યવસાય તથા જીવનસંગ્રામની ભીંસમાં ઝલાયા, એટલે ધીરજ ને મહેનતથી છેક ૩૦ વર્ષ પછી બાવન વર્ષની ઉમરે બી.એ.ની પરીક્ષા આપી સફળ થયા, એવા અણનમ, આગ્રહી ને સંકલ્પશીલ એક શાળાશિક્ષક આજે આચાર્ય તરીકે પોતાની સંસ્થાનો ભાર વહતાંવહતાં શિલ્પરચનામાં પણ મૌલિક સર્જનો કરી નિજાનંદને વ્યક્ત કરી રહ્યા છે, એ જાણી કેળવણીમાં કળાનું સાહચર્ય શોધનાર તો ધન્યવાદ જ વરસાવે.

સાધારણ મધ્યમ વર્ગના માણસનું જીવન, પોરબંદરમાં હજાર ઉપરની સંખ્યાવાળી મિડલસ્કૂલનું સંચાલન, ને ઘર આગળ કુટુંબના વડીલ તરીકેની જવાબદારી કોઇના પણ સર્જનકાર્ય ઉપર ભારણ નાખી દે; છતાં સચોટ અવલોકનશક્તિ, વાચન અને અનુભવથી સંસ્કાર પામેલી કળાવૃત્તિ જ્વાળામુખીની જેમ બહાર નીકળ્યા વિના રહી ન શકી. એ પોતે લખે છે: 'જ્યારે દુઃખ કે ઉચાટ થાય ત્યારે કાગળો, રંગીન પેન્સિલો અથવા મીણમાટી લઇને બેસી જાઉં, અને કંઈક કરવા આગળાં ચલાવું. એમ સંસારનું ઝેર ઉતારવામાં મારી કળા ઔષધ બની જાય છે અને બાળકના ઉત્સાહથી મારી કૃતિઓ બનાવવામાં તન્મયતા ને આનંદ અનુભવું છું.' અનેક જાતનાં વ્યાવહારિક રોકાણો છતાં કણબણ જેમ મોડી રાત્રે નવરી થઈને હીરમોતીનાં ભરત ભરે છે તેમ તેઓ પોતાની કૃતિઓ પૂરી કરે છે.

આસપાસના સ્વાભાવિક લોકજીવનની લીલામાંથી તેમની કૃતિઓ સ્વરૂપ પામી છે. અવલોકન ને સ્મૃતિબળના આધારે તેઓ માત્ર ભાગ્યે જ વેંતના માપની આ માનવ આકૃતિઓમાં વાસ્તવિકતાની તસ્વીર સાથે ખરા ભાવોને ગર્ભિત કરી શક્યા છે. શિલ્પાલેખનમાં જરા પણ ગોલમાલ કર્યા વિના









મુખમુદ્રા, વસ્ત્રો, અને અંગભંગી પ્રાણપૂર્ણ સચ્ચાઇનું દર્શન કરાવે છે.

'સરમણઆતો'(શ્રમણદાદા)ખભેધાબળો ને હાથમાં કડિયાળી ડાંગ રાખી,ભેટમાં ગોઠણ બાંધીને નિરાંતે હુક્કો ખેંચતાં દૂર ચરતાં ધણ પર નજર રાખી બેઠા છે. સીમની એકાદ ઊંચી ટેકરી પર બેઠેલા મેરનું પાત્ર યાદ આવે છે.

'કાંધા ભગત' ખભે ચડાવેલી દૂધની કાવડ ડાબે હાથે સમતોલ રાખી બેરખો ફેરવતા વગડાને પંથે ડગ ભરે છે ત્યારે જમણા હાથે પકડેલી કુહાડી પણ વાતો કરતી લાગે છે. માથે દરબારી ઢબની પાઘ ને કાનનાં કોકરવાં જોઈ ગામડાની બજારે દેખાતું રોજનું પાત્ર લાગે.

નાગ પર લક્ષ રાખી ઉભડક બેસી મોરલી બજાવતા 'મદારી'ના શિલ્પમાં આણેલો આતુરતાનો ભાવ ખૂબીદાર સમતોલ સાધનાર કળાકારની શક્તિનો ખયાલ આપે છે.

એમનું ઓજાર કેટલી ઝીણવટ ઉતારી શકે છે તે સ્વ. રામરાવના એક સ્કેચ પરથી શિલ્પમાં ઉતારેલી રબારણોમાં દેખાય છે.

આમ એમની નજર તો સૌરાષ્ટ્રનાં લુપ્ત થતાં માનવીઓને સાકાર રાખવા મંડાઈ લાગે છે. એમની કૃતિઓ પાછળ કોઈ સંગીન અભ્યાસક્રમની પૂર્વપીઠ નથી. અંતરના ઉમંગની પ્રેરણા અને જ્યાંજ્યાં કળાકારનો સમાગમ



કે સાથ મળે ત્યાંથી મધુકરની માફક સંચય કરીને પોતાનો અનુભવ ને કૌશલ વધાર્યાં છે. કૃતિઓ નાની અને પહેલ પાડ્યા વિનાની લાગે પણ તેની પાછળની નજરમાં કલાકારની ઊર્મિ અને આકર્ષણ જણાય છે.

પોરબંદરના એક શિષ્ટ કલાકાર શ્રી નારાયણભાઈ ખેર તેમના નિકટના મિત્ર છે. એ કલાકારે પારીસની ઍકેડેમી જોઈ છે, કલાનાં ઊંચાં ધોરણો સમજે છે. એમના સમાગમથી શ્રી મણિભાઈની મૌલિકતા અને સર્જનશક્તિ સચેત રહેતાં હશે જ.

પણ એમની કલાવૃત્તિનાં મૂળ તો બાળપણમાં બરડા પંથકમાં વીસાવાડા ગામના ગંગાજળિયા તળાવની પાળના કીચડમાંથી તે શાળાનાં બીજાં બાળકો સાથે રમકડાં બનાવતા ત્યાં પહોંચે છે. તેમના પિતાશ્રી પુરુષોત્તમભાઈ અભિજાત આદર્શ શિક્ષક હતા. એમણે શાળાજીવનની આસપાસ ઇતર પ્રવૃત્તિઓ ખીલવીને સમાજમાં સંસ્કારજળ પહોંચાડ્યું હતું. હજી આજે પણ બરડાનાં માણસો એ 'પરસોતમ માસ્તર'ને યાદ કરે છે. આવા પિતા ને ગુરુની બેવડી છાયામાં ગામડાનો વસવાટ મણિભાઈની જિંદગીનું ભાથું બની ગયાં છે.

હાથનાં દસ આંગળાંથી થતો સર્જનશક્તિનો વિકાસ અને વિલાસ માણસજાતની અનેક ક્રિયાઓમાં સમૃદ્ધિ અને સંસ્કાર પૂરી શકે છે તેનું પૂરું મહત્ત્વ આપણા શિક્ષણશાસ્ત્રીઓ સમજીને ક્યારે તેને પૂરેપૂરું સ્થાન આપશે? પ્રાચીન મથુરા, કૌશંબી અને અનેક પુરાતન ખંડેરોમાંથી મળેલાં માટીનાં રમકડાં ભારતનાં માનવીઓની સર્જનશક્તિના ઉત્ક્રાંતિક્રમનાં સાક્ષી છે. શ્રી મણિભાઇ જેવા શિક્ષકો આ દિશામાં ઘણું સાહિત્ય આપી શકે.

ભારતનાં વિશ્વવિદ્યાલયોની ધ્યાનમુદ્રાઓ

ભારત સરકારના શિક્ષણખાતાના 'ઑડિયો વિઝ્યુઅલ એકમ' તરફથી તાજેતરમાં બહાર પડેલા આલેખ પરથી તેમના સૌજન્યથી.

પહેલી હાર: **આગ્રા** યુનિવર્સિટી–સ્થાપના ૧૯૨૭; વિદ્યાનાં સૂચક કમળ તથા પુસ્તક, ને પ્રકાશના પ્રતીક સૂર્ય સાથે જાણીતો મુદ્રાલેખ; **અલીગઢ** (૧૯૨૧) બીજનો ચંદ્ર ને ખજૂરીનું ઝાડ ઇસ્લામનાં પ્રતીક છે, ખુલ્લી કિતાબ જ્ઞાનનું સૂચક છે. મુદ્રાલેખ તરીકે લીધેલી કુરાનની સુરાનો અર્થ થાય છે: 'માણસ નહોતો જાણતો તે જ્ઞાન તેને ખુદાએ આપ્યું.' **અલ્લાહાબાદ** (૧૮૮૭)–પ્રયાગના ગંગાયમુનાના સંગમ ઉપર વિશાળ શાખાઓ ફેલાવેલા વટવૃક્ષના પ્રતીક સાથેના લૅટિન મુદ્રાલેખનો અર્થ છે 'તેમની શાખાઓ જેટલાં જ વિપુલ વૃક્ષો છે'. **આંધ્ર** (૧૯૨૬)–આંધ્રદેશ રૂપી સરોવરમાંથી પ્રકટતા શ્રી ને સરસ્વતીના કમળ પર વિશ્વવિદ્યાલયનો સૂર્ય પ્રકાશે છે. મથાળે આર્યોનું પ્રતીક સ્વસ્તિક અને બે ફણેના નાગ મહાભારતની પ્રાચીન પ્રણાલીના દ્યોતક છે. કિનાર પરની ૬૪ કમળ-પાંદડીઓ ૬૪ કળાઓની સૂચક છે ને મુદ્રાલેખનો અર્થ છે: 'અમારો અભ્યાસ પ્રકાશમાન થાઓ.'

બીજી હાર: **અન્નામલાઇ** (૧૯૨૯)–વીણા ને નારિયેળીનું વૃક્ષ તેના સ્થાપકના મુદ્રાચિહ્નમાંથી, ને હાથી તથા કમળ આની માતૃસંસ્થા મદ્રાસ યુનિવર્સિટીના ધ્યાનચિહ્નમાંથી લીધાં છે. તેના સ્થાન ચિદમ્બરમનું સૂચક ગોપુરમ છે. મુદ્રાલેખ છે: 'હિંમત અને શ્રદ્ધા સાથે'. **બનારસ** (૧૯૧૬)–પ્રણવમંત્ર ૐની આકૃતિમાં સરસ્વતી નદીને તીરે બેઠેલાં વીણાધારિણી દેવી સરસ્વતી પાસેનો તેનો વાહન હંસ તે વિદ્યાર્થીનો પણ સૂચક છે. મુદ્રાલેખનો અર્થ છે: 'વિદ્યાદ્વારા અમરત્વ પામો.' **બિહાર** (૧૯૫૨)–જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણનો સમન્વય કરતી આ મુદ્રામાં કમળને પ્રકાશ-



માન કરતો સૂર્ય, બોધગયામાં બોધિ પ્રાપ્ત કરતા બુદ્ધ ને સરોવરમાં તરતા હંસ એ સર્વ જ્ઞાનના પ્રતીક છે; ચંપારણમાં આવેલા લૌરિયા નંદનગઢનો અશોકનો સિંહસ્તંભ, શેરશાહની કબર તથા જમશેદપુરનું લોખંડનું કારખાનું એ કર્તવ્યનાં સૂચક છે, અને લોમેશમુનિની ગુફા પાસે જ્ઞાન પ્રાપ્ત કરતાં શિષ્યો ભક્તિનાં. મુદ્રાલેખ સ્પષ્ટ છે. **મુંબાઈ** (૧૮૫૭) આદ્ય સ્થાપક લૉર્ડ એલ્ફિન્સ્ટનના મુદ્રાચિહ્નમાંથી લીધેલાં ડુક્કરનાં માથાં મથાળે છે. પુસ્તક વિદ્યાનું પ્રતીક છે, અને પૂર્વીય ઢબનો મુકુટધારી સુવર્ણસિંહ ભારત અને ઈંગ્લંડના તત્કાલીન સંબંધોનો સૂચક છે.

ત્રીજી હાર: **કલકત્તા** (૧૮૫૭)–બહારની પીતવર્ણી કિનાર ધરતીની, અંદરની લીલી પટ્ટી આશાની ને સૂર્યબિંબમાં પૂર્ણ વિકસિત કમળ બૌદ્ધિક તથા આધ્યાત્મિક જ્ઞાનની સંજ્ઞાઓ છે. મુદ્રાલેખ સ્પષ્ટ છે. **દિલ્હી** (૧૯૨૨)–હાથી ડહાપણ ને અકલમંદપણાનું પ્રતીક છે. કલા ને સૌંદર્યના પ્રતીક કમળની વચ્ચે જ્ઞાનનો સૂચક ગ્રંથ યોજ્યો છે. એ બંનેની વચ્ચે સર્પાકાર લીટીઓથી સ્થાનિક યમુના નદી દર્શાવી છે. મુદ્રાલેખ 'સત્યમાં દૃઢ નિષ્ઠા' પ્રબોધે છે. **ગૌહત્તી** (૧૯૪૮)–દીપ-જ્યોત જ્ઞાનની સૂચક છે ને રાજ્યમુદ્રાના સિંહ ચારિત્ર્યબળનાં દ્યોતક છે. મુદ્રાલેખમાં ઉપનિષદ્-વચન છે. **ગુજરાત** (૧૯૫૭)–દૃઢ પરંપરાના દ્યોતક બે સ્તંભ ઉપર ટેકાએલી ગુજરાતી સ્થાપત્યની વિશિષ્ટ કમાનની નીચે વિદ્યા ને કળા બંનેનો પ્રતીક મોર કળા કરી નાચે છે. કમાનમાંથી લટકતો દીપક જ્ઞાનનું પ્રતીક છે અને મથાળે બે પડખે વીજળી તથા અણુશક્તિનાં વર્તુલો પ્રતિભાના ચમકારા દર્શાવે છે. મુદ્રાલેખ તરીકેનું ગીતાવચન ઉગ્ર કર્તવ્યકર્મ પ્રબોધે છે.

ચોથી હાર: **જાદવપુર** (૧૯૫૬)–બૌદ્ધિક માનસિક અને આધ્યાત્મિક વિકાસની દ્યોતક ત્રણ શિખાઓવાળો દીપક એ જ્ઞાનનું પ્રતીક છે. કિનારા બાંધતી કમળપાંખડીઓ કલા ને સંસ્કારની સૂચક છે. **જમ્મુ-કાશ્મીર** (૧૯૪૮)–કાશ્મીરની વિશિષ્ટતા દાખવતું ચીનાર વૃક્ષ તે છાયા અને આશ્રયનું, પુસ્તક જ્ઞાનનું, અને મશાલ માર્ગદર્શનનું સૂચન કરે છે. મુદ્રાલેખ તરીકેના જાણીતા સંસ્કૃત વાક્ય જેવો જ અર્થ અરેબિક પંક્તિનો પણ થાય છે. **કર્ણાટક** (૧૯૫૦)–જ્ઞાનસૂચક કમળપાંદડી-



એ વચ્ચે યુનિવર્સિટીના દ્યોતક મંદિરની છાયામાં બેઠેલા નંદી, સિંહ અને હાથી, અનુક્રમે હૃદયની નિર્મળતા, શક્તિ ને મહત્ત્વાકાંક્ષા તથા ગૌરવ ને સ્વમાનના પ્રતીક છે. 'વિદ્યા એ કામધેનુ છે' એ સંસ્કૃત મુદ્રાલેખની સાથેસાથ 'વિદ્યા અનંત કલ્યાણની સાધક છે' એવો કન્નડ મુદ્રાલેખ પણ છે. **લખનૌ** (૧૯૨૧)-જ્ઞાનસૂચક દીપકની સાથે હિંદુ પુરાણોમાં પવિત્રતાની સંજ્ઞા રૂપ ગણાએલા બે મત્સ્ય બે બાજુ છે. અંગ્રેજી મુદ્રાલેખ સ્પષ્ટ છે.

બીજા પાના ઉપર–પહેલી હાર: **મદ્રાસ** યુનિવર્સિટી (૧૮૫૭)-સાવધતા ને શક્તિના પ્રતીક વાઘની સાથે હાથી એ શક્તિ તથા બુદ્ધિનું, અને કમળ સંપત્તિ તથા કીર્તિનું ચિહ્ન છે. મુદ્રાલેખ લાટિનમાં છે. **મહારાજા સયાજીરાવ (વડોદરા)** ૧૯૪૯—સરોવરમાંથી ફૂટતું પૂર્ણ વિકસિત કમળ ભૌતિક વસ્તુઓથી પર વિકસતા મનનું દ્યોતક છે. તેમાંથી પ્રકટતી જ્યોત એ ઊગતી પેઢી માટે જ્ઞાનપ્રકાશ ફેલાવતી માનવજ્ઞાન-જ્યોત છે. મુદ્રાલેખ તો જાણીતો છે. **મ્હૈસૂર** (૧૯૧૬)-બે ચાળીની વચ્ચેની ઢાલ પર મધ્યમાં આલેખેલું છે વિજયનગરના મહારાજ્ય તથા પાછળથી મ્હૈસૂરના રાજ્યની મુદ્રા પર અંકિત બે મોંવાળું ગરુડ 'ગંડભેરૂંડ'. તે હિંમત, ધર્મ, સત્ય અને વફાદારતાનું અનન્ય પ્રતીક મનાયું છે. તેની નીચેનો મુદ્રાલેખ પણ ધર્મ, હિંમત અને સત્યનો બોધ કરે છે. **નાગપુર** (૧૯૨૩)-નાગપુરના નામનો શ્લેષ કરતો નાગ અને તેની પાછળનું ખુલ્લું પુસ્તક બંને જ્ઞાનનાં દ્યોતક છે. મુદ્રાલેખ સ્પષ્ટ છે.

બીજી હાર: **ઓસ્માનિયા** (૧૯૧૮)-વચ્ચે તેના નામનો અરબી પ્રથમાક્ષર; મથાળાની પટ્ટીમાંના પયગમ્બર સાહેબના વચનનો અર્થ થાય છે: 'હું જ્ઞાનનું શહેર છું અને અલી તેનો દરવાજો છે.' **પટણા** (૧૯૧૭)-બોધિવૃક્ષ, સત્યનું ખુલ્લું પુસ્તક, ગંગા નદીનું વહેણ અને મુસ્લિમોના હિતસંબંધનું દ્યોતક ખજૂરી વૃક્ષ તથા રણરેતીના ઢગ; નીચેની ફીતમાંના લાટિન મુદ્રાલેખનો અર્થ છે 'દેખાવા ચાહું તેના કરતાં ખરેખરો જ તેવો બનું એ બહેતર.' **પૂના** (૧૯૪૮)-પેશ્વાના દરબારગઢ શનવારવાડાના મકાનની નીચેનું ખુલ્લું પુસ્તક તથા મુદ્રાની ચોમેરની કમલની રેખાકૃતિ, બંને જ્ઞાનનાં પ્રતીક છે. વેગ અને વિક્રમ એ બે ગુણના સૂચક બે અશ્વ, તથા નીચે પડેલી બંને

તલવારો શિવાજીથી સંબંધિત છે. ડાબા-જમણાં બે નાનાં વર્તુલોમાં શિવાજીનો રાયગઢ કિલ્લો ને પૂનાની પર્વતી ટેકરી છે. મુદ્રાલેખનો અર્થ છે: 'જે ક્રિયાવાન છે તે જ સાચો પંડિત છે.' **પંજાબ** (૧૯૪૭)-જ્ઞાનસૂચક સૂર્ય નીચે સતલજ અને જેલમ બે નદીઓનાં વહેણ ને તેની નીચે પોથીમાં 'તમસોમાજ્યોતિર્ગમય.'

ત્રીજી હાર: **રાજપુતાના** (૧૯૪૭)-સદ્‌ગુણ ને કર્તવ્યનો ધર્મમાર્ગ નિર્દેશતું ધર્મચક્ર, જ્ઞાનનું દ્યોતક પુસ્તક અને અજ્ઞાન અંધકાર ફેડતો દીપક:મુદ્રાલેખસ્પષ્ટછે;**રૂડકી**(૧૯૪૮) –બહારના વર્તુળમાં બે પડખેનાં બે પાનાં(સ્પેનર) સંપ ને શક્તિનાં સૂચક છે. તેની અંદરનું વર્તુળ વિદ્યુતરેખા દર્શાવે છે, અને મધ્યમાં યંત્રના ચક્રમાંથી ફૂટતી દર્શાવેલી જ્વાળાઓ સર્વવ્યાપી શક્તિની પ્રતીક છે. કાટખૂણો અને ઓળંબો, એ યાંત્રિક તથા ઈજનેરી કામમાં આવશ્યક ચોક્સાઈ, સમતુલા તથા સપ્રમાણતા દર્શાવે છે. મુદ્રાલેખ સ્પષ્ટ વંચાય છે. **સાગર**(૧૯૪૬)–સાગરનાનામનોશ્લેષકરતાં, ભારતને આવરી લેતાં જ્ઞાનસાગરનાં મોજાં વચ્ચેથી માર્ગદર્શક પ્રકાશ ફેંકતી દીવાદાંડી તેના સ્થાનક મધ્યપ્રદેશમાંથીનીકળતીદર્શાવી છે. **શ્રી વ્યંકટેશ્વર**(૧૯૫૪)-વ્યંકટેશ્વરપ્રભુનું આયુધ 'ચક્ર' મથાળા પર ધારતી ઢાલમાંનાં હાથીનાંમસ્તક તથા કમળ આ યુનિવર્સિટીની માતૃ-સંસ્થા મદ્રાસ યુનિવર્સિટીનાં પ્રતીકો છે. નીચે દર્શાવેલી સાત ટેકરીઓ તે વ્યંકટેશ્વર પ્રભુના ધામ તિરૂપતિની ટેકરીઓ છે. મુદ્રાલેખ સ્પષ્ટ વંચાય છે.

ચોથી હાર: **શ્રી નાથીબાઇ દા. ઠાકરશી મહિલાવિદ્યાપીઠ**(૧૯૫૧)–કમલાસનસ્થ 'પ્રજ્ઞા'વિદ્યાની દેવીતેમજસંસ્કારમંડિત સ્ત્રીનું પ્રતીક છે. આગળનો જ્ઞાનનો દીપક અને પશ્ચાદ્‌ભૂમાંથી ફૂટતાં સૂર્યકિરણો અજ્ઞાન અંધકારનાં ફેડનારાં છે. મુદ્રાલેખ: 'સંસ્કૃતા સ્ત્રી પરાશક્તિ.' **ત્રાવણકોર**(૧૯૩૭)–સરસ્વતી ને શ્રી બંનેના દ્યોતક કમળની રેખાકૃતિ વચ્ચે લાકડાની ગ્રંથપીઠ(ઘોડી)પરતાડપત્રની પોથી (જ્ઞાનની સૂચક)છે, ને તેને મથાળે ત્રાવણકોરની રાજ્યમુદ્રામાંનો પવિત્ર શંખ છે. મુદ્રાલેખ સ્પષ્ટ છે. **ઉત્કલ** (૧૯૪૩)–(ઓરિસ્સા)ના ભૂતકાલીન લશ્કરી ગૌરવના પ્રતીકરૂપ કિલ્લો, કૃષિનું સૂચક અનાજનું ડૂંડું, અને વહાણવટાનું દ્યોતક જહાજ–એ ત્રણેની વચ્ચે જ્ઞાનપ્રકાશની સંજ્ઞારૂપ પુસ્તક તથા દીવો યોજ્યાં છે. મુદ્રાલેખ છે 'સત્યં પરમ ધી મહિ'. **વિશ્વભારતી** (૧૯૫૧)–કલાગુરુ નંદલાલ વસુની યોજેલી આ સાદી પણ જોરદાર ધ્યાનમુદ્રામાં આલેખેલા સ્વસ્તિકતથા વચ્ચેના કમળમાં તેમજ અક્ષરોના લઢણમાં આપણા પરંપરાગત શિલ્પ તથા લિપિની સાચી સાંસ્કૃતિક પ્રાચીનતા ઊતરી છે.

[આ ઉપરાંત ૧૯૫૫માં સ્થપાએલી આણંદની સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની મુદ્રા હજી નક્કી નથી થઈ; અને ગોરખપુર, જબલપુર, કુરુક્ષેત્ર ને વિક્રમની યુનિવર્સિટીઓ તો ૧૯૫૭-૫૮માં તાજેતરમાં જ શરૂ થએલી હોઈ તેનો પણ આમાં સમાવેશ નથી. આલેખ તૈયાર થયા પછી રાજપુતાના યુનિવર્સિટીનું નામ રાજસ્થાન યુનિવર્સિટી રખાયું છે.]

સાહિત્યસંપર્ક

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ
અભિનવ પ્રકાશન-પ્રકાર

વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિના આ યુગમાં લોકશાહીના નાગરિકે જાણવી જોઇએ એવી મૂળભૂત હકીકતોને, સાવ સાદી પણ રોચક ભાષામાં સમજાવતી, તે તે વિષયના અધિકારી જાણકારો પાસે તૈયાર કરાવડાવાએલી બત્રીસેક પાનાંની પુસ્તિકાઓની એક માળા આ માર્ચ માસથી પખવાડિયે-પખવાડિયે પ્રકટ કરવાનો આ પ્રયત્ન ઘણો જ આવકારપાત્ર છે; અને તેને પ્રોત્સાહન આપવાનું સૌ જાગૃત વાચકોનું કર્તવ્ય પણ છે. શ્રી વાડીલાલ ડગલી જેવા બહુશ્રુત, ઉદ્યમી અને ઉત્સાહી યુવાન એના સંપાદક છે એ જ તેની સફળતાની આગાહીરૂપ છે. જિજ્ઞાસુઓ આ પ્રવૃત્તિનો પૂરો લાભ લે. પ્રત્યેક પુસ્તિકા સાથે તેના લેખકનો ટૂંકો પરિચય પણ આપવામાં આવ્યો છે.

આજ સુધી બહાર પડેલી પરિચય પુસ્તિકાઓ, અનુક્રમે: **વર્તમાનપત્ર કેવી રીતે તૈયાર થાય છે?** (લેખક: અનુભવી પત્રકાર શ્રી રવિશંકર વિ. મહેતા); **લગ્ન: છૂટાછેડા: વારસો**: (લેખક: જ્યોતિર્ધરના તંત્રી શ્રી ગટુભાઈ ધ્રુવ); **બાળકોને વાર્તા કેવી રીતે કહીશું?** (લેખક: સણોસરા 'લોકભારતી'ના અધ્યાપક શ્રી મૂળશંકર મો. ભટ્ટ); **સાચી જોડણી અઘરી નથી** (લેખક: આ માળાના સહસંપાદક શ્રી યશવંત દોશી); **નાટક ભજવતાં પહેલાં** (લેખક: જાણીતા વાર્તા-નાટ્ય લેખક શ્રી ચુનીલાલ મડિયા); **વીજળીની કથા**: (લેખક: શ્રી હર્ષદરાય ભટ્ટ). વાર્ષિક ૮ રૂપિયા (પરદેશમાં ૧૩ શિલિંગ)ના લવાજમમાં (અને છૂટક ૪૦ પૈસામાં) મળતી આ ૨૪ પુસ્તિકાઓ સૌને પરવડે એવી, તથા જ્ઞાનવિજ્ઞાન પ્રાપ્તિના પ્રયત્નને પૂરક વસ્તુ પૂરી પાડતી હોઈ સૌએ તેનો લાભ લેવો જોઇએ. ત્રિવાર્ષિક લવાજમ: ૨૦ રૂપિયા (પરદેશમાં ૩૫ શિલિંગ). પ્રકાશક: પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, ડીસા, (બનાસકાંઠા).

નવજીવન પ્રકાશનમંદિર

બાપુની ઝાંખી: યુગવિભૂતિ ગાંધીજીના નિકટના સાથી કાકાસાહેબ કાલેલકરની, સાદાઈના સૌંદર્યથી મંડિત, રસળતી કલમ દ્વારા આપણને મૂળ હિંદી 'બાપૂકી ઝાઁકિયાં'ના અનુવાદ રૂપે, આ સ્મરણો મળે છે. કોઈ ખાસ ઉદ્દેશપૂર્વક પસંદ નહિ કરાએલાં આ સંસ્મરણો ગાંધીજીના જીવનનું વ્યવસ્થિત કે સંપૂર્ણ દર્શન નહિ આપતાં છતાં તેમના સમૃદ્ધ ને તેજસ્વી જીવનનાં પાસાંઓનું યથાર્થ દર્શન થઇ રહે છે, એ તેની કલાત્મકતા છે. રૂા. ૧.

બાપુની છાયામાં: મૂળ હિંદી લેખક શ્રી બળવંતસિંહના ગાંધીજી સાથેના નિકટના સહવાસનાં સંસ્મરણો–ગાંધીજીના અનેકવિધ જીવનની માનવતાની બાજુનું આબેહૂબ દર્શન કરાવતા પુસ્તકનો અનુવાદ-કરનાર: શ્રી મણિભાઈ ભ. દેસાઇ, રૂા. ૧-૫૦; **ગાંધીજીનો વિનોદ**: પોતાના કામનો ભારે બોજ વિનોદવૃત્તિ દ્વારા હળવો ફૂલ કરી મૂકતા ગાંધીજી કેવું નિર્દોષ, નિર્દંશ ને મુક્ત હસી શકતા તેનો પરિચય આપતા પ્રસંગો–સંપાદક: શ્રી લલ્લુભાઇ મકનજી, રૂ. ૦-૬૫; **મણિબહેન પટેલને**(બાપુના પત્રો-૪): સરદારનાં પુત્રી શ્રી મણિબહેનના જીવનઘડતરમાં તથા તેમની શક્તિઓ રાષ્ટ્રસેવાનાં કાર્યોમાં નિયોજવામાં ગાંધીજીનો જે અગત્યનો ફાળો હતો તે દર્શાવતા, (ગાંધીજીના એ અણછતા રહી ગએલા પાસા પર પ્રકાશ પાડતા) શ્રી મણિબહેનને તેમણે લખેલા પત્રો. રૂા. ૧-૨૫.

બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ: શ્રી વલ્લભભાઇ પટેલને 'સરદાર'નું બિરુદ અપાવનાર, બારડોલીના ૧૯૨૮માં ખેલાએલા, રાષ્ટ્રનાં ગણ્યાંગાઠ્યાં અર્વાચીન ધર્મયુદ્ધો પૈકીના એક, અને ગુજરાતના તો ગૌરવ સમા સત્યાગ્રહનો સ્વ. મહાદેવભાઈ હ. દેસાઈ જેવા અધિકારી લેખકની કલમ દ્વારા મળતો, દસ્તાવેજી કહી શકાય એટલો વિગતપૂર્ણ, સુવ્યવસ્થિત ને સુયોજિત, તથા દૃષ્ટિપૂર્ણ આ ઇતિહાસ વાંચીને શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે લખેલું: 'આધુનિક યુગમાં વિરલ એવું ધર્મયુદ્ધ ચલાવીને આપખુદ સત્તાની પાસેથી ન્યાય મેળવવામાં લોકોએ જે વિજય મેળવ્યો છે તેનું વર્ણન વાંચતાં મહાભારતની ઝાંખી થતી જણાય છે.' રૂા. ૨-૫૦. **સ્ત્રી-પુરુષ-મર્યાદા**:

શબ્દકથા: 'દેવાળું'

'દેવાળું' કે 'દીવાળું' કાઢવું એટલે દેવું ચૂકવવાની અશક્તિ પ્રગટ કરવી. વેપારમાં મોટી ખોટ ગઈ હોય કે દેવું બહુ વધી ગયું હોય ત્યારે દેણદાર વેપારી દેવું ચૂકવવાની પોતાની અશક્તિ મહાજન આગળ જાહેર કરે એટલે તેણે દેવાળું કાઢ્યું કહેવાય છે.

પહેલી નજરે 'દેવાળું'ને 'દેવા' સાથે કશો સંબંધ હશે એમ માનવાનું મન થાય. પણ ગોહિલવાડમાં વપરાતો 'દીવાળું', તેમજ હિંદી 'દીવાલા' ને મરાઠી 'દિવાળેં' શબ્દો 'દીવા' સાથે તેનો સંબંધ હોય એવી એક શકયતા પણ બતાવે છે. અને નાદારી જાહેર કરવાની જે પ્રથા પહેલાં પ્રચલિત હતી તે જોતાં 'દેવાળું'નો 'દીવા' સાથે કેમ સંબંધ હોય તે સમજી શકાય છે.

પહેલાં દીવાળું જાહેર કરવું હોય ત્યારે દેવાદાર વેપારી પોતાની પેઢીની જાજમ કે ગાદી ઊંધી કરી નાખી, તે પર એક ચોમુખો દીવો સળગાવીને મૂકતો હોવાનું જણાય છે. એ જોઇને લોકો તેની સ્થિતિ સમજી જતા. હિંદીમાં આથી જ 'ચૌમુખા દીયા જલાના' અને 'ટાટ ઉલટના' એ પ્રયોગો 'દેવાળું કાઢવું' અર્થમાં પ્રચલિત છે. 'ટાટ' એટલે 'જાજમ' કે 'ગાદી'.

આમ 'દીવાળું' એટલે 'દીવાવાળું'. 'દીવાળી' શબ્દ ઉચ્ચારણમાં આની સાવ નજીકમાં હોવા છતાં તેનું મૂળ 'દીપાવલિકા' એટલે કે 'દીવાની હાર' છે. 'દીપ'માંથી સધાયેલા હોવા છતાં અર્થમાં બંને એકબીજાથી કેટલા દૂર છે!

—હરિવલ્લભ ભાયાણી

સ્ત્રી-પુરુષ-સંબંધ વિષે આજના જમાનામાં ભૌતિક દૃષ્ટિવાળું મબલખ સાહિત્ય છપાયે જાય છે; પરંતુ જીવનશુદ્ધિના સ્વચ્છ ને નિર્દોષ આદર્શોને ગૃહસ્થાશ્રમની પવિત્રતા અને બ્રહ્મચર્યાશ્રમની મોક્ષ માટેની અનિવાર્યતાની ભૂમિકાએ ચર્ચતું, આપણા ગંભીર વિચારક, નિઃસ્પૃહ લેખક ને ઉત્કટ શ્રેયાર્થી શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાએ લખેલું પ્રસ્તુત પુસ્તક, એ વિષય પરના છૂટક લેખોનો સંગ્રહ હોવા છતાં વિરલ ને મનનીય સામગ્રી પૂરી પાડે છે. કાકાસાહેબ કાલેલકરે 'આમુખ'માં યથાર્થ જ કહ્યું છે કે 'કિશોરલાલભાઈએ રજૂ કરેલો આદર્શ માનસશાસ્ત્રની ને હિંદુ આદર્શની દૃષ્ટિએ શાસ્ત્રશુદ્ધ ને વ્યવહાર્ય છે, અને તેથી જ એ સાર્વભૌમ થવાને લાયક છે. આદર્શ ને વ્યવહાર બંનેની કસોટી લગાડી તેમણે સમાજહિત બરાબર સચવાય એવી મર્યાદાઓ મૂકી છે.'

ગીતાધર્મ: 'જે પોતાને જ માટે રાંધે છે તે પાપી લોકો પાપ ખાય છે' એવી સમાજલક્ષી નીતિ દ્વારા જીવનના વિશાળ સુખનો રાજમાર્ગ ગીતાએ જે ઊંડાણ, વ્યાપકતા અને વિશદતાથી ઉપસ્થિત કર્યો છે તેણે વિશ્વસમસ્તના ચિંતકોને આશ્ચર્યમાં ગરકાવ કર્યા છે. ગાંધીજી અને વિનોબા જેવા જ 'ગીતા-માઇ'ના અદના ભક્ત કાકાસાહેબ કાલેલકરે ગીતાના તે વરેણ્ય સમાજધર્મને પ્રસ્તુત પુસ્તકમાં પારદર્શી ચિંતન રૂપે, સરળ હૃદ્‌ગમ શૈલીમાં નિરૂપ્યો છે. મૂળ મરાઠીનો અનુવાદ, રૂ. ૧-૨૫.

મ. સ. યુનિવર્સિટી વડોદરા

ગુજરાત—એક દર્શન: 'અમદાવાદ–સર્વસંગ્રહ', અને 'ચરોતર–સર્વસંગ્રહ' (તો ખાસ પ્રશસ્ય) જેવા સંદર્ભ-સાહિત્યના પ્રયત્નો આપણે ત્યાં થયા છે, પરંતુ ગુજરાત સમસ્તનો સર્વાંગીણ પરિચય આપતો સંદર્ભગ્રંથ ('રેફરન્સ બુક') કદાચ આ પહેલી વાર બહાર પડે છે. આ ગ્રંથમાં ગુજરાતની ભૌગોલિક, ઔદ્યોગિક, ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક વગેરે બધી જ માહિતી આપવાનો લેખક શ્રી શિવપ્રસાદ બી. રાજગોરે પ્રયત્ન કર્યો છે. જરૂરત અને શકયતા પ્રમાણે ગ્રાફ–નકશાઓ તથા ફોટોગ્રાફો આપવામાં આવ્યા છે. પુસ્તકને અંતે પરિશિષ્ટમાં ઉપયોગી ફુટકળ માહિતીઓ અપાઇ છે.

ગુજરાતનાં ભૂગોળ, ઇતિહાસ, સંસ્કૃતિ, સાહિત્ય વગેરેની જિજ્ઞાસુ તેમજ ખેતી-વ્યાપાર-ઉદ્યોગો વગેરે સાથે સંકળાયેલા વ્યવહારો વ્યક્તિઓને યે અપેક્ષિત માહિતી જોવા-જાણવા માટે આ ગ્રંથ એકસરખો ઉપયોગી થઈ પડે તેવો છે. રૂ. ૧૨.

વડોદરા રાજ્યની સાહિત્યપ્રવૃત્તિઓ: ગુજરાતમાં વિદ્યાપ્રવૃત્તિ ને સાહિત્યપ્રકાશનપ્રવૃત્તિમાં જેનો મોટો હિસ્સો છે તે, ભૂતપૂર્વ વડોદરા રાજ્યની સાહિત્યપ્રવૃત્તિઓનું સરવૈયું અને તમામ સાહિત્યપ્રકાશનોની સંદર્ભસૂચિ: પુસ્તકાલયો, વિદ્યાર્થીઓ, સંશોધકો અને સામાન્ય વિદ્યારસિકોને અનેક રીતે ઉપયોગી પુસ્તક, લેખકો: સર્વશ્રી ભરતરામ ભાનુસુખરામ મહેતા અને રમણિકરાય શ્રીપતરાય દેસાઈ, રૂ. ૩-૨૫.

વિક્રમચરિત્ર રાસ: સોળમા સૈકામાં કવિ ઉદયભાનુએ રચેલા અને વસ્તુસંકલના, વસ્તુવિકાસ, વસ્તુવિસ્તાર, શૈલી, કવિત્વ વગેરે દૃષ્ટિએ આગવું વ્યક્તિત્વ ધરાવતા એ પ્રાચીન ગુજરાતી કાવ્યનું સ્વ. પ્રો. બલવંતરાય ક. ઠાકોરે કરેલું સંપાદન, શ્રી રણજિત પટેલે લખેલા 'ઉપોદ્‌ઘાત' અને નોંધપાત્ર શબ્દોની સૂચિ સાથે; પ્રકાશક: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, રૂ. ૨; **શમા-પરવાના**: ઉર્દૂ ભાષાના ખ્યાતનામ તેમજ અનામી શાયરોની કૃતિઓમાંથી પસંદ કરેલી વાનગીઓ, અઘરા શબ્દોના અર્થની જુદી યાદી સાથે; સંપાદકો: સર્વશ્રી દશરથ ગાંધી, અલાબક્ષ શેખ 'રાગેશ', પ્રકાશક: રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ-૧, રૂ. ૩

એક સાહિત્યકારકિર્દીની શરૂઆત

'ધ ડેઇલી ન્યૂસ' એ પ્રસિદ્ધ-પ્રતિષ્ઠિત અંગ્રેજી સાહિત્યિક પત્રના તંત્રી મિ. એફ. જી. માસ્ટરમન પાસે એક વાર એક મેલોઘેલો જુવાન, તેમના તરફથી પોતાને અવલોકન માટે એકાદું પુસ્તક મળે એ આશાએ આવ્યો. જુવાન આ દિશાથી બિનઅનુભવી હતો, જોકે સાહિત્યનો શૉખીન હતો જ, પણ વખાનો માર્યો ત્યાં આવ્યો હતો. મિ. માસ્ટરમને જોયું કે, જુવાનના જોડાનાં તળિયાં ઊખડી ગયાં હતાં અને એ ચાલતો ત્યારે પટ, પટ અવાજ કરતાં!

'બોલો, તમારો શો વિષય છે?' એ સવાલ પોતાને પુછાતાં જુવાન તો ઊલટો વધુ ડઘાઈ ગયો. પોતાના વિષય વિષે એણે પોતે પણ હજુ સુધી ઠીક વિચાર કર્યો ન હતો! તેણે કહ્યું: 'એની તો મને પોતાને યે ગમ નથી. આપની રજા હોય તો આપના અવલોકન સંગ્રહમાંથી એકાદી ચોપડી લઈ જાઉં અને તે વિષે આવડે એવું લખી લાવું.'

અનુમતિ મળતાં તેણે એક પુસ્તક ચૂંટીને તે પર થોડા કલાકમાં જ લખાણ લખી નાખ્યું, અને તે વાંચતાં જ મિ. માસ્ટરમને ઉમળકાપૂર્વક તેને કહ્યું, 'જુવાન તું તારે જે કંઈ લખાય તે મારી પાસે લાવજે; એ બધું જ હું છાપીશ.' પણ આ બિરદાવલિથી જ જુવાનની તાત્કાલિક જરૂરિયાત પૂરી પડે એમ ન હતી. એટલે આનું મહેનતાણું પોતાને તુરતાતુરત મળતું થશે કે કેમ એવું કાંઇક એણે પૂછી નાખ્યું!

આવી હતી, આજના અંગ્રેજી સાહિત્ય-પ્રવાહને ક્રાંતિકારી વળાંક આપનાર મહાન કવિ, વિવેચક, ઇંગ્લંડના આજના રાજકવિ 'પોએટ-લૉરીએટ' જ્હૉન મેઈસ્ફીલ્ડની સાહિત્ય કારકિર્દીની શરૂઆત. ગઇ ૧લી જૂને તેમની ૮૦મી જન્મતિથિ હતી.



પાનાંની રમત

લેખક· **સાધુરામ દવે**

ગયા અંકના કોયડાઓનો ઉકેલ

કોયડો નં. ૧

આ કોયડામાં ઉત્તર દક્ષિણનાં પાનાં તો બતાવેલાં જ છે. પશ્ચિમે ♦Jની પહેલી ઉતર કરેલી જ છે. સર કાળીના છે. ઉત્તર દક્ષિણ ભિલ્લુઓએ તેરે ય હાથ કરી બતાવવાના છે. આ કોયડો જરા અઘરો ગણી શકાય. બુદ્ધિને ખાસ કસે તેવો પણ છે. આ બાજીમાં તેરે ય હાથ કરવા માટે આપણે સમજી શકીએ કે ચોકડીનાં પાનાંનો પૂરો ઉપયોગ આપણે આમાં કરવો પડશે. ને ચોકડીનાં પાના કપાય નહિ તેની સાવચેતી પણ આપણે રાખવી પડશે. સર કઢાવી નાખીને તે બની શકે. જો સર કઢાવી નાખીએ તો સરના ચારેય હાથ, ચોકડીનાં પાંચેય હાથ (પૂર્વને જ સરનાં વચલાં પાનાં અને ♦K ખાસ આપીને) ને લાલ ને ફુલ્લીના એક્કાના એમ અગીઆર જ હાથ થાય. પરંતુ અહીં તો તેરેય હાથ કરવાના છે. આપણી સર કઢાવવાની યોજના આપણે છોડી દઈ, વધુ વિચારવાનું રહે છે. જો આપણે સર ન કઢાવીએ અને ચોકડીનાં બહાર રહેલાં ચાર પાનાં જો પૂર્વને આપીએ તો ચોકડીના ચાર હાથ, લાલ અને ફુલ્લીના એક્કાના બે હાથ અને ઉત્તર દક્ષિણમાં પડેલા સાતેય સરના છૂટક સાતેય હાથ કરીએ તો તેર હાથ પૂરા થઇ જાય. આમ કરવા જતાં પશ્ચિમનો ખેલાડી, ચોકડી કાપી લે તે ભયને દૂર કરવા, આપણે સાથેસાથે જ એ યોજના પણ કરી લેવાની કે પશ્ચિમના ખેલાડીને એક પણ સર આપવાનો જ નહિ!

ઉત્તરમાં ફુલ્લીનાં બે પાનાં હોઈ, પૂર્વવાળો ફુલ્લી કાપી ન લે એ માટે પૂર્વને પણ બે જ પાનાં ફુલ્લીનાં આપી, બાકી એક પાનું લાલનું આપવું. એ ફુલ્લી અને લાલનાં પાનની સંજ્ઞા ગમે તે હોઈ શકે એટલે કે ફુલ્લીનાં ગમે તે સંજ્ઞાનાં બે પાનાં અને લાલનું ગમે તે સંજ્ઞાનું એક પાન આપવું. આમ પૂર્વને છ કાળીનાં, ચાર ચોકડીનાં બે ફુલ્લીનાં અને એક લાલનું એમ તેર પાનાં આપવાં. તે પાનાં નીચે મુજબ થયાં:

	♠ A K 2 ♥ A 6 5 4 3 ♦ Q 4 2 ♣ A 3	
♠ — ♥ K Q J 10 9 7 ♦ J ♣ K Q J 10 9 5	ઉ પ પૂ દ	♠ J 9 7 5 4 3 ♥ 8 ♦ K 9 7 5 ♣ 8 7
	♠ Q 10 8 6 ♥ 2 ♦ A 10 8 6 3 ♣ 6 4 2	

આમ પાનાં વહેંચાયા બાદ, ભલે પૂર્વ પશ્ચિમ પોતાની બધી હોશિયારી અજમાવે. છતે છ સરે પણ પૂર્વના ખેલાડીને બિચારાને એક હાથ પણ મળવાની સંભાવના નથી.

પ્રથમ ઉતર ♦Jની છે. તેની ઉપર, ઉત્તરનો રમનાર ♦Q રમે છે; ત્યાર બાદ ચોકડીની ઉતરમાં જે પાનું પૂર્વવાળો રમે, તેનાથી ભારે પાનું દક્ષિણવાળો રમે. પાનાં પણ એ જ રીતે વહેંચવામાં આવ્યાં છે. સરનાં પાનાં પણ તમે ધ્યાનથી જોશો તો પૂર્વનાં બધાં ચગદાઇ જાય છે, કારણકે પૂર્વનાં પાનથી અનુક્રમે ભારે પાન જ દક્ષિણની પાસે છે. ચાલો ત્યારે, હવે આપણે રમત રમીએ. (૧) પ્રથમ ઉતર ♦Jની, પશ્ચિમની છે. (૨) —આ સંજ્ઞા તે ઉતરમાં જેનો હાથ થયો તે દર્શાવે છે. (૩) જેનો હાથ થયો ત્યાર બાદ તેની જ પ્રથમ ઉતર આવે તે સર્વને યાદ હશે જ.

પશ્ચિમ	ઉત્તર	પૂર્વ	દક્ષિણ
♦ J	♦ Q	♦ K	♦ A—
♣ 5	♣ A—	♣ 7	♣ 2
♣ 9	♦ 2	♦ 5	♦ 6 —
♥ 7	♥ A–	♥ 8	♥ 2
♥ 9	♦ 4	♦ 7	♦ 8—
♥ 10	♣ 3	♦ 9	♦ 10—
♣ 10	♠ 2—	♣ 8	♣ 4
♥ J	♥ 3	♠ 3	♠ 6 —
♣ J	♠ K—	♠ 4	♣ 6
♥ Q	♥ 4	♠ 5	♠ 8 —
♣ Q	[illegible] A—	♠ 7	♦ 3
♥ K	♥ 5	♠ 9	♠ 10 --
♣ K	♥ 6	♠ J	♠ Q—

આઠમા હાથમાં અને તેથી આગળ પૂર્વવાળો જે સરથી કાપે, તેનાથી ભારે સરથી દક્ષિણનો રમનાર કાપે. આમ તેરે ય હાથ થાય.

એ જ રીતે પહેલા હાથમાં પૂર્વ ♦K ન નાખે તો પણ વાંધો નહિ; તો ઉતર ઉત્તરની જ રહેશે અને ત્યાંથી તે બીજું ચોકડીનું પાનું રમશે. ટૂંકમાં દક્ષિણનાં અનુક્રમે ભારે પાનને લીધે, પૂર્વનાં ચોકડીનાં અને સરનાં પાનાં નકામાં બની જાય છે.

કોયડો નં. ૨

આ કોયડામાં મુખ્ય વસ્તુ એ છે કે તેરેય હાથ કરવા માટે આપણે ચોકડીનાં પાનનાં શક્ય હોય તેટલા વધુ હાથ કરવા પડશે. ચોકડીનાં પાનાં કપાય નહિ તે પણ ધ્યાનમાં રાખવું પડશે. ઉત્તરમાં ચોકડીનાં પાનની વધુ સંખ્યા હોવાને લીધે, દક્ષિણનાં ♦AK કોઈ પણ રીતે આપણે ફિશમાં ફેંકી દઈ શકીએ તો જ ઉત્તરની ચોકડીની લાંબી લંગારનો ઉપયોગ કરી શકાય. એ રીતે ખયાલ રાખીને, રમત રમવાની રહી. તે રમત નીચે મુજબ: (૧) પ્રથમ ઉતર ♣Kની, પશ્ચિમની છે. (૨) —આ સંજ્ઞા તે ઉતરમાં જેનો હાથ થયો તે દર્શાવે છે.

પશ્ચિમ	ઉત્તર	પૂર્વ	દક્ષિણ
♣ K	♦ 7	♣ 7	♣ A—
♠ 2	♠ J—	♦ 2	♠ 6
♥ 7	♥ 2	♥ 3	♠ 7—
♠ 3	♠ Q--	♦ 3	♠ 8
♥ 8	♥ Q	♥ 4	♠ 9—
♠ 4	♠ K—	♦ 4	♠ 10
♠ 5	♠ A—	♦ 5	♦ A
♥ 9	♥ A—	♥ 5	♦ K

ત્યાર બાદ ઉત્તરનાં ચોકડીનાં બાકીનાં પાંચેય પાનાં, પાંચ હાથ કરી લેશે. સર કોઇની પાસે નથી અને તેથી આ વધેલાં ચોકડીનાં પાનાં હવે 'ગુરુપાનાં' (master cards) બની જાય છે. આમ તેરેય હાથ થઈ જશે. હરીફાઈનું પરિણામ આવતા અંકે.

સમસ્ત એશિયામાં જ્યાં ભારતીય શિલ્પકલા ચરમ સીમાએ પહોંચી તે જાવાનું મહાકાયભવ્ય સ્થાપત્યરત્ન

બોરોબુદુર

જ્યાંની ત્રણ માઈલની લંબાઈ સુધી પહોંચતી ૧૪૦૦ શિલ્પ-તકતીઓમાં જગતનાં ઉત્તમોત્તમ શિલ્પો કંડારાએલાં છે.

...અગસ્ત્યને પગલે પગલે...

નવનીત પારેખ

આ વીથિકા(અગાસી)ઓ એક પ્રદક્ષિણા-પથ ગણાય છે, તેથી અમે ડાબી બાજુએથી શરૂ કરીને સ્તૂપ ફરતાં ગોળ ફર્યાં. આમ ડાબેથી જમણે (ઘડિયાળ-ક્રમે) ગોળ પ્રદક્ષિણા ફરવાનો હેતુ પણ શ્રી ચક્રશિષ્વયે સમજાવ્યો. આય પ્રણાલિકા પ્રમાણે દક્ષિણ હસ્ત (જમણો હાથ) એ વામ હસ્ત (ડાબા હાથ) કરતાં વધુ પવિત્ર ગણાય છે, અને પૂજાવિધિ વગેરે પણ જમણા હાથે જ કરાય. તેથી પ્રદક્ષિણા કરતી વેળાએ પૂજાર્થીનો દક્ષિણ (જમણો) ભાગ પૂજનીય મૂર્તિ કે સ્વરૂપ તરફ રહેવો જોઇએ, જેથી જમણા હાથ વડે તે સરળતાથી પૂજાવિધિ કરી શકે. આમ, દક્ષિણ ભાગ પૂજનીય સ્વરૂપ તરફ રાખીને ફરવાની પ્રથા ઉપરથી જ 'પ્રદક્ષિણા' નામ પડ્યું છે.

પહેલી અગાસીનાં શિલ્પો વિખ્યાત મહાયાની સંસ્કૃત ગ્રંથ 'લલિતવિસ્તર' પ્રમાણે કંડરાયા છે. લલિતવિસ્તરમાં ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર બહુ સુંદર શૈલીમાં ભાવથી વર્ણવાયું છે. તે ઉપરાંત 'જાતક-માળા' તથા 'અવદાન શતક'ના કેટલાક પ્રસંગો પણ આ અગાસીનાં શિલ્પોમાં દર્શાવાયા છે. જાતકમાળામાં ભગવાન બુદ્ધના અનેક પૂર્વજન્મોની કથા છે, જેમાં સામાન્યરીતે બુદ્ધે જુદાંજુદાં પ્રાણીઓનો અવતાર લઇ અત્યંત તિતિક્ષા તથા કરુણાપૂર્ણ જીવન ગાળીને તેમજ ઘણી વાર પોતાનું આત્મસમર્પણ કરીને બુદ્ધ થવા માટે યોગ્યતા પ્રાપ્ત કરી હતી. તેવી જ રીતે અવદાનોમાં બુદ્ધનાં અગાઉનાં સત્કર્મોની કથા છે. એ બધાં અવદાનોમાં દિવ્યાવદાન મુખ્ય ગણાય છે.

લલિતવિસ્તરની કથા અહીં એકસો ને વીસ શિલ્પ-તકતીઓમાં આલેખાઈ છે, જેમાંના પ્રસંગો તુષિત સ્વર્ગમાંથી બુદ્ધ નીચે મૃત્યુલોકમાં અવતરે છે ત્યાથી શરૂ કરીને, વારાણસીમાં મૃગઉદ્યાનમાં પ્રથમ ધર્મોપદેશ આપે છે ત્યાં સુધીની વાત વર્ણવી છે. આ કથા અનુસાર, માનવ-જન્મ લેતાં પહેલાં બુદ્ધ તુષિત સ્વર્ગમાં બેઠા હતા. એક લાખ દેવો તેમની સ્તુતિ કરતા હતા, અને હજારો અપ્સરાઓના સંગીતથી સ્વર્ગલોક ગુંજતો હતો. ત્યારે ચોર્યાશી હજાર સંગીતવાદ્યોમાંથી સૂર નીકળ્યો કે 'અત્યારે જ અવસર આવ્યો છે: તે ચુકાવો ન જોઈએ.' આ સાંભળી બુદ્ધ ધર્મોચ્ચય પ્રાસાદમાં ગયા અને દેવોને ધર્મજ્ઞાન આપ્યું. પછી શ્રીગર્ભ નામના સિંહાસન પર બિરાજી બુદ્ધે ભારતવર્ષમાં મનુષ્યજન્મ લઇને ઉત્તમ તથા પ્રજ્ઞા પ્રાપ્ત કરવાનો પોતાનો નિર્ધાર દેવતાઓને જણાવ્યો. વળી સ્વર્ગલોકમાં દેવતાઓને ધર્મોપદેશ ચાલુ રહે તે માટે પોતાને સ્થાને બોધિસત્વ-મૈત્રેયને બેસાડ્યા; અને પછી છ સૂંઢવાળા એક અતિ સુંદર હાથીના સ્વરૂપે શાક્ય રાજા શુદ્ધોદનનાં રાણી માયાદેવીની કૂખમાં પ્રવેશ્યા.

કપિલવસ્તુથી પિતૃગૃહે જતાં માર્ગમાં જ લુંબિનીના ઉદ્યાનમાં એક શાલવૃક્ષ નીચે માયાદેવીએ આ માનવ-મહા-રત્નને જન્મ આપ્યો ને સમગ્ર અવની તથા ચૌદે લોકને પાવન કર્યાં. ગૌતમ બુદ્ધની જીવનકથા દરેક ભારતવાસીના હૃદયમા તેમજ જીભને ટેરવે છે તેથી તે અહીં લખવી અસ્થાને ગણાય; પરંતુ બોરોબુદુરનાં આ પ્રલંબ શિલ્પો-



બોરોબુદુરની ભીંત પરનું એક કમનીય શિલ્પ
બોધિસત્ત્વ પદ્મપાણિ (ફોટો - નવનીત પારેખ)

માં આલેખાએલા લલિતવિસ્તરના કેટલાક પ્રસગોમાં શિલ્પકારની તક્ષણી વિશેષ ઝળકી ઊઠી છે. રાજકુમાર સિદ્ધાર્થ પિતાના આદેશ પ્રમાણે પોતાની પત્ની પસંદ કરવા માટે અનેક શાક્ય કન્યાઓને પોતાના મહેલ પર નોતરે છે, તેમાં ગોપા નામની અતિ તેજસ્વી યુવતી છેલ્લી આવે છે ને સિદ્ધાર્થ તેને પસંદ કરે છે. બીજી બધી ભેટસોગાદો ખલાસ થઇ ગઈ હોવાથી રાજકુમાર પોતાની આંગળી પરથી વીંટી કાઢીને ગોપાને આપે છે. આવો જ હૃદયંગમ પ્રસંગ, નૈરંજનાને તીરે તપસ્વી બુદ્ધને ખીર ભરેલું સુવર્ણપાત્ર ધરતી સુજાતાનો છે. લલિત વિસ્તરના પ્રસંગોમાં આ શિલ્પો જોતાં ભારતના અમરાવતીનાં શિલ્પો તથા અજંતાના ગુફાચિત્રો યાદ આવે જ. તથાગતની જીવનકથામાંથી નીતરતી કરુણાનું પાન કરીને અમે બીજા માળની અગાસી પર ચડ્યા.

પ્રથમ માળની અગાસીની દીવાલના નીચલા ભાગ તેમજ કઠેરા પેઠે આ બીજા માળના કઠેરા પર પણ અવદાન તથા જાતકમાલાની તકતીઓ છે. તેમાંથી જાતકકથાનાં બેએક રસિક આખ્યાનો આપણે જોઇએ. એક કથા અનુસાર એક વાર બોધિસત્વ એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા, તે વનમાં તપ કરવા ગયા. ત્યાં તેમણે એક વાઘણને ભૂખથી વ્યાકુળ બનીને પોતાનાં બચ્ચાંનો સંહાર કરવા તત્પર બનેલી જોઈ. અત્યન્ત કરુણાથી આર્દ્ર બનીને બોધિસત્વે પોતાનું જ શરીર તે વાઘણને ભક્ષ્ય તરીકે આપ્યું.

પરંતુ સૌથી રસમય આખ્યાયિકા તો મહાકપિ-જાતકની છે. આ કથા અનુસાર બોધિસત્વ એક વેળા એક ગાઢ વનમાં વાનરોના મુખી તરીકે રહેતા હતા. જે વિશાળ અને મધુર ફળોથી સંપન્ન વટ-વૃક્ષની શાખાઓમાં આ વાનર-વૃંદ શાન્તિથી રહેતું હતું તેની એક શાખા



એ શિલ્પોમાંથી તત્કાલીન જીવનનો સહજે ખયાલ મળી રહે છે. જુઓ ઉપરનીચેનાં ચિત્રોમાં આસનો, વૃક્ષો, મહાલય વગેરે; અને વચલામાં વાજિત્રોના પ્રકાર (ફોટો · નવનીત પારેખ)

પહાડ નીચેની નદી પર ઝૂલતી હતી. વાનરોની ધ્યાન બહાર તેનું એક પરિપક્વ ફળ નદીમાં પડયું અને પ્રવાહ સાથે દૂરની એક રાજનગરી પાસે આવ્યું. ત્યાં સરિતાના તરંગોમાં રાજાની રાણી સ્નાન કરી રહી હતી તેણે તે ફળ જોયું ને ચાખ્યું. પછી તો આવાં મધુર ફળો આપતા વૃક્ષની શોધ કરવા તે મહારાણીએ હઠ લીધી. સ્ત્રીહઠ અને રાજહઠ ભેગી થાય પછી શું કહેવું? રાજા તથા તેના સૈનિકો નદીકાંઠે આગળ વધતા આ વિશાળ વટવૃક્ષ પાસે આવી પહોંચ્યા અને વાનરોને હાંકી કાઢવા તેમના પર તીર તથા ભાલાંઓથી આક્રમણ કર્યું. તેમાંથી તેમને બચાવવા મહાકપિ બોધિસત્ત્વે એક મોટો કૂદકો મારીને વૃક્ષ પરથી પાસેના પહાડ સુધી પોતાનું શરીર લંબાવ્યું અને તે પર થઈને વાનરોને બીજા પહાડ પર પસાર કરવા લાગ્યા. આ જોઈને રાજાના સૈનિકોએ બોધિસત્ત્વ પર શરનો મારો ચલાવ્યો અને તેઓ વૃક્ષ નીચે ભોંય પર આવી પડયા. તેમની અનહદ દયા તથા દિવ્યતા જોઈને રાજા પશ્ચાત્તાપથી ક્ષમા યાચવા લાગ્યા અને તે કરુણામૂર્તિ મહાકપિએ રાજાને પાપકર્મો તથા પુણ્યકર્મોની ગતિ સમજાવીને દેહ છોડયો.

મહાયાની ગ્રંથ 'સૂત્રાલંકાર'માં શિબિરાજાનું આખ્યાન આવે છે (આપણે ત્યાં પણ શિબિરાજાના આત્મ-સમર્પણની કથા ઘણી જાણીતી છે) તે અનુસાર, એક વાર જગતમાં પાપ-કર્મો વધી પડવાથી ઇંદ્ર ચિંતાતુર બનીને સ્વર્ગમાં બેઠા હતા ત્યારે દેવોએ તેમને મૃત્યુલોકના શિબિ રાજાનાં ગુણગાન ગાઈને આશ્વાસન આપ્યું. આત્મસંતોષ ખાતર ઇંદ્ર તેમની પરીક્ષા કરવા બાજ પક્ષીનું રૂપ લઇને નીચે આવ્યા. તેમની આગળ વિશ્વકર્મા કપોત (કબૂતર) બનીને નાઠા અને શિબિરાજાનું શરણ લીધું. રાજાએ બાજ પક્ષીને અહિંસાનો ઉપદેશ આપ્યો, પરંતુ તેનું સ્વાભાવિક ભક્ષ્ય માંસાહાર હતું તે સમજીને તેને કપોતના વજન જેટલું પોતાનું માંસ આપવા કબૂલ્યું. પછી તો એક ત્રાજવું ઊભું કરવામાં આવ્યું ને તેમાં શિબિરાજાએ પોતાની જાંઘમાંથી માંસ કાપીને નાખવા માંડયું. પરંતુ ઇંદ્રની યુક્તિથી ગમે તેટલું માંસ નાખવા છતાં તે કપોતનું પલ્લુ નીચું જ રહ્યું. છેવટે શિબિરાજાએ જ્યારે પોતાનું આખુંયે શરીર અર્પણ કર્યું ત્યારે ઇંદ્ર તથા વિશ્વકર્મા પ્રસન્ન થઇને છતા થયા. આ હૃદયસ્પર્શી કથા ભારતમાં અજંતાની પ્રથમ ગુફામાં તેમજ અમરાવતીનાં શિલ્પોમાં પણ આલેખેલી છે. ચીનની લૉંગ-મેન ગુફામાં પણ આ કથા ચિત્રિત છે.


પણ બીજા માળની અગાસી પરની તકતીઓમાં મુખ્ય આખ્યાયિકા તો સુધનકુમારનું ચરિત્ર છે. મહાયાની સૂત્ર ગંડવ્યૂહમાંની આ કથા અહીં ૧૨૮ શિલ્પોમાં આલેખાયી છે! મહાયાની વિચારધારા પ્રમાણે સુધન એક આદર્શ સાધક અને તપસ્વી ગણાય છે. બોધિસત્ત્વ મંજુશ્રી પાસે ભગવાન બુદ્ધનું દિવ્ય ચરિત્ર સાંભળીને સુધન બોધિ (પ્રજ્ઞા) પ્રાપ્ત કરવાનો અફર નિર્ધાર કરે છે. નૈરંજનાને કાંઠે બોધિવૃક્ષ નીચે શાકયમુનિ બુદ્ધે જે દઢ નિશ્ચય કરેલો :

'इहासने शुष्यतु मे शरीरं; त्वगस्थिमांसं विलयं च यातु।
अप्राप्य बोधिं बहुकल्पदुर्लभाम्, नैवासनात् कायमिदं चलिष्यति॥

તેના જેવો જ આ નિર્ધાર હતો. આત્મજ્ઞાનની શોધમાં સુધન દક્ષિણ ભારતમાં ઘણું ફર્યો અને ત્રીસ તત્ત્વચિંતકોના પરિચયમાં આવ્યો. કોઈ તેની જ્ઞાનપિપાસા છિપાવી શકયું નહિ, છતાં ધીરેધીરે તેનામાં જ્ઞાનની વૃદ્ધિ થતી ગઈ. તેણે સો સો તપસ્યાઓ કરી અને છેવટે તે ભવિષ્યમાં અવતાર લેનારા બુદ્ધ 'મૈત્રેય'ની સન્મુખ આવી પહોંચ્યો. બીજી અગાસી પર સુધનકુમારની કથા આટલે સુધી આવે છે ને ત્રીજી અગાસી પર તે ચાલુ રહે છે. જ્ઞાનપ્રાપ્તિ માટેના સુધનના અથાગ પરિશ્રમે અમને મુગ્ધ કર્યા અને અમે ઉત્સુકતાથી ત્રીજી અગાસી પર પહોંચ્યા.




ચામરધારિણી : લલિત અંગભંગી દાખવતું બોરોબુદુરની તકતીઓમાંનું એક પાત્ર



પ્રસ્તુત લેખમાળામાં વર્ણવ્યા પ્રમાણે બોરોબુદુરની ૧૨૦ તકતીઓમાં ભગવાન બુદ્ધની જે જીવનકથા આલેખાઈ છે તે બાહુલ્ય તથા કલાનિર્માણની દૃષ્ટિએ જગતભરમાં અગ્રસ્થાને આવે છે. એના ભાવનિદર્શન તથા લાવણ્યનો ખયાલ આપવા માટે અંક ૩૯૦ તથા ૩૯૫માં એના બે નમૂના ખૂબ મોટા રૂપે આપ્યા હોવાથી અહીં, એની પ્રસંગચિત્રણા તથા સંયોજનાનો ખયાલ આવે એ હેતુથી એવી છ આખી તકતીઓ નાના રૂપે આપી છે, જેમાંની પહેલી તથા છેલ્લી, એની ભરચક, છતાં પ્રમાણબદ્ધ માંડણીને સ્પષ્ટ દર્શાવવા માટે રેખામાં ઉતારી છે. મથાળેથી (૧) ગર્ભવતી માતા માયાદેવીનું લુંબિની પ્રતિ પ્રયાણ તથા છેલ્લે (૬) ધનુર્વિદ્યાની પરીક્ષા; (૨) પત્ની તરીકે ગોપા(યશોધરા)ની પસંદગી કરતા સિદ્ધાર્થ; (૩) મહાભિનિષ્ક્રમણ કરીને વસ્ત્રાભૂષણ બાદ માથાના કેશનો લોચ કરતા સિદ્ધાર્થ; (૪) સાત વર્ષના તપ પછી મધ્યમ માર્ગની સ્ફુરણા થતાં તપ ત્યાગ માટે નિરંજના નદીમાં સ્નાન માટે આવેલા બુદ્ધ. (૫) સ્નાન બાદ બુદ્ધને સુવર્ણપાત્રમાં ભક્તિપૂર્વક ખીર અર્પણ કરતી સુજાતા.





ડાબી બાજુ: દેવી હારિતી (એની કથા લેખમાં વાંચો); ઉપર: બોરોબુદુરની છેક ઉપરની અગાસીમાં લઘુસ્તૂપો વચ્ચે ફરી રહેલા શ્રી ચક્રશિષ્વય તથા શ્રી સેદીઓનો; નીચે તકતીઓના સ્થાનનો ખયાલ આપતો એક ખૂણો.


અહીંના પ્રથમ શિલ્પમાં મૈત્રેય સુધનને 'બોધિસત્ત્વ મંજુશ્રી' પાસે પાછા જવા જણાવે છે, અને આગળ ઉપર મંજુશ્રી તેને બોધિસત્ત્વ 'સમન્તભદ્ર' પાસે મોકલાવે છે. સમન્તભદ્ર પણ તેને અંતિમ જ્ઞાન આપતાં પહેલાં વિવિધ બૌદ્ધ તીર્થસ્થાનોની યાત્રા કરવાનો આદેશ આપે છે. તે બધું પણ પરિપૂર્ણ કરીને સુધન મૈત્રેય તથા સમન્તભદ્ર પાસે ફરીથી આવે છે અને અંતે પરમ બોધિ તથા પરમ કલ્યાણ પામે છે. ચક્રશિષ્વયે ઉમેર્યું કે સુધનકુમારની આ કથા વર્ણવતો ગ્રંથ ગંડવ્યૂહ મૂળે તો મહાયાનની માધ્યમિક શાખાનો ગણાતો હતો, પરંતુ પાછળથી મહાયાનની યોગાચાર શાખાએ પણ તેને અપનાવ્યો હતો. બોરોબુદુર યોગાચાર પ્રથાને અનુસરતું મંદિર છે.

ત્રીજી અગાસીના કઠેડા પર મુખ્યત્વે તો આ ભવિષ્યમાં પ્રથમ અવતાર લેનાર મૈત્રેયનાં શિલ્પો છે, જ્યારે ચોથી અગાસી પર ભવિષ્યના અંતિમ બુદ્ધ 'બોધિસત્ત્વ સમન્તભદ્ર'નાં શિલ્પ છે. આમ અમે ભગવાન બુદ્ધના પૂર્વજન્મોની 'જાતક-કથા' તેમના શાક્યમુનિ તરીકેના અવતારની 'લલિત-વિસ્તર-કથા' તેમજ ભવિષ્યમાં અવતાર લેનારા 'બોધિસત્ત્વો'નો પરિચય પામીને 'ત્રિકાળજ્ઞાની' બન્યા અને સંતૃષ્ટ હૃદયે ઉપરની ત્રણ ખુલ્લી અગાસીઓ પર ગયા. છેક ઉપરની અગાસીઓ પર જતાં પહેલાં નીચેની અગાસીઓ પરના ગોખલાઓમાં વિવિધ મુદ્રાઓમાં બેઠેલા બુદ્ધોની પ્રતિમાઓ જોઈ. દરેક ગોખમાં એકએક મૂર્તિ છે ને કુલ પાંચ પ્રકારની મુદ્રાઓમાં તે બનાવેલી છે. કુ. સુદર્શનોએ સમજાવ્યું કે નેપાલી શૈલીના પાંચ ધ્યાની બુદ્ધોની જ આ પ્રતિકૃતિ છે. આ પાંચ નેપાલી ધ્યાની બુદ્ધો તે (૧) અમિતાભ (૨) રત્નસંભવ (૩) અક્ષોભ્ય (૪) અમોઘ સિદ્ધ ને (૫) વૈરોચન.

ઉપરની અગાસીઓમાં કુલ બોતેર લઘુ-સ્તૂપો છે. આશરે દસેક ફીટ ઊંચા આ લઘુ-સ્તૂપો અંદરથી પોલા છે અને તેની બહારની પથ્થરની દીવાલમાં સમાન્તરે સંખ્યાબંધ ચોરસ કાણાં પાડેલાં છે. આ દરેક સ્તૂપની અંદર ધ્યાન-મુદ્રામાં બેઠેલા ભગવાન બુદ્ધની એકએક સુંદર પ્રતિમા છે ને ભાવિકજનો કાંણાઓમાંથી તેમનું દર્શન કરી શકે છે.

આ બધા લઘુ-સ્તૂપો તથા અગાસીઓના, અને વાસ્તવિકરીતે તો સમગ્ર બોરોબુદુરના કેન્દ્ર રૂપે, એક મોટો મધ્યવર્તી સ્તૂપ છે. આ સ્તૂપમાં પણ પ્રવેશદ્વાર હતું. અસલ આ કેન્દ્ર-સ્થાને ભગવાન બુદ્ધની એક અતિ-સુંદર તથા ભવ્ય પ્રતિમા હશે એમ ઇતિહાસકારો માને છે, પરંતુ દુર્ભાગ્યે પાછળથી તે ચોરાઈ ગઈ મનાય છે. છતાં આ કેન્દ્ર-સ્થાનની નીચે, ઊંડે, સ્તૂપના પેટાળમાં કોઈક પવિત્ર બૌદ્ધ અવશેષો દટાએલા હશે એમ અનુમાન પણ તેઓ કરે છે. ભવિષ્યમાં આ દિશામાં ખોદકામ થાય ત્યારે જ તે વિષે વધુ માહિતી મળી શકે.

કેન્દ્રના સ્તૂપમાં તો કોઈ મૂર્તિ ન જોવાથી અમે આ લઘુ-સ્તૂપોમાંના એક ખુલ્લા સ્તૂપની મૂર્તિ પાસે ગયાં અને સાથે લાવેલા ચંદનનો લેપ કરીને તેમનાં ચરણ પાસે થોડાંક પુષ્પો મૂક્યાં. સાથે આણેલી અગરબત્તી તથા કપૂર સળગાવીને માનસિક આરતી ઉતારી, ને મારામાં આત્મજ્ઞાનની જિજ્ઞાસા પ્રકટો એવો આશીર્વાદ માગ્યો.



નીચે ઊતરતી વેળા પહેલી અગાસી પર ચક્રશિષ્વયે એક મૂર્તિ બતાવી. જાવી લોકો તેને ભીમની મૂર્તિ માને છે અને તે બહુ ચમત્કારી ગણાય છે. ભાવિક જનને તે ઇચ્છિત વરદાન આપે છે એવી શ્રદ્ધાથી લોકો તેની પૂજા કરે છે. અમારી પાસે વધેલાં બે-ત્રણ ફૂલો અમે અહીં મૂક્યાં, અને ઉપરના ધ્યાની-બુદ્ધ પાસે માગેલું વરદાન અહીં ફરી માગી લીધું તથા આ સ્તૂપ-શ્રેષ્ઠના પુનઃદર્શનની અભિલાષા વ્યક્ત કરી.

સાંજ પડતી હતી ને હજુ ચંડી-મેંદુત જોવા બાકી હતા, તેથી કચવાતે મને આ પરમ પવિત્ર રમણીય સ્થાન છોડીને નીકળ્યા; છતાં પણ કેટલી યે વાર સુધી મોટરમાંથી ડોકું બહાર કાઢીકાઢીને પાછું વળીને વૃક્ષોની ઘટામાં ઝડપથી અદશ્ય થતા બોરોબુદુરને હું નિરખતો જ રહ્યો!

બોરોબુદુરથી અઢી માઈલ ઉપર જ આવેલું ચંડી-મેંદુત તથા પાસેનું ચંડી-પવન બોરોબુદુરના મંદિર-વૃંદનાં જ છે અને તે જ કાળે બંધાએલાં છે. મેંદુત પર પ્રાચીન કવિ-ભાષાનો શિલાલેખ મળી આવ્યો છે. આ લેખમાં વિરામચિહ્ન પણ વપરાયાં છે. ચંડી-મેંદુતના મંદિરમાં મુખ્ય ત્રણ મૂર્તિઓ છે. મધ્યની મહાકાય મૂર્તિ ધર્મોપદેશ આપતા બુદ્ધની છે, જ્યારે આસપાસની મૂર્તિઓ બોધિસત્ત્વ અવલોકિતેશ્વર તથા બોધિસત્ત્વ વજ્રપાણિ અથવા મંજુશ્રીની મનાય છે. આ બુદ્ધ સામાન્ય મૂર્તિઓની જેમ પલાંઠી વાળીને બેઠા નથી, પરંતુ આપણે ખુરશી પર બેસીએ તેમ એક ઊંચા આસન પર બેઠા છે અને આગળના એક પદ્માસન પર તેમના પગ ગોઠવેલા છે. આ પ્રતિમા તથા વિશેષ કરીને તેની મુખમુદ્રા કોઇ અદ્ભુત શાન્તિ, સ્વસ્થતા તથા કરુણતાથી ભરેલી છે.

ચંડી-મેંદુતનું બીજું વિખ્યાત શિલ્પ દેવી 'હારિતી'નું છે, જેનું બીજું નામ અભિરતિ પણ છે. કુ. સુદર્શનાએ તેને વિષે એક રસિક બૌદ્ધ આખ્યાયિકા સંભળાવી. પૂર્વે હારિતી મગધ દેશની રાજધાની રાજગૃહમાં રહેતી હતી. એક વાર તે ગર્ભવતી હતી ત્યારે રાજાની આજ્ઞાથી તેને નૃત્ય કરવું પડયું અને તેમ કરતાં તેના ગર્ભનો નાશ થયો. આથી તેનામાં દ્વેષ અને ઘૃણાનું જે પૂર ઊભરાયું તેને લીધે મૃત્યુ પછી તે એક રાક્ષસી રૂપે જન્મી અને નાનાં બાળકોની હત્યા કરતી ફરવા લાગી. લોકોએ તેને શાન્ત તથા તુષ્ટ કરવા ઘણી પૂજા કરી, પણ વ્યર્થ. છેવટે તે યક્ષી ભગવાન બુદ્ધ પાસે આવી ત્યારે તેમણે પોતાના ભિક્ષા-પાત્રમાં તેના પુત્રનું તેને દર્શન કરાવ્યું અને સંસારની અનિત્યતા વિષે ઉપદેશ આપ્યો. બુદ્ધના જાદુઈ પ્રભાવથી તેનો એવો તો હૃદય-પલટો થયો કે હવે તે બાળકોનું રક્ષણ કરતી તથા સંતાન-પ્રાપ્તિનું વરદાન આપતી દેવી બની ગઈ! આ કથા સાંભળીને બુદ્ધના ચરિત્રની બીજી કથા યાદ આવી, જેમાં એક માતા પોતાના મૃત બાળકને જીવતો કરવા બુદ્ધની પાસે લઈ આવે છે અને બુદ્ધ તેને જે ઘરમાં કોઈનું મૃત્યુ ન થયું હોય તેવા ઘરમાંથી થોડા દાણા લઈ આવવા જણાવે છે, અને એ રીતે તે સ્ત્રીને મૃત્યુની અનિવાર્યતાનો બોધ આપે છે. બુદ્ધના દર્શનમાત્રથી જ કોની શંકા તથા ગ્લાનિ દૂર ન થાય? માથે મુકુટ પહેરેલી સૌમ્ય મુખમુદ્રાવાળી આ વાત્સલ્યપૂર્ણ દેવી કંદોરો પહેરાવેલા નાના બાળકને ખોળામાં લઇને બેઠાં છે, અને તેમની પાછળ પણ એક બાળક રમી રહ્યું છે. આકાશમાં પક્ષીઓ નિર્ભયરીતે ઊડી રહ્યાં છે. ચંડી-મેંદુતને બદલે ભારતના વૃંદાવનના કોઈ મંદિર પર આ શિલ્પ હોય તો બાલકૃષ્ણને લાડ કરતાં યશોદામૈયા માની લેવાય. આ ઉપરાંત ચંડી-મેંદુતમાં એક કુબેરની તથા આઠ ઊભા બોધિસત્ત્વોની મૂર્તિઓ પણ છે.

બોરોબુદુર પાસે બીજું 'ચંડી-પવન' નામનું નાનું મંદિર છે. એમ મનાય છે કે બોરોબુદુર આવનારાં યાત્રીઓ આ સ્થાને શાન્તિથી બેસતાં હતાં. અહીં પણ કુબેરનાં શિલ્પ જોવા મળ્યાં. ચક્રશિષ્વયે જણાવ્યું કે ધન-સમૃદ્ધિના આ દેવ કુબેર જાવામાં ઘણા લોકપ્રિય છે, અને કાંસાની તેની ઘણી પ્રતિમાઓ, પ્રાચીન તેમજ અર્વાચીન, જોવા મળે છે. અહીં એક કલ્પવૃક્ષનું પણ શિલ્પ જોવા મળ્યું, જેની આસપાસ આકાશમાં ઊડી રહેલા કિન્નરો તથા ધન(?)થી ભરેલાં પાત્રો હતાં.

આ પ્રદેશમાં આવેલું 'ચંડી-કલશન્' નામનું બીજું એક મંદિર જાવામાં સૌથી પ્રાચીન બૌદ્ધ મંદિર ગણાય છે. એ બૌદ્ધ દેવી તારાને અર્પિત છે. ગર્ભમંદિરમાંની તારાની મૂર્તિ તો ચોરાઈ ગઈ છે, પરંતુ મંદિર પરના સંસ્કૃત શિલાલેખ પરથી આ મંદિર દેવી તારાનું હોવાનું સ્પષ્ટ થાય છે. દેવી તારાના ઉદ્ભવ વિષે પણ કુ. સુદર્શનાએ મને એક બૌદ્ધ માન્યતા કહી સંભળાવી. સંસાર-ચક્રમાં ભીંસાતા લોકોનું ભારે દુઃખ જોઇને બોધિસત્ત્વ અવલોકિતેશ્વરની આંખમાંથી એક અશ્રુબિંદુ સરી પડયું જે ભૂતળ પર ટપકીને એક સુંદર સરોવર બની ગયું. તેની મધ્યમાંથી એક સહસ્રદલ કમળ ખીલ્યું અને તેમાંથી દેવી તારા બહાર આવ્યાં.

આવીઆવી અદ્ભુતરસિક કથાઓ તથા મહાયાન બૌદ્ધધર્મ વિષે અનેક જ્ઞાનસંપન્ન હકીકતોની ચર્ચા કરતાં અમે સાંજ પડયે યોગ્યકર્તા તરફ પાછા ફર્યા. માર્ગમાં ચક્રશિષ્વય સાથે જાવાના સિંઘસારી મંદિરની—બલ્કે સમગ્ર જાવા કે સમસ્ત ઇંડોનેશિયાની—સૌથી સુંદર તથા ભાવવાહી મૂર્તિ વિષે વાત નીકળી. આ મૂર્તિ તે બૌદ્ધ દેવી 'પ્રજ્ઞાપારમિતા'ની. કિશોર અવસ્થામાં જ જ્યારે બોરોબુદુરનું વર્ણન વાંચેલું ત્યારે સિંઘસારી મંદિરની આ પ્રતિમાનાં યશોગાન સાંભળ્યાં હતાં તેમજ તેનાં ચિત્રો પણ જોયાં હતાં. ડચ શાસન દરમ્યાન જાવાની આ શ્રેષ્ઠ પ્રતિમાને હોલંડ લઈ જવામાં આવી હતી અને હજુ પણ તે ત્યાંના લાઈડન મ્યૂઝિયમમાં છે. અહીં જાવામાં તેનું દર્શન ન થયું તેથી ભારે નિરાશા થઈ, પરંતુ એક નાના આશ્વાસન રૂપે બીજે દિવસે ચક્રશિષ્વય મને યોગ્યકર્તાના સંગ્રહાલયમાં લઈ ગયા, ત્યાં તે વિશ્વ-વિખ્યાત મૂર્તિની પ્રતિકૃતિ જોવા મળી.

ઈ.ની તેરમી સદીમાં સિંઘસારીની રાણી દેદેશની આકૃતિ પરથી આ મૂર્તિ બનાવી હોવાનું મનાય છે. ઈ.સ. ૧૨૨૦માં એક સાહસિક યુવાન સિંઘસારીના રાજાને હરાવી તેની રાણી દેદેશને પરણ્યો, અને રાજસ-સંગ-અનુર્વેધુમિ નામ ધારણ કરીને રાજગાદી પર બેઠો. તેણે રાણી દેદેશની આ મૂર્તિ આદિ-બુદ્ધના શક્તિ-સ્વરૂપ પ્રજ્ઞાપારમિતા રૂપે બનાવડાવી. પરમ જ્ઞાન અથવા પ્રજ્ઞાની પરાકાષ્ઠા એટલે પ્રજ્ઞાપારમિતા. સર્વ બુદ્ધો તથા બોધિસત્ત્વો તેમજ પરમ નિર્વાણપદનો નિચોડ એટલે પ્રજ્ઞાપારમિતા. આ પરમ કલ્યાણી દેવીના મસ્તક ઉપર સુંદર કિરીટ છે અને તેમના ડાબા હાથની પાછળ એક સુંદર કમળ છે જેના ઉપર એક ધર્મગ્રંથ ગોઠવેલો છે. વિષ્ણુપત્ની લક્ષ્મીજી(કમલા)ને અનુસરીને આ બૌદ્ધ દેવી સાથે પણ હમેશ કમળનું ફૂલ ગોઠવેલું હોય છે અને તેઓ કમળના આસન પર બિરાજમાન છે.

આ શિલ્પાકૃતિની સ્વસ્થતા, આધ્યાત્મિકતા, તેની રેખાઓ તથા વળાંકોની સુસંગતતા, અને એક સંપૂર્ણ સુમેળનું વાતાવરણ ઊભું કરતી તેની પ્રમાણબદ્ધતા કોઈ પરમ ગાંભીર્ય તથા કલ્યાણ વર્ષાવે છે. દેવીના મસ્તક પાછળનું ગોળાકાર પ્રભા-મંડલ, પરમનિર્વાણની શૂન્યતા-(પ્રજ્ઞાપારમિતા)નું સૂચક છે. દેવીના બંને હાથોની અંગુલિઓ ધર્મચક્ર-પ્રવર્તન મુદ્રામાં છે અને તેમના કપાળમાં સુંદર ચાંદલો કરેલો છે.

રાત પડયે અમે યોગ્યકર્તા પાછા આવી ગયા. બોરોબુદુર નિરખવામાં આજે બપોરનું ભોજન તો રહી જ ગયું હતું, પરંતુ રાત્રે શ્રી ભગવાનીને ત્યાં સ્વાદિષ્ટ શાકાહારી ભોજન મળ્યું. સેઠીઓનો પણ સાથે જ જમ્યા. જમીને તરત અમે ક્રાતોન મહેલના સભાગૃહ પર ગયા જ્યાં સુરકર્તાથી આવેલા શ્રેષ્ઠ નૃત્યકારો શાસ્ત્રીય નૃત્ય કરવાના હતા. આજે રાત્રે મુખ્ય નૃત્યો 'સ્રિમ્પી' પ્રકારનાં હતાં. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



અષાઢ ૧૯૯૯
અંક ૧૧૫

અણજાણ ઈરાની ગામડાના મામૂલી ખેડૂતનો એક અભણ પણ અસંતોષની આગથી જલતો છોકરો મહત્ત્વાકાંક્ષાની પાંખે ચડી ઈરાની લશ્કરમાં જોડાયો અને સિપાહ, સિપાહસાલાર, અફસર, વઝીરે જંગ (યુદ્ધ ખાતાનો પ્રધાન), વડો વઝીર, સરમુખ્ત્યાર, ને અંતે શાહનશાહે ઈરાન સરઝમીન–એમ જીવનની સીડીનાં પગથિયાં એક પછી એક ચડતો જગતભરના રાષ્ટ્રવિધાયકો ને સરમુખ્ત્યારોની હરોળમાં, પોતાની તેમજ પોતાના દેશની યશપ્રભા ઝળકાવતો ઊભો. એ ઈરાનનો શાહ રીઝાશાહ પહલવી એ કુદરતનો કોઈ અકસ્માત કે ચમત્કાર ન હતો. પણ પરિશ્રમ ને પુરુષાર્થ ખેડીખેડી તેમાં વાવેલી મહત્ત્વાકાંક્ષાની મંજરીઓનો મધુ હતો, એ દર્શાવતું લાંબું ચરિત્ર આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલું. પણ તે કાંઈ અહીં ઉતાર્યું જાય નહિ; એટલે એ સમયે 'મિજલસ'ના નામથી લખાતા તંત્રીલેખોમાં જે પાયાના પ્રશ્નોની ચર્ચા થતી, તેની એક વાનગી આ નીચે ઉતારીએ :

"**હ**મણાં થોડા વખત પર એક મિત્ર યુરોપ જઈ આવ્યા તેમને મેં પૂછયું કે આપણે શીખવા જેવા પાયાના સદ્‌ગુણો યુરોપ પાસે કયા? એમણે તરત ત્રણ ગુણો ગણાવી દીધા : સ્વચ્છતા, વિનય ને નિયમિતતા. કોઇને પણ વિચાર કરતાં જણાશે કે આ ત્રણ ગુણો વ્યક્તિ કે સમાજના સંસ્કાર અને સમુદ્ધારના ચણતરમાં સિમેન્ટનું કામ કરનારા છે.

સ્વચ્છતા વિષે આપણું અને તેમનું ધોરણ જુદું છે. આપણે માત્ર નહાવા-ધોવાની નવેણ સાચવવામાં અને આભડછેટ પકડી રાખવામાં સ્વચ્છતા માની છે; એ લોકો ખાનપાન અને હવાને મલિન કરનારાં તત્ત્વો તથા જંતુઓને દૂર રાખવામાં અને વિદારવામાં સ્વચ્છતા માને છે. આપણો કુલીન બ્રાહ્મણ નહાઇધોઈ, ત્રિપુંડ તાણી, મુગટો પહેરી ઉકરડા સંડાસ કે ગટરના મોં આગળ બેસી મિષ્ઠાન્ન આરોગી શકે છે; જ્યારે યુરોપીઅનોનો આગ્રહપૂર્વક પ્રયત્ન એ હોય છે કે કારખાનામાં બનતાં ખાદ્યો પણ માનવીના હાથમાત્રથી અસ્પૃશ્ય રહે. યુરોપનું નાનું ગામડું પણ જાહેર રસ્તા પર કચરાનો લેશમાત્ર દેખાવ સહન કરી લેતું નથી; આપણે ત્યાંના અમીરો, અમલદારો ને શિષ્ટ નાગરિકોનાં દીવાનખાનાં કે આંગણાં સફાઇનો પહેલો પાઠ સુદ્ધાં બતાવી શકતાં નથી. વીએના ગએલા મારા એક મિત્રનો પ્રસંગ જાણવા જેવો છે (તે આ અંકને છેલ્લે પાને આપ્યો છે). સ્વચ્છતાપાલન માટેના એવા ઉત્કટ આગ્રહથી જ ત્યાંની પ્રજાઓ જીવનમાં આરોગ્યબળ, સ્ફૂર્તિ અને ઉત્સાહ માણી રહી છે. કોઈ પણ માણસ, ગમે તેવું હલકું કે મેલું કામ કરનાર હોય તે પણ, કામ કરીને તરત જ અતિશય સ્વચ્છ ને કાળજીભરી રીતે કપડાં પહેરી જાહેરમાં રજૂ થાય છે. આથી સમાજ સમસ્તનું દૃશ્ય તાજગીભર્યું ને ચાનક આપતું લાગે છે. આપણા દેશના રસોઈયાઓ જે સ્વરૂપે ભોજનગૃહમાં દર્શન દે છે એ કોઈ પણ સ્વચ્છતાપ્રેમીને કંટાળો અને અણગમો ઉત્પન્ન કરે તેવું હોય છે. સ્વચ્છ કપડાં માટેના થોડા ખર્ચની ખાતર જ એ નિભાવી લેવાય છે. આ પછી શયનખંડ, ઑફિસ, દુકાન કે મંદિરની વાતોનો હિસાબ કયાં લઇએ? પૂર્વના મુલકોમાં જાપાન સ્વચ્છતામાં યુરોપને પણ શીખવે એટલું આગળ વધેલું મનાય છે. અત્યંત ઉદ્યોગી કામગીરી ટકાવી રહેલી એ પ્રજા સ્વચ્છતા માટે જે વખત અને મહેનત ખર્ચે છે તે જોઈ હિંદની બેકાર પડી રહેતી પ્રજા ચાનક મેળવી શકે.

યુરોપના દૈનિક વ્યવહારોમાં વિનય બહુ જ ધ્યાન ખેંચે છે. ઘોંઘાટથી વાતચીત કરવી, ધક્કામુક્કી કરી આગળ ધસવું કે અજાણ્યાને પૂછાપૂછ કરવી, તોછડો જવાબ દેવો યા પહેલો હાથ લાંબો કરી ખાવાનું ઝડપવું વગેરે ત્યાંના શિષ્ટ સમાજમાં ભાગ્યે જ નજરે પડે. ત્યાંના વેપારીઓની સલુકાઈ તથા તકલીફ સહન કરી લેવાની ને સગવડ આપવાની વૃત્તિ આપણે ત્યાં લગભગ અજાણ્યાં જ છે. કોઈ માણસ કોઈની જગ્યાએ બેસી જાય નહિ યા પૂછયા વિના ચીજ ખસેડે નહિ કે સામાના હાથમાંથી લઈ વાપરવા માંડે નહિ, એ તો ત્યાં જનસાધારણની સમજ છે. સ્ત્રીઓ અને બાળકોને સગવડ આપવા દરેક જણ તત્પર રહે, એટલું જ નહિ પણ તે માટે પોતાની જગ્યા કે સગવડ જતી કરવામાં ધર્મ માને. પરદેશીને કોઈ મૂંઝવે નહિ, પરદેશીની ભૂલ પર ક્ષમાથી જુએ અને તેની નજરે પોતાનો દેશ હલકો પડે નહિ તે માટે પ્રત્યેક પ્રજાજન કાળજી બતાવે.

શેઠ નોકરને હુકમ કરતાં પણ 'પ્લીઝ'નો ઉપયોગ કરે; 'જરા આટલું કરશો?' એમ કહે. સભાઓ ને થીએટરો મેદનીથી ચિકાર હોય છતાં કાર્યક્રમ શરૂ થયા પહેલાં કોઈ જ ઊંચા સાદે બોલે નહિ અને પરમ શાંતિ જાળવે. હવે આપણાં પોળો ને વાડીનાં જમણો, કથાઓ, સભાઓ, થીએટરો ને નિશાળોનો ખયાલ કરો કે ત્યાં વિનયનું વાતાવરણ કેટલું છે.

નિયમિતતાની વાત હિંદને મન તપની ઘડી સમાન થાય છે; જ્યારે યુરોપમાં તો તે સાધારણ ગુણ છે. આપણે ત્યાં આગગાડી જ માત્ર નિયમિતતાનું સ્વરૂપ છે, ને તે ન હોત તો આપણે ઘડિયાળ સામે પણ જોત નહિ! તે સિવાય આપણી નિશાળો, કચેરીઓ ને કોર્ટોમાં તો સમયની વધઘટ નિભાવી લેવાની ઉદારતા જાણીતી છે! નિયમિતતાના કાયદાઓ હોવા છતાં ગમે તે કારણે હિંદમાં એકલા સાહેબ લોકો પૂરતો જ તે માટે આગ્રહ રાખી શકાય એવી સમજ છે. કોઈ ઠેકાણે જો સાહેબનું કામ હોય તો દેશી કારીગર પણ ઊંઘ ખંખેરી, દોડધામ કરી, વખતસર કામ રજૂ કરી શકે છે. તેનું કારણ એ સાહેબની ચીવટ ને ઉતાવળી છે. પરંતુ યુરોપમાં તમે ચાહો કે ન ચાહો, તમારો નોકર મિનિટે મિનિટ તમારા હુકમ પ્રમાણે વસ્તુ કે વાહન હાજર કરી દે છે; પછી પોતે ભલે ગમે તેટલી અગવડ વેઠી લે; ને તમે પણ કોઇનો વાયદો જો પાળી ન શકો તો તમારો ત્યાં આંક મુકાઈ જાય. યુરોપની વખત જાળવવાની શક્તિમાં તેનો સંયમ, વ્યવસ્થા અને આરામનો ભોગ આપવાની પરીક્ષા રહેલી છે. યુરોપની યંત્રવિદ્યા, વિજ્ઞાન અને રાજકારણ વચ્ચે નિયમિત કામની આપલેથી જબરું સંગઠન થાય છે. ત્યાંની પ્રજાઓના સાર્વભૌમ વિજયની ચાવી આ સાદા ગુણોમાં રહેલી છે."

વહીવટનો વારસો (અનુ. પૃ. ૨૫૯થી)

મહેન્દ્ર: સાહેબ, માફ કરજો. એ વિષે મેં કંઈ જ વાંચ્યું નથી.

ગુલાબરાય: જર્મનીની લાયબ્રેરી મૂવમેન્ટ વિષે તમે શું જાણો છો?

મહેન્દ્ર: એ વિષે પણ મેં કશું વાંચ્યું નથી.

ગુલાબરાય: ૧૯૩૩માં અમેરિકાની લાયબ્રેરીઓમાં કયા કયા સુધારાઓ દાખલ થયા?

મહેન્દ્ર: માફ કરજો. સાહેબ, મેં એ વિષે પણ કંઈ જ વાંચ્યું નથી. સાહેબ, મને ગુજરાત વિષે કંઈ પૂછોને.

ગુલાબરાય: ભલે, ગુજરાત વિષે પૂછું; પણ લાયબ્રેરીઅન થવું હોય તો થોડું બહારનું જનરલ નૉલેજ તો હોવું જોઇએને? બોલો, 'સરસ્વતીચન્દ્ર'ના ત્રીજા ભાગની બીજી આવૃત્તિ કઈ સાલમાં પ્રગટ થઈ હતી, અને તે વખતે એની કિંમત શી હતી?

મહેન્દ્ર: સાહેબ, માફ કરજો. મને તો એ કશું જ નથી આવડતું.

હરિદાસ: તમને એક પણ સવાલનો જવાબ નથી આવડચો, તો પછી હવે તમે જ બોલો, સાડા ચારસો રૂપિયાની લાયબ્રેરીઅનની નોકરી તમને કઈ રીતે મળે?

મહેન્દ્ર: આપની વાત સાચી સાહેબ; ને મને પહેલો બોલાવ્યો ત્યારથી જ લાગતું હતું કે મારો ઇન્ટરવ્યૂ બગડવાનો છે. પણ સાહેબ, મારાં પ્રમાણપત્રો તથા લેખો જોઇ મારે માટે કંઈ વિચાર કરો તો મહેરબાની.

ગુલાબરાય: હવે અત્યારે એને માટે સમય નથી; પછી જોઈશું.

હરિદાસ: જાવ ત્યારે. (મહેન્દ્ર જાય છે.)

ગુલાબરાય: રવજી, પ્રફુલ્લ શાહને મોકલ. (પ્રફુલ્લ પ્રવેશે છે.)

ગુલાબરાય: બેસો, કેમ આમ બહુ સુસ્ત દેખાઓ છો? રાતનો ઉજાગરો હતો?

પ્રફુલ્લ: ઉજાગરો તો નહિ, પણ બે કલાક અહીં બેસાડી રાખ્યા એની કદાચ અસર હશે!

ગુલાબરાય: બોલો, 'સોવિયેટ આર્ટ'ના અત્યારે તંત્રી કોણ છે?

પ્રફુલ્લ: સાહેબ, આપની ભૂલ થતી લાગે છે. અઢી વર્ષ પર એ સામયિક બંધ થઈ ગયું છે.

ગુલાબ: પણ ત્યારે એના તંત્રી કોણ હતા?

પ્રફુલ્લ: ત્રેપન વર્ષના એ સામયિકના ઇતિહાસમાં એના સાત તંત્રીઓ બદલાયા છે. ૧૯૦૫ના નવેમ્બર મહિનામાં એ શરૂ થયું ત્યારે એના તંત્રી મિ. કામાપિલોવ હતા. ૧૯૨૧ના સપ્ટેમ્બર મહિનાથી એના તંત્રી...

હરિ૦: તમે તો ઇતિહાસ કહેવા માંડચો!

ગુલાબ: અફઘાનિસ્તાનમાં કેટલી લાયબ્રેરી?

પ્રફુલ્લ: ત્રણ વર્ષ પહેલાં પ્રગટ થએલા એના સરકારી આંકડા મુજબ ત્યારે એ દેશમાં ૨૧,૯૩૭ લાયબ્રેરી હતી. દર વર્ષે સરેરાશ ત્યાં ૨.૯૧ ટકા લાયબ્રેરીઓ વધે છે. એ હિસાબ મુજબ અત્યારે ત્યાં...

ગુલાબરાય: ફ્રાન્સની મધ્યસ્થ લાયબ્રેરીના ક્યુરેટર કોણ છે?

પ્રફુલ્લ: મોં. વરસેસ્ટો લાઓં.

ગુલાબરાય: ૧૯૩૧ના બ્રિટિશ લાયબ્રેરી કમિશનની મુખ્ય ભલામણો કઈ હતી?

પ્રફુલ્લ: સાહેબ, આપની ભૂલ થતી લાગે છે. ૧૯૩૧માં એવું કોઈ કમિશન નીમવામાં આવ્યું નહોતું. ૧૯૨૭ પછી ૧૯૩૩માં બ્રિટિશ લાયબ્રેરી કમિશન...

ગુલાબરાય: ૧૯૨૭ની કઇ ભલામણો હતી?

પ્રફુલ્લ: એ કમિશને ચાર મુખ્ય અને બીજી એકવીસ નાનીનાની ભલામણો સરકારને કરી હતી. એમાં સૌથી મહત્ત્વની એ હતી કે...

હરિદાસ: બીજો ટૂંકો સવાલ પૂછોને!

ગુલાબરાય: ૪૦ ફૂટ લાંબા અને ૨૦ ફૂટ પહોળા ઓરડામાં રીડિંગ ટેબલની સાઇઝ શી હોવી જોઇએ? વધુમાં વધુ કેટલા માણસોની વાંચવાની સગવડ તેમાં કરી શકાય?

પ્રફુલ્લ: સાહેબ, આપ ગ્રેહામ સ્કીમ પ્રમાણે જાણવા માગો છો કે મૉર્લિંગ્ટન સ્કીમ પ્રમાણે? અને ફક્ત બેસીને વાંચનારની સંખ્યા જાણવા માગો છો કે સાથે ઊભાઊભા વાંચનારની સંખ્યા પણ ખરી?

ગુલાબરાય: બેઠાંબેઠાં કેટલા વાંચી શકે?

પ્રફુલ્લ: કલાર્ક અને પટાવાળાની જગ્યા બાદ કરતાં છોંતેર વ્યક્તિઓ.

ગુલાબરાય: લાયબ્રેરીમાં ઉધઈ ન થાય એ માટે તમે શાં પગલાં લો, ને થઈ હોય તો શાં લો?

પ્રફુલ્લ: એને માટે આપણી દેશી પદ્ધતિ ત્રણ છે, અને વિદેશી પદ્ધતિ બે છે. દવાઓમાં અમેરિકાએ હમણાં શોધેલ 'સ્મોક કૅન્ડલ' વધુ અસરકારક છે. સંસ્થા કેટલા પૈસા ખર્ચવા માગે છે એના પર એનો આધાર રહે છે.

હરિદાસ: (ગુલાબરાયને) હવે બીજા કોનો વારો છે આમના પછી?

ગુલાબરાય: (પ્રફુલ્લને) બસ, પધારજો. (પ્રફુલ્લ જાય છે.)

હરિદાસ: માળો, ભારે અભ્યાસી લાગે છે. હવે બધાને એકએક મિનિટમાં પતાવી દો.

ગુલાબરાય: રવજી, વીરેન્દ્ર દોશીને મોકલ. (વીરેન્દ્ર પ્રવેશે છે.)

ગુલાબરાય: બેસો, (વીરેન્દ્ર બેસે છે.) આપે ક્યાં સુધી અભ્યાસ કર્યો છે.

વીરેન્દ્ર: બી.એ. સુધી, સાહેબ!

હરિદાસ: આપની ઉમર કેટલી?

વીરેન્દ્ર: અઠ્ઠાવીસ.

ગુલાબરાય: બોલો, નવસો રૂપિયાના બજેટમાં સરેરાશ ત્રણ રૂપિયાની એક એવી કેટલી ચોપડીઓ આવે?

વીરેન્દ્ર: છસો; ના. (વિચાર કરીને) ત્રણસો.

હરિદાસ: બરાબર છે.

ગુલાબરાય: પંદર દિવસથી વધારે પુસ્તક રાખનારને એ દરેક દિવસના બે આના દંડ થતો હોય તો વીસ દિવસ ચોપડી રાખનારને કેટલો દંડ ભરવો પડે?

વીરેન્દ્ર: વીસ દુ ચાળીસ આના. એટલે... અઢી રૂપિયા.

હરિદાસ: બરાબર છે.

ગુલાબરાય: ના, બરાબર નથી. બધું મળીને વીસ દિવસ રાખે, એટલે હકના પંદર દિવસ પછી તો પાંચ જ દિવસ વધારે રાખે.

વીરેન્દ્ર: અંહ... એટલે દસ આના, સાહેબ.

હરિદાસ: ઓહો, એ રીતે હિસાબ ગણવાનો છે? તો તો બરાબર છે.

ગુલાબરાય: (હરિદાસને) શેઠ સાહેબ, આપને કંઈ વધારે પૂછવું છે?

હરિદાસ: પૂછું ત્યારે. શી ન્યાત છો?

વીરેન્દ્ર: દશા શ્રીમાળી.

હરિદાસ: પરણેલા છો?

વીરેન્દ્ર: નાજી.

ગુલાબરાય: બસ તો, પધારજો; અને મિ. પ્રબોધ ભટ્ટને મોકલજો. (પ્રબોધ પ્રવેશે છે.)

ગુલાબરાય: તમારા પગમાં કંઈ ડિફેક્ટ છે? કેમ આમ ચાલો છો?

પ્રબોધ: (ઊભાં ઊભાં જ) મને અત્યાર સુધીમાં બે ઇન્ટરવ્યૂ લેનારાઓએ એમ કહ્યું છે. હકીકતમાં એ બંને પૂછનારને જ આંખની ડિફેક્ટ હતી. હવે, આપની બાબતમાં તો શું કહું? કદાચ મને નર્વસ બનાવવા તો આપે એમ નથી કહ્યું ને? જો એવો આપનો આશય હોય તો તે વ્યર્થ છે.

હરિદાસ: બહુ બોલબોલ કરવાનો તમારો સ્વભાવ લાગે છે!

ગુલાબરાય: બેસો તો ખરા. (પ્રબોધ બેસે છે.) બોલો, સ્પૅનિશ ભાષામાં અઢારમી સદીમાં ક્યાં ક્યાં માસિકો નીકળતાં હતાં? કોઈ પણ ત્રણનાં નામ આપો.

પ્રબોધ: કોઈ પણ એકનું જ નામ આપ પોતે આપી શકશો?

હરિદાસ: મહેરબાન, તમે...

ગુલાબરાય: મૉસ્કોની મુખ્ય લાયબ્રેરીનો રોજ કેટલા માણસો લાભ લે છે?

પ્રબોધ: જે લાયબ્રેરીનો આપ વહીવટ

કરો છો એનો રોજ કેટલા માણસો લાભ લે છે એ આપ પોતે ચોક્કસ કહી શકશો ખરા?

હરિદાસ: પૂછીએ તેનો જવાબ આપો. સામા સવાલ ન કરો. બોલો, તમારી ઉંમર કેટલી?

પ્રબોધ: મારી ઉંમર અરજીમાં લખેલી છે. આપે મારી અરજી વાંચી તો છે ને?

હરિદાસ: તમારી અરજી વાંચવા અહીં કોઈ નવરું નથી, સમજ્યા?

પ્રબોધ: અરજી તમે પૂરી નથી જ વાંચતા; માટે જ ગયે વર્ષે ઉમેદવારને બદલે પ્રમાણપત્ર લખી આપનાર સદ્‌ગૃહસ્થને તમે ઇન્ટરવ્યૂ માટે કાગળ લખ્યો હતો. ખબર છે ને?

ગુલાબરાય: ભાઈ, તમે સર્વિસ માટે બહુ સીરિયસ નથી લાગતા; નહિ તો ગમેતેમ જવાબ આપો નહિ.

હરિદાસ: તમે ઇન્ટરવ્યૂ આપવા આવ્યા છો કે અમારો ઈન્ટરવ્યૂ લેવા આવ્યા છો?

પ્રબોધ: (ઊંચા સાદે) હું તમને મોઢામોઢ સંભળાવવા આવ્યો છું. મને પૂરેપૂરી ખબર છે કે આ ટ્રસ્ટની નોકરીઓમાં પહેલાં લાંચ લઇને માણસની પસંદગી કરવામાં આવે છે, અને પછી લોકોને બતાવવા ઈન્ટરવ્યૂનું માત્ર નાટક ભજવવામાં આવે છે. મને ખાતરી છે કે આ નોકરી મને મળવાની નથી; માટે જ તમને મોઢે સંભળાવવાની આટલી હિંમત કરું છું. સમજો છો સાહેબ?

હરિ૦: બસ, હવે તમારી વાયડાઈ બંધ કરો.

પ્રબોધ: (જતાં જતાં) મારી વાયડાઈ પૂરી થઈ ગઈ છે, અને તમે મને જવાનું કહો એ પહેલાં હું આ ચાલ્યો. (જતો રહે છે.)

હરિદાસ: શું સાળા માણસો મગજમાં રાઈ રાખીને ફરે છે!

ગુલાબ૦: એ તો ગરજ નથી પડી ને ગોદા નથી વાગ્યા ત્યાં સુધી. પહેલાં નહોતો એક આવો જ વાયડો આવ્યો? પણ પછી ટ્રસ્ટ ખાતાની નોકરી માટે કેટકેટલું કરગરતો હતો?

હરિ૦: નહિ ત્યારે? ટ્રસ્ટની નોકરીઓમાં કામ કશું નહિ અને બેઠાં બેઠાં કેટલી લીલાલહેર છે એ આ ગમારોને ક્યાં ખબર છે?

ગુલાબરાય: એટલે જ આવા વાયડા માણસોને ગરજ પડે ત્યારે એમની પાસેથી બીજા કરતાં સો બસો વધારે જ લેવા. જગદીશનો દોસ્તાર નહિ પેલો યજ્ઞેશ? આના કરતાં ય વધારે વાયડો; અને એની વાંહે આપણો જગદીશે ય વાયડો થવા માંડ્યો'તો. પણ હવે એ યજ્ઞેશ પાંચછ મહિનાથી બેકાર છે તે નોકરી અપાવવા માટે રોજ જગદીશની જોડે કહેવડાવ્યા કરે છે. ચાલો, પાછું મોડું થશે. રવજી, હર્ષકાન્ત પરીખને બોલાવ. (હર્ષકાન્ત પ્રવેશે છે)

હરિદાસ: બેસો, શું નામ તમારું?

હર્ષકાન્ત: (બેસીને, હસતાં હસતાં) સાહેબ, આપ તો મને ઓળખો છો.

ગુલાબરાય: ભાઇ, આ ઇન્ટરવ્યૂ છે. તમને જેટલું પૂછીએ તેનો જવાબ આપો. બોલો, ક્યાં સુધી અભ્યાસ કર્યો છે?

હર્ષકાન્ત: અભ્યાસ બાબતની ચોખવટ તો સાહેબ પહેલેથી જ તમારી સાથે કરી છે ને?

હરિદાસ: તમને જે પૂછીએ તેનો જવાબ આપો. ના અભ્યાસ કર્યો હોય તો ના કહી દો.

ગુલાબરાય: બોલો, ફ્રેન્ચ ભાષામાં ક્યાં ક્યાં ત્રૈમાસિકો નીકળે છે?

હર્ષકાન્ત: ફ્રેન્ચ કે ગુજરાતી, સાહેબ?

ગુલાબરાય: ફ્રેન્ચ, ફ્રેન્ચ!

હર્ષકાન્ત: (હસતાં) પણ સાહેબ, આવું કંઇ પૂછવાની તમે તો મને ના પાડી હતી.

હરિદાસ: તમે ઈન્ટરવ્યૂ આપવા આવ્યા છો કે શું કરવા? બીજી ફાલતુ વાત ન કરશો.

ગુલાબરાય: તમને જે પૂછીએ તેનો મુદ્દાસર જવાબ આપો. બોલો, ચાઇનીઝ ભાષામાં...

હર્ષકાન્ત: પણ વસાવડા સાહેબ, આપની કંઇ ગેરસમજ થતી હોય એમ લાગે છે. મારું નામ હર્ષકાન્ત પરીખ. હું આપને પહેલાં મળેલો ને આપે મને ચોક્કસ કહેલું કે...

ગુલાબરાય: એ બધી પર્સનલ વાત પછી. આ ઇન્ટરવ્યૂ છે. બોલો, પારીસની સેન્ટ્રલ લાયબ્રેરીમાં કેટલાં પુસ્તકો છે?

હર્ષકાન્ત: પણ સાહેબ, આવું મને કશું જ નહિ આવડે એમ મેં આપને કહેલું છે.

ગુલાબરાય: તમને કહ્યું નહિ કે પર્સનલ વાત નહિ જોઇએ? બોલો, ઈન્ડોનેશિયામાં...

હર્ષ૦: આપની કૈં ભૂલ થતી લાગે છે. સાહેબ, આપે મારી પાસેથી પૈસા ય લઈ લીધા છે.

ગુલાબરાય: જુઓ, તમે હવે બિલકુલ મુદ્દા બહારની વાત કરો છો. તમારો ઈન્ટરવ્યૂ પૂરો થાય છે. રવજી...

હર્ષકાન્ત: (ઢીલો થતાં) પણ સાહેબ, મને આમ નર્વસ કેમ કરી નાખો છો?

હરિ૦: જુઓ, મુદ્દાની વાત. તમને નોકરી ન મળે તો તમારા પૈસા પાછા લઇ જજો; બસ?

ગુલાબ૦: પધારજો ત્યારે! (હર્ષકાન્ત ઢીલે પગલે જાય છે.) તો શેઠ સાહેબ, આપણે પેલા વીરેન્દ્ર દોશીને બોલાવીને નક્કી કરી લઇએ.

હરિદાસ: હા, સારો ઈન્ટરવ્યૂ તો એનો જ ગયો છે. બીજા બધાને તો આપણે ગોથું ખવડાવ્યું છે. એક પેલો કોણ...?

ગુલાબરાય: (કાગળમાં જોઈ) પ્રફુલ્લ શાહ. એણે સાચાખોટા પણ કડકડ જવાબ દીધા. એને ય ગોથું ખવડાવત, પણ થયું કે ચીકાશ કરવા જતાં ક્યાંક આપણે ગોથું ખાઇ જઇશું.

હરિદાસ: તો હવે વીરેન્દ્રને બોલાવી પતાવી દઇએ. રવજી, વીરેન્દ્ર દોશીને બોલાવ.

(રવજી જાય છે; વીરેન્દ્ર પ્રવેશે છે.)

ગુલાબરાય: જુઓ, બધામાંથી યોગ્ય ઉમેદવાર તરીકે તમને લેવાનું અમે ઠરાવ્યું છે.

વીરેન્દ્ર: જી, સાહેબ! થૅંક યુ સો મચ.

ગુલાબરાય: આ મહિનાની ૨૭મીએ તમને ઍપોઈન્ટમેન્ટ ઑર્ડર મળી જશે.

વીરેન્દ્ર: જી.

ગુલાબરાય: તમને એક વર્ષ માટે પ્રોબેશન પર રાખવામાં આવશે.

હરિદાસ: અને પરમેનન્ટ થવું હોય તો ઈન્ટરવ્યૂ પહેલાં જેમ મળી ગયા હતા તેમ ફરી પાછા આવીને મળી જવું પડશે; ખબર છે ને?

વીરેન્દ્ર: હા જી. આપનો ઉપકાર નહિ ભૂલું.

ગુલાબરાય: બસ, તો પધારજો. ૨૭મીએ ઑર્ડર મળી જાય કે તરત ખુશખબર આપી જજો.

વીરેન્દ્ર: હાજી. ખુશખબર આપી જઈશ.

હરિદાસ: (બે હાથના ઇશારા વડે સમજાવતાં) ખુશખબર એટલે શું તે સમજો છો ને?

વીરેન્દ્ર: હાજી.

હરિદાસ: મને એકલાને નહિ, અમને બંનેને ખુશખબર આપી જજો. શું સમજ્યા?

વીરેન્દ્ર: હા જી, બંનેને એક એક ટોપલી પહોંચાડી જઈશ. (જાય છે.)

ગુલાબરાય: આજકાલના છોકરાઓ એટલા બધા કૉમન સેન્સ વગરના હોય છે કે વ્યવહારની આવી એક નાનકડી બાબતમાં પણ સામેથી સમજાવીને કહેવું પડે છે.

પ્રવેશ ત્રીજો

[સ્થળ: એ જ; સમય: એ મહિનાના આખર દિવસની સાંજનો પાંચ વાગ્યાનો]

(બહારથી અવાજ): જગદીશ, સ્વિચ ઑન કર, તો.

જગદીશ: (ઑન કરીને) કરી...

(બહારથી અવાજ): હવે ઑફ કર, તો.

જગદીશ: (ઑફ કરીને) કરી...

(બહારથી અવાજ): ફરી ઑન કર તો...

જગદીશ: કરી; થાય છે બરાબર ચાલુ?

(બહારથી અવાજ): હા...

જગદીશ: તો રાખજે, હું આવું છું. (જાય છે.)

ગુલાબરાય: (પ્રવેશતાં) બેટા જગદીશ!

જગદીશ: (બહારથી) જી, બાપુજી. (થોડી વારે પ્રવેશીને) જી... શું કામ છે?

ગુલાબરાય: શું કરે છે ભાઈ?

જગદીશ: કંઈ કામ છે બાપુજી?

ગુલાબરાય: ના, અમસ્થો જ.

જગદીશ: બાપુજી, યજ્ઞેશ તમને મળવા

માટે આવ્યો છે.

ગુલાબરાય : હાઆ...આ... ક્યાં છે?

જગદીશ : બહાર છે. તમે આવ્યા નહોતા એટલે ત્યાં સુધીમાં આ કનેક્શન એની પાસે રીપેર કરાવી લીધું.

ગુલાબરાય : (કોટ કાઢતાં) બીજું કોઇ આવ્યું'તું બેટા? પેલી લાયબ્રેરીની નોકરી માટે એક ભાઇને બોલાવ્યા છે, પાંચ વાગ્યે.

જગદીશ: ના, બીજું તો કોઈ આવ્યું નથી.

ગુલાબરાય : (કોટ આપતાં) લે આ મારો કોટ કબાટમા મૂકજે, અંદર પૈસા છે. ને આ ટોપી ને લાકડી અંદર ખીંટીએ ભરવ.

જગદીશ : જી.

ગુલાબરાય: ને તારી બાને કે' કે ગાડી મંદિરે લઇ જવી હોય તો લઈ જાય. બે કલાક હું ઘરે છું. પણ બરાબર સાત વાગ્યે પાછી જોઇશે.

જગદીશ : જી... બા તો ક્યારના રાહ જોઇને જ બેઠાં છે. (અંદર જાય છે.)

ગુલાબરાય : (બૂમ પાડીને) રવજી... (કંઈ જવાબ ન મળતા) આ હાળા નોકરો ય ક્યાં મરી જાય છે? ખબર છે કે પાંચ વાગ્યે મને બધા મળવા આવવાના છે.

યજ્ઞેશ : (બહારથી પ્રવેશીને, ઊભાઊભા જ) જી, રવજીને જગદીશભાઇએ કંઈક કામે બહાર મોકલ્યો છે. આપને કંઈ કામ હોય તો કહો. હું કરી આપું.

ગુલાબરાય : ના, ખાસ તો કૈં નથી. હોત તો બગીચામાં થોડું પાણી છંટાવવું હતું.

યજ્ઞેશ : લાવો, હું છાંટી દઉં...

ગુલાબરાય : ના, ના. એ તમારું કામ નહિ. બેસોને; બોલો, તમારે મારું શું કામ છે?

યજ્ઞેશ : મેં જગદીશભાઇને વાત તો કરી જ છે, સાહેબ! પણ અત્યારે આપને બધા મળવા આવવાના છે, ને મારે જરા નિરાંતે વાત કરવી છે; એટલે પછી મળીશ. હું બેસું છું અહીં બહાર. (જગદીશ પ્રવેશે છે.)

ગુલાબરાય : જગદીશ, યજ્ઞેશને તેં કંઈ ચા-બા પિવડાવી છે કે નહિ? કે એમ ને એમ જ રીપેરિંગ કામ કરાવ્યું છે?

જગદીશ : (હસતાં) પિવડાવી છેને?

ગુલાબરાય : (હસતાં) તો સારું. (યજ્ઞેશને) અમારો જગદીશ આમ વૈરાગી બાવા જેવો, એટલે પોતે કશું પીએ નહિ ને બીજાને પિવડાવવાનું એને યાદ પણ આવે નહિ.

વીરેન્દ્ર : (પ્રવેશીને) વસાવડા સાહેબ!

ગુલાબરાય : હા જી. પધારો સાહેબ, બોલો શી સેવા કરી શકું? (યજ્ઞેશ બહાર જાય છે.)

વીરેન્દ્ર : સાહેબ, આ મીઠાઈની ટોપલી. ૨૭મીએ ઑર્ડર મળી જશે એમ આપે કહ્યું હતું એટલે સવારથી મીઠાઈ લાવીને રાખી હતી; પણ ત્રણ દિવસથી ઑર્ડર મળ્યો નથી, એટલે થયું કે લાવ, જાતે જ મળી આવું ને મીઠાઈ આપતો આવું. (મીઠાઈ આપે છે.)

ગુલાબરાય : (મીઠાઈ લેતાં) થૅંક યુ, થૅંક યુ!

વીરેન્દ્ર : તો સાહેબ, હવે ક્યારે મળું?

ગુલાબરાય : તમે થોડા દિવસ પછી ન મળી શકો? જરા એક ગૂંચ પડી છે; પણ આપણે એનો બીજી રીતે કંઈ રસ્તો કાઢીશું...

સૂર્યકાન્ત પટેલ : (પ્રવેશીને) વસાવડા સાહેબ, આવી શકું છું?

ગુલાબરાય : હાજી. પધારો સાહેબ, પધારો. બરાબર કહેલા વખતે આવી પહોંચ્યા છો. (વીરેન્દ્રને) તમે ભાઈ, જરા એક બે મિનિટ બહાર બેસોને. પછી બોલાવું છું તમને, હોં. (વીરેન્દ્ર જાય છે.)

સૂર્યકાન્ત: સાહેબ, આવતાંઆવતાં રસ્તામાંથી આપને માટે થોડી મીઠાઈ લેતો આવ્યો છું.

ગુલાબરાય: થૅંક યુ, થૅંક યુ! (મીઠાઈ લેતાં) હરિદાસ શેઠને મળીને આવ્યા?

સૂર્યકાન્ત : હા સાહેબ; પણ સાહેબ, કોઇ એક ભાઈ એમને ત્યાં બહાર બેઠેલા હતા. કહેતા હતા કે લાયબ્રેરીઅનની નોકરી એમને જોઇએ છે. પૈસા આપવા પણ તૈયાર છે.

ગુલાબરાય : ભાઈ, સાડા ચારસોની બેઠાબેઠની જ નોકરી છે. પછી તો સૌને એમ થાય જ ને, કે પોતાને મળી જાય તો સારું.

સૂર્યકાન્ત: જી, પણ મારું તો નક્કી જ છે ને?

ગુલાબરાય : હા, હા, તમારું તો નક્કી જ છે. તમારો તો ઈન્ટરવ્યૂ પણ નથી લીધો, એટલા પરથી જ સમજી જાઓને. ઈન્ટરવ્યૂમાં કોઇ લાયક માણસ ન મળે તો બહારથી કોઈ લાયક ઉમેદવારને, એની અરજી ન આવી હોય તો પણ, લેવાની અમારી સત્તા છે. તમને તો આવી ખાસ સત્તા વાપરીને લીધા છે. પછી એમાં કંઇ પૂછવાનું હોય?

સૂર્યકાન્ત : તો પણ, સાહેબ, હરિદાસ શેઠ પેલા ભાઇને હા પાડી દે તો?

ગુલાબરાય : અરે, એમ શું ગભરાઓ છો! જુઓ, આ તમારો ઍપૉઈન્ટમેન્ટ લેટર પણ ટાઈપ થઇને આવી ગયો છે, વાંચો. (આપે છે.)

સૂર્યકાન્ત : (વાંચીને) થૅંક યુ સાહેબ. તો આ હવે હું લઈ જાઉં?

ગુલાબરાય : હા, હા. જરૂર... પણ, જરા એક મિનિટ. મને લાગે છે કે એમાં હરિદાસ શેઠની સહી બાકી છે.

સૂર્યકાન્ત : હરિદાસ શેઠે એમાં હજુ સહી નથી કરી? જોજો સાહેબ, મને રખડાવતા નહિ.

ગુલાબરાય : ના, ના. અરે એમ તે હોય? આ તો એક જરા ટેકનિકલ ડિફિકલ્ટી ઊભી થઈ છે. એટલા માટે જ મેં તમને અત્યારે બોલાવ્યા છે. એ પતી જાય એટલે તમે અત્યારે જ ઑર્ડર લઇને જાવ હરિદાસ શેઠ પાસે. તરત સહી કરી આપશે.

સૂર્ય૦: શી ડિફિકલ્ટી ઊભી થઇ છે સાહેબ?

ગુલાબરાય: કહું તમને. બેસોને, જરા નિરાંતે અઢેલીને બેસોને.

જગદીશ : બાપુજી...

ગુલાબરાય : શું છે બેટા?

જગદીશ : કાંઈ નહિ, તમે ભાઈની સાથે વાત પતાવી લો, પછી કહું...

ગુલાબરાય : શું છે બોલને? (સૂર્યકાન્તને) ભાઈ, તમે જરા એક બે મિનિટ બહાર બેસશો? હું તમને બોલાવું છું. (સૂર્યકાન્ત જાય છે.) બોલ, શું છે બેટા?

જગ૦: આ લાયબ્રેરીયનની નોકરી માટે...

ગુલાબરાય : હાં.

જગદીશ : તમે આ ભાઈ સાથે એનું નક્કી કરો છો ને? પણ યજ્ઞેશ, બાપુજી, પાંચ છ મહિનાથી બેકાર છે. ઇલેક્ટ્રિકનું ફિટિંગ-રીપેરિંગ શીખ્યો છે, પણ એને કામ નથી મળતું. તો બાપુજી, આ નોકરી એને ન અપાવી શકો? મને કેટલાય વખતથી કહ્યા કરે છે.

ગુલાબરાય : એમાં એનું કામ નહિ. એ કંઈ પૈસા કાઢે નહિ. તને ખબર છે કે અમે ચોખ્ખી નીતિવાળા માણસો છીએ. સગો બાપ આવે કે દીકરો આવે, જેમ બધા પાસેથી તેમ એની પાસેથી પૈસા લેવાના. આપણા જમાઇ સુમતિલાલને પણ આપણે ક્યાં પૈસા વગર નોકરી અપાવી છે? જો એમ ના રાખ્યું હોત તો તો બધા સગપણ કાઢતા આવ્યા હોત; અને જો બધાને મફતિયા ઘુસાડયા હોત તો મારે ને હરિદાસ શેઠને જરા પણ બન્યું ન હોત, અને હરિદાસ શેઠે બધો વહીવટ પચાવી પાડયો હોત.

જગદીશ : બાપુજી, યજ્ઞેશને પૈસા આપવા તો મેં સમજાવ્યું છે; પણ અત્યારે એની પાસે પૈસા નથી, તો નોકરી મળ્યા પછી થોડા થોડા બચાવી ચારેક માસમાં આપે તો ન ચાલે?

ગુલાબરાય : બિલકુલ ન ચાલે. એવું પણ એકબે વખત કરી જોયું'તું. એમાં તો પૈસા મેળવવા માટે અમારે જ સામેથી રોજ ધક્કા ખાવા પડે ને આપનાર આપણા ઉપર ઉપકાર કરતો હોય એમ પાછો દેખાવ કરે.

જગદીશ: પણ હું એને માટે ખાતરી આપું.

ગુલાબરાય : એ ય ન ચાલે. મારે હરિદાસ શેઠને બધો જ હિસાબ બતાવવો પડે. એટલે એમાં તો પૂરેપૂરા રોકડા પૈસા પહેલા જોઇએ.

અને હવે તો તેમાં ય પાછી આ વખતે તો એક મોટી ગૂંચ ઊભી થઇ છે.

જગદીશ : શું થયું છે, બાપુજી?

ગુલાબરાય : બહુ મોટી ગૂંચ ઊભી થઇ છે, દીકરા. આટલાં વર્ષોમાં કદી આવું નથી બન્યું.

જગદીશ : શી ગૂંચ પડી છે? પેલા હર્ષકાન્ત પરીખને લેવાનું પાછું નક્કી થયું છે?

ગુલાબરાય : ના, રે. એને તો ક્યારના એના પૈસા પાછા આપી દીધા.

જગદીશ : તો પછી જે બે ભાઇઓ આવ્યા તેમાંથી કોઇને લેવા બાબત...

ગુલાબ: એનો તો સવાલ જ નથી. પહેલા આવ્યા એને તો આપણે લેવાના જ નથી.

જગદીશ : કેમ એમ, બાપુજી?

ગુલાબરાય: આપણને બધા આવા ને આવા હલકા માણસો મળે છે. આપણે બધાની સાથે ચોખ્ખી વાત કરીનેચાલીએ,ને લોકો પૈસા ની બાબતમાં જ્યાં ને ત્યાં આપણી વગોવણી કરતા ફરે. પેલો હર્ષકાન્ત... એને ચોખ્ખું કહ્યું હતું કે તારે ક્યાંય વાત કરવી નહિ; છતાં એણે આપણને પૈસા આપ્યા તે ઘડીથી જ પોતાની નોકરી નક્કી થઈ ગઈ છે એમ બધાને કહેવા માંડયું. પછી મને ચડી દાઝ. ઇન્ટરવ્યૂમાં એને નાપાસ કર્યો ને દઈ દીધા પૈસા પાછા. બીજો આ વીરેન્દ્ર; પંદર દિવસમાં એણે સત્તર ઠેકાણે કહ્યું કે ટ્રસ્ટી સાહેબને આપેલા પૈસા ટ્રસ્ટ ખાતામાંથી છ મહિનામાં હું ન મારી ખાઉં તો મારું નામ વીરેન્દ્ર નહિ.

જગદીશ : એટલે તમે આ સૂર્યકાન્તને...

ગુલાબરાય : હા, બીચારો બહુ સીધો માણસ લાગે છે. એની પાસેથી પૂરા પૈસા પણ આવી ગયા છે. પણ...ત્યાં લાયબ્રેરીયન હલીચંદે એક ટેકનિકલ મુશ્કેલી ઊભી કરી છે. લોકો બધા આપણને આવા ને આવા જ મળે છે. હું તો હવે કંટાળી ગયો છું.

જગદીશ : કેમ, બાપુજી?

ગુલાબરાય: આપણા ટ્રસ્ટ ખાતાની ઑફિસ કેટલી રેઢિયાળ છે એ તો જો!

જગદીશ : કેમ? શું થયું?

ગુલાબરાય : આપણે જાહેરખબર આપી. બધાના ઈન્ટરવ્યૂ લીધા. ઉમેદવાર પસંદ કર્યો. આ ઑર્ડર પણ ટાઈપ થઇને આવી ગયો; પણ ત્યાં હવે હલીચંદ કહે છે કે હું તો હજુ બે વર્ષ નોકરીમાં ચાલુ રહેવાનો છું.

જગદીશ : શી વાત કરો છો, બાપુજી? પણ એ બને કેવી રીતે?

ગુલાબરાય : એ માણસે અત્યાર સુધીમાં દસેક વાર નોકરી છોડી દેવાની વાત કરી હશે, તો પણ મેં એને કહ્યું કે તમારી તબિયત સારી ન રહેતી હોય તો ય નોકરી શું કામ છોડો છો? બેઠાંબેઠાં પગાર મળે છે. એમ કરીકરીને મેં એને અત્યાર સુધી નોકરી કરાવી અને એ હર વખત આપણને રાજી-કરી જતો હતો. અને હવે નિવૃત્ત થવાનો વખત આવ્યો ત્યારે કહે છે કે મારો તો હજુ બે વર્ષ રહેવાનો હક્ક છે! દુનિયામાં કોઇના પર ઉપકાર કરવા જેવો નથી બેટા.

જગદીશ : પણ એ બને જ કેવી રીતે, નિવૃત્ત થયા પછી?

ગુલાબરાય : એ જ મોંકાણ છેને! એની અરજીમાં જન્મ તારીખ ૧૮૯૬ની છે, અને મ્યુનિસિપલ બર્થડેઈટમાં તારીખ ૧૮૯૮ની છે. મેરી બિલ્લી, ઔર મેરેકું મિયાંઉ, એના જેવું એણે કર્યું છે. હવે કહે છે અરજીમાં તો 'ટાઇપિંગ એરર' હોઈ શકે. તમે મને બર્થડેઈટ સર્ટિફિકેટ પ્રમાણે જ નિવૃત્ત કરી શકો! મીંઢો માણસ!! અત્યાર સુધી કશું બોલ્યો નહિ. આપણા દર વર્ષના રેકર્ડમાં એની ખોટી તારીખ જ ચાલ્યા કરે. અને હવે એણે જૂની ફાઇલો કઢાવી સાચી તારીખ બતાવી છે!

જગદીશ : પણ તો પછી એમણે પહેલાં કેમ ન કહ્યું? છેક અત્યારની ઘડીએ બોલ્યા?

ગુલાબદાસ: એને પૈસા ખાવા છે; બીજું શું? પૂરો લાંચિયો માણસ છે. કહે છે, ત્રણ માસનો પગાર ખાનગીમાં આપી દો તો રાજીનામું લખી આપું; નહિ તો મારી નોકરી ચાલુ છે.

જગદીશ : તો ભલેને નોકરીએ ચાલુ રહે.

ગુલાબરાય : અરે, એ તો માંદો માંદો ય રોજ આવીને બેસશે ને કૈંક કાળાંધોળાં કરશે; ને ઉપરથી આપણી ફજેતી થશે તે જુદી.

જગદીશ : તો એનો બીજો કંઈ રસ્તો નથી?

ગુલાબરાય : એ રસ્તો કાઢવા જ આ છોકરાને બોલાવ્યો છે અત્યારે. હલીચંદનો ત્રણ મહિનાનો પગાર વધારામાં આપવા તૈયાર હોય તો આપીને લઈ જાય ઑર્ડર; નહિ તો આપણે બીજા કોઇને બોલાવી લઈશું; પણ એ હલીચંદને તો એક વખત કઢાવવો જ છે.

જગદીશ : એવું હોય તો, બાપુજી, હું યજ્ઞેશને પૂછી જોઉં. એને નોકરીની એટલી બધી જરૂર છે કે દર મહિને થોડા થોડા બચાવીને પણ તમને એટલા પૈસા આપવા તૈયાર થાય.

ગુલાબદાસ : એ ના ચાલે. રોકડા પૈસા પહેલાં હાથમાં જોઇએ; નહિ તો હરિદાસ શેઠ મારો ઉધડો લઈ નાખે તો!

જગદીશ : તો બાપુજી, બીચારા માટે કંઈ જ નહિ થઈ શકે? બીજી નોકરી ક્યારે ખાલી પડે ને ક્યારે એની પાસે પૈસા ભેગા થાય?

ગુલાબરાય: પણ ધારો કે એ પાછળથી પૈસા ના આપે તો? એનો વિશ્વાસ શો?

જગદીશ : એની હું તમને ખાતરી આપું છું.

ગુલાબરાય: પણ મારે તો અત્યારે જ રોકડા પૈસા જોઇએ. આ બે છોકરા આવ્યા છે એને પણ બતાવી શકું કે તમારા કરતાં વધારે આપનાર એ છે એટલે હું એને લઉં છું.

જગદીશ : પણ બાપુજી એ પૈસા લાવે ક્યાંથી? એની પાસે તો...

ગુલાબરાય : (વિચાર કરી) તો એમ કર. તું ખાતરી આપતો હોય તો અત્યારે ઘરમાંથી એને રૂછીના આપ, અને પછી એ આપણને આપી દે; પણ બધી જવાબદારી તારી.

જગદીશ : હા; એ રસ્તો બરાબર છે. તો હું કેટલા રૂપિયા કબાટમાંથી લાવું?

ગુલાબરાય: એટલા બધા તો અત્યારે ઘરમાં પણ કદાચ નહિ હોય. એમ કરને, જેટલા હોય એટલા આપ. હું જાણે બધા આવી ગયા છે એમ ઉપરઉપરથી ગણીને ખિસ્સામાં મૂકી દઈશ.

જગદીશ : ભલે, તો હું બોલાવું યજ્ઞેશને.

ગુલાબરાય: અરે એમ નહિ. તું પહેલાં પેલા બંને છોકરાઓને બૂમ પાડ. અને એ આવે એટલે અંદર જઈ, પાછળને દરવાજેથી યજ્ઞેશને પૈસા આપી દેજે; નહિ તો આ છોકરાઓને વહેમ પડી જશે. સૌ જાણે છે કે યજ્ઞેશ બેકાર છે.

જગદીશ : જી, બાપુજી.

ગુલાબ૦: અને જો, યજ્ઞેશ બેકાર છે ને આ છે પૈસાનું કામ. લઇને ભાગી ન જાય એ ધ્યાન રાખજે. લક્ષ્મીથી કોનું મન ચલિત થતું નથી?

જગદીશ : યજ્ઞેશ એવું કરે જ નહિને!

ગુલાબ૦: તો યે સાવચેતી રાખવી સારી. એ દાખલ થાય ત્યાર પછીથી જ તું અંદર આવજે. જોજે, આ બહારના દરવાજેથી નહિ; જ્યાંથી જાય છે એ જ બારણેથી પાછો આવજે.

જગદીશ : જી.

ગુલાબરાય : ને યજ્ઞેશને કહેજે કે બરાબર નાટક ભજવે. એ તો વેદિયો છે. કંઈ ઓડનું ચોડ ન વેતરી નાખે.

જગદીશ : જી. (વીરેન્દ્ર ને સૂર્યકાન્તને બોલાવે છે. બંને પ્રવેશે છે ને જગદીશ અંદરના દરવાજેથી બહાર જાય છે.)

ગુલાબરાય : (હસતાં હસતાં) પધારો સાહેબો, પધારો. બહુ ખોટી કર્યા આપ બંનેને, નહિ? બેસો, નિરાંતે બેસો. હવે જે ગૂંચ ઊભી થઈ છે તેની હું તમને વાત કરું.

વીરેન્દ્ર : સાહેબ, આ ભાઈ મીઠાઈ લઇને આવ્યા ત્યારથી જ સમજી ગયો છું કે શી ગૂંચ છે.

સૂર્ય૦: ને એ ભાઇ મીઠાઈ આપીને બેઠા'તા ત્યારથી મારા મનમાં શંકા ઊભી થઇ છે.

વીરેન્દ્ર: ને ખરું જોતાં, સાહેબ, પેલા એક ભાઇ બહાર બેઠા છે એમને જોઇને અમને

બંનેને શંકા થવા લાગી છે.

સૂર્યકાન્ત: અમને લાગે છે કે ગૂંચ ઘણી મોટી હોવી જોઇએ.

ગુલાબરાય: તમારી વાત સાચી છે; પણ તમે ધારો છો એના કરતાં ય મોટી છે. હવે જે છે તેનો તમારે ત્રણેયે ઉકેલ લાવવાનો છે. જુઓ, હું તો પ્રામાણિકતાથી ને ચોખ્ખી નીતિથી ચાલવાવાળો છું. જે છે એ સાચેસાચું તમારી આગળ મૂકું છું.

વીરેન્દ્ર: શું સાહેબ?

ગુલાબરાય: કહું.એમ કરીએ; પેલા ભાઇને પણ બોલાવી લઇએ. એટલે તમે ત્રણે મળીને નક્કી કરી શકો. (બૂમ પાડે છે) યજ્ઞેશ...

યજ્ઞેશ: (પ્રવેશીને) જી, સાહેબ.

ગુલાબરાય: આવો ભાઈ, બેસો.

યજ્ઞેશ: સાહેબ,મારે ઉતાવળ નથી. આપને ડિસ્ટર્બ તો નથી કરતોને?

ગુલાબરાય: જરા ય નહિ. બેસો. (યજ્ઞેશ બેસે છે.)તમારે પણ આ નોકરી જોઇએ છેને?

યજ્ઞેશ: હા સાહેબ, જો મળી જાય તો...

ગુલાબરાય: તો હવે તમારા ત્રણમાંથી કોને લેવા એ તમે જ નક્કી કરી આપો. હું તો જે મુશ્કેલી ઊભી થઈ છે તે તમારી આગળ મૂકું છું.

સૂર્યકાન્ત: શી મુશ્કેલી ઊભી થઈ છે?

ગુલાબરાય: મુશ્કેલી એ, કે અમારા લાયબ્રેરિયન દલીચંદને નિવૃત્ત થવાને હજી બે વર્ષની વાર છે. (જગદીશ પ્રવેશે છે.)

સૂર્યકાન્ત: શી વાત કરો છો, સાહેબ?

વીરેન્દ્ર: તો તો પછી, સાહેબ...

ગુલાબરાય: હું કહું તે સાંભળો. ઑફિસની કંઇ ભૂલને લીધે અમે એમ ધારી લીધેલું કે તેઓ આ ચાલુ વર્ષમાં નિવૃત્ત થવાના છે.

યજ્ઞેશ: તો તો સાહેબ, અમને હવે નોકરી મળે જ કેવી રીતે?

ગુલાબરાય: હું પણ એ જ કહું છું; પણ...

જગદીશ: આમાંથી કંઇ રસ્તો નીકળી ન શકે, બાપુજી?

ગુલાબરાય: નીકળે એમ છે. દલીચંદની તબિયત સારી રહેતી નથી, એટલે રાજીનામું આપવાનું મેં એને સમજાવ્યું છે; પણ તો, એ માટે એ ત્રણ મહિનાનો પગાર ખાનગીમાં માગે છે.બોલો એટલી રકમ વધારાની તમારામાંથી આપવા કોઈ તૈયાર છે?

યજ્ઞેશ: એ તો બહુ વધારે કહેવાય.

વીરેન્દ્ર: હા સાહેબ, આટલા બધા પૈસા ફરી એકદમ ક્યાંથી કાઢવા?

જગદીશ: નોકરી જોઈતી હોય તો એટલા વધારે પૈસા આપવા પણ પડે.

સૂર્યકાન્ત: સાહેબ, એટલા પૈસા હું આપી જાઉં, પણ મને પંદરેક દિવસનો ટાઇમ આપો.

ગુલાબરાય: ભાઇ, પૈસા તો અત્યારે જ જોઇએ. ઘરેથી લાવી શકો એમ હો તો જાઓ, અરધા કલાકનો તમને ટાઇમ આપું છું. કોઈ પણ હિસાબે આજે આ બધું પતાવી જ દેવાનું છે; નહિ તો પછી વાત આવતા મહિના પર જાય. માટે પૂરતો વિચાર કરી જુઓ.

સૂર્યકાન્ત: આપ હમણાં મારા વતી ભરી ન દો?હું પાંચેક દિવસમાં ગમેતેમ કરીને પણ...

ગુલાબરાય: અમારાથી પૈસા ન અપાય.

જગદીશ: જેમ તમે માગો છો તેમ આ ભાઇઓ માગે તો તેમને પણ આપવા પડેને?

યજ્ઞેશ: આવી કંઇક મુશ્કેલી કલ્પીને પૈસા તો હું લાવેલો જ છું; પણ સાહેબ, નોકરી મળશે એની મને પાકી ખાતરી આપો છો?

ગુલાબરાય: પૂરેપૂરી પાકી ખાતરી.

વીરેન્દ્ર: (સહજ રોષમાં) સાહેબ, આ આપ ખોટું કરો છો. સૌથી પહેલા તો પૈસા હું આપી ગયો છું. અને હવે આપ આ ભાઇને નોકરી આપી દો એ બરાબર થતું નથી.

ગુલાબરાય: જે વધારે પૈસા આપે એને નોકરી આપવી એ મારો ચોખ્ખો સિદ્ધાંત છે. પછી એમાં પહેલાબીજાનો સવાલ ક્યાં રહ્યો?

વીરેન્દ્ર: પણ સાહેબ, કોઈ વધારે લાંચ આપે એટલે તમે એકને પડતો મૂકીને બીજાને લ્યો ને બીજાને પડતો મૂકીને ત્રીજાને લ્યો, એ તમારી પદ્ધતિ જ ખરાબ છે.

ગુલાબરાય: તો પછી તમે આપોને વધારે પૈસા! તમને કોઈ ના કહે છે? અને અમે ક્યાં નોકરી આપ્યા વગર તમારા પૈસા હોઈયાં કરી જઇએ છીએ? એવો અનીતિનો પૈસો અમને પચે પણ નહિ, સમજ્યા?

સૂર્યકાન્ત: સાહેબ, આ ભાઈ આપે છે એના કરતાં ય હું તમને વધારે પૈસા આપું. પણ મને પાંચેક દિવસનો ટાઇમ આપો.

ગુલાબરાય: ભલે, તો તમે આવીને...

યજ્ઞેશ: પણ ધારો કે સાહેબ, એ ન આવ્યો તો? અને પાંચ દિવસ પછી એ સો વધારે આપે તો હું બસો વધારે આપીશ.

ગુલાબરાય: તમને ત્રણેને સાથે બોલાવ્યા એ જ ખોટું કર્યું. આવા કામમાં ચડસાચડસી હમેશાં થાય જ. એટલે જ હું બે જણને કોઈ દિવસ સાથે બોલાવતો નથી; પણ આ તો તમે બધા મારા અંગત પરિચિત છો એમ ધારીને મેં તમને બોલાવ્યા, તો તમે ઊલટાનો મને કફોડી સ્થિતિમાં મૂકી દીધો.

જગદીશ: આ સ્થિતિમાં તો, બાપુજી, જે હાલ પૈસા આપવા તૈયાર છે એના લઇ લો.

ગુલાબરાય: હા, એ જ બરાબર છે.

યજ્ઞેશ: (ખિસ્સામાંથી પૈસા કાઢતાં) તો સાહેબ, નોકરી મને જ આપો છોને?

ગુલાબરાય: હા,હા. તમને જ. પૈસા આપો એટલે તરત ઑર્ડર ટાઇપ કરાવી આપું, અને હરિદાસ શેઠની સહી પણ મંગાવી આપું.

(યજ્ઞેશ પૈસા આપે છે. ગુલાબરાય નોટો ઉપરછપરથી ગણી ખિસ્સામાં મૂકે છે.)

વીરેન્દ્ર: તો મારા પૈસા હવે પાછા આપી દો.

સૂર્યકાન્ત: અને મારા પૈસા પણ સાહેબ!

ગુલાબરાય: પાછા જોઈતા હોય તો પાછા લઇ જાઓ. નહિ તો આ નહિ ને બીજી નોકરી. ટ્રસ્ટની નોકરીઓનો ક્યાં તોટો છે? દર વર્ષે કોઈ છોડી જાય, કોઈ માંદું થાય, કોઈ મરી જાય, કોઇ નિવૃત્ત થાય...તમારા નસીબમાં આના કરતાં વધારે સારી નોકરી નહિ લખાએલી હોય એની કોને ખબર છે?

વીરેન્દ્ર: ફરી નોકરીની જાહેરખબર આવશે ત્યારે જોઈશું. આ પૈસા તો પાછા આપો.

સૂર્ય૦: ફરી જરૂર પડશે તો આપી જઈશું.

ગુલાબરાય: ભલે, એમ. તો બોલો, ક્યારે આવીને પાછા લઈ જશો?

વીરેન્દ્ર: આમાંથી જ અત્યારે આપી દોને.

ગુલાબરાય: આમાંથી જ આપી દેત. પણ એક તો આ તમને બંનેને પૂરા થાય એટલા પૈસા નથી,ને બીજું હજુ હરિદાસ શેઠ સાથે... (એવામાં ત્રણ માણસો અંદર પ્રવેશે છે તેમને જોઇને) પધારો, પધારો, સજ્જનો, પધારો. બોલો, તમારે માટે હું શું કરી શકું?

પહેલો માણસ: વસાવડા સાહેબ...

ગુલાબરાય: આપ સાહેબો જરા બેચાર મિનિટ બહાર ન બેસી શકો? આ ત્રણ ભાઈઓ સાથે હું થોડું કામ પતાવી લઉં.

પહેલો માણસ: (નજીક આવતાં)સાહેબ, અમે બહાર ઘણું બેઠા છીએ અને એ ત્રણ ભાઇઓ સાથેનું તમારું કામ પતી પણ ગયું છે. હવે થોડું અમારી સાથે કામ પતાવવાનું છે.

ગુલાબ૦: તો થોડી વાર બહાર ઊભા રહો.

પહેલો માણસ: હવે તો સાહેબ, તમારે જ બહાર આવવું પડશે. અમે ઍન્ટી કરપ્શન બ્રાન્ચના સી. આઈ. ડી. છીએ અને તમારી ધરપકડનું વૉરંટ લાવ્યા છીએ.

ગુલાબ૦: (ઊભા થતાં) હેં! શું કહ્યું! દુષ્ટો! બહાર નીકળો, મારા ઘરમાંથી બહાર નીકળો; નહિ તો તમારા પર ઘરપ્રવેશની...

પહેલો માણસ: એ કશું જ ચાલવાનું નથી સાહેબ. તમે રીતસર લાંચ લેતાં પકડાયા છો. આ બધા સાક્ષી છે. (બીજા બે માણસો ગુલાબરાયના હાથ પકડે છે.)

ગુલાબરાય: અરે છોડો, હરામખોરો! મેં

તો મારા પોતાના આપેલા પૈસા પાછા લીધા છે. પૂછો એ આપનારને.

પહેલો માણસ: એ ચાલાકી હવે રહેવા દો. અમારે કોઇને પૂછવાની જરૂર નથી. કૅમેરાએ ફિલ્મ ઉતારી લીધી છે અને ટેઈપ રેકર્ડિંગે તમારી વાતચીત નોંધી લીધી છે. એમાં તમે હવે કશું જ ફેરવી શકો એમ નથી. (બીજા બે માણસોને) એમને બેડી પહેરાવો ને એમના ખિસ્સામાંથી નિશાનીવાળી નોટો કાઢો.

ગુલાબરાય: આ નોટો પર નિશાની છે? યજ્ઞેશ, આ બધાં તારાં જ કારસ્તાન. (બેડી પહેરાવતા માણસોને હડસેલવા જતાં) બેટા જગદીશ, તું જોયા શું કરે છે?

પહેલો માણસ: ખબરદાર, જો કોઈ વચ્ચે આવ્યા છો તો. સાહેબ, બેડીઓ સીધેસીધી પહેરી લો, નહિ તો બળજબરીથી...

યજ્ઞેશ: સાહેબ, હવે દેશ આઝાદ થયો છે ને જમાનો બદલાઈ ગયો છે. આખી જિંદગી તમે વગર મહેનતનો પૈસો કમાવા મહેનત કરી. હવે તો ઘડી જેલમાં જઈ આરામ કરો.

ગુલાબરાય: તારો બાપ આ બધો પૈસો આપી ગયો હશે!

યજ્ઞેશ: તમારા બાપે તમને વારસામાં કશું આપ્યું નથી ને કમાણીનું બીજું સાધન નથી; તો પછી આ બંગલો, મોટર ને જમીન–બધું ક્યાંથી આવ્યું એ સરકારી તપાસમાં બતાવજો.

ગુલાબરાય: તું આવો બદમાશ નીકળ્યો, હરામખોર! અલ્યા જગદીશ! વેદિયા! જોયાં આ તારા દગલબાજ મિત્રનાં કારસ્તાન?

યજ્ઞેશ: પણ એ કારસ્તાન તમારા જગદીશની સહાયથી જ પાર પડ્યું છે.

ગુલાબરાય: (ગુસ્સામાં) હેં જગદીશ?

જગદીશ: (શાંતિથી) હા બાપુજી.

ગુલાબરાય: તેં આ બધું કરાવ્યું? બોલતાં જીભ કેમ કપાઈ જતી નથી? દીકરો થઇને બાપને પકડાવતાં ફાટી કેમ નથી પડતો કપાતર!

જગદીશ: (શાંતિથી) મેં તમને હજાર વાર સમજાવ્યું છે, કેટકેટલી વાર તમારી સાથે લડ્યો છું અને તમારું ઘર છોડીને નાસી ગયો છું, છતાં પણ તમે માન્યા નહિ એટલે નછૂટકે મારે બનાવટ કરી આ રસ્તો લેવો પડ્યો છે. અને એનું મને દુઃખ પણ છે; પણ મારે નથી જોઇતો તમારો વહીવટનો આ વારસો, ને નથી જોઈતી આ બંગલા-મોટરની સાહ્યબી.

ગુલાબરાય: (જતાંજતાં) તારા ભાગ્યમાં એ ભોગવવાનું જ નથી. તું ભિખારી શું ભોગવવાનો હતો, નાલાયક? તેં તારા બાપદાદાનું નામ બોળ્યું. એના કરતાં તો પથરો પાક્યો હોત તો વધારે સારું, કપાતર! તારું કાળું મોંઢું લઇને ડૂબી કેમ ના મર્યો, પેલા ભવના વેરી?

રવજી: (દોડતાં પ્રવેશીને) સાહેબ, સાહેબ! પેલા ઈન્ટરવ્યૂ આપવા આવેલા ભાઇએ હરિદાસ શેઠને પકડાવી દીધા.

ગુલાબદાસ: અહીં પણ એ જ મોંકાણ છે. (બે માણસો એમને બહાર લઈ જાય છે.)

વીરેન્દ્ર: (સૂર્યકાન્તને) ચાલો, તો આપણું હવે અહીં શું કામ છે?

સૂર્ય૦: આપણા પૈસા પાછા લેવા માટે તો કંઈ કરવું જોઇશેને? એમના દીકરાની પાસે...

પહેલો માણસ: તમારે બંનેને પણ સાથે આવવું પડશે, આ મીઠાઈની ટોપલીઓ લઇને. તમારા પર લાંચ આપવાનો આરોપ છે.

વીરેન્દ્ર–સૂર્યકાન્ત: અરે પણ અમે ક્યાં...

પહેલો માણસ: (કડક અવાજે) એ કશું જ નહિ ચાલે. ચાલો સીધાસીધા; નહિ તો બેડી પહેરવી પડશે.

યજ્ઞેશ: (જગદીશને) ચાલો, આપણું કામ ઠીક પાર પડી ગયું. અને હરિદાસને પકડાવવામાં પ્રબોધ ભટ્ટે પણ કામ બરાબર પાર પાડી આપ્યું લાગે છે. હવે તું આ રેકર્ડિંગનું કનેકશન કાઢી નાખી વાયર લપેટી લે.

જગદીશ: (કનેકશન કાઢી વાયર લપેટતાં) રવજી, બા આવે તો કહેજે કે બાપુજી ગયા છે અને ભાઈ હવે આ ઘેર રહેવાના નથી.*

(પડદો)

* આ નાટક ભજવતાં પહેલાં કર્તાની સંમતિ આવશ્યક છે, જે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈના સરનામેથી એમની પાસેથી મળી શકશે.

અનુસંધાન] **ઓરી અછબડા બળિયા** [પૃ. ૨૬૨થી

રંગના હોય છે, જે ૧૨થી ૨૪ કલાકમાં પ્રવાહી ભરાએલા (vesicular) બનતાં પારદર્શક ને ચળકતા બને છે. એક કે બે દિવસ પછી તે અપારદર્શક ને મેલા બને છે, જે પછી સુકાઈ ભીંગડાં બને છે. ૧૦ કે ૧૫ દિવસમાં એ ભીંગડાં ખરી પડી તેની જગ્યાએ રંગીન ડાઘા રહે છે.

અછબડાના દાણાની વિશિષ્ટતા એ છે કે તે એકદમ નીકળતા નથી પણ વારાફરતી નીકળીને કરમાય છે. આવું ચાર દિવસ સુધી થાય છે. આને લોકભાષામાં 'અછબ આવે ને અછબ જાય' એમ કહેવામાં આવે છે. છાતી અને ડોક ઉપર દાણા નીકળવા શરૂ થઈ ચહેરા સહિત આખા શરીર ઉપર–તાળવામાં સુદ્ધાં પથરાય છે. રોગ દસ દિવસથી વધુ ભાગ્યે જ ચાલે છે અને કદીક ધ્યાનપાત્ર ન નીવડે એવો નજીવો હોય છે.

આ રોગનું કારણ પણ વિષાણુ જ છે. સંક્રમણકાળ ૧૧થી ૨૧ દિવસનો, પણ મોટા ભાગે પખવાડિયાનો છે. ખાસ કરીને બાળકોનો રોગ હોવા છતાં મોટાઓને પણ થઈ આવે છે. એક વખતના હુમલા પછી રોગમુક્તિ પ્રાપ્ત થાય છે, પણ કદીક બેત્રણ વાર થયાનું જાણવા મળે છે. ભીંગડાં ઊખડ્યા પછી રોગ ચેપી રહેતો નથી. મોટા માણસોમાં રોગ પછીની અશક્તિ સતાવનારી નીવડે છે. ખીચોખીચ દાણા નીકળે ત્યારે રોગ પ્રાણઘાતક નીવડે છે. બાળરોગીને આડરોગોમાં ક્ષય, એન્કેફેલાઇટિસ (મગજનો સોજો) અને લકવો થવા સંભવ છે.

રોગમાં ખજવાળ ત્રાસજનક છે. એને માટે ઍન્ટિસેપ્ટિક ઑઈલ કે પોટાશ પરમૅન્ગેનેટનું લોશન લગાડવું. રોગી દાણા ન ખજવાળે તે જાળવવું. ખજવાળથી પરુ ને તેના પરિણામે ચાઠાં પડી જવાની બીક છે.

ઓરી, અછબડા ને બળિયા એ બાળકોના ચેપી રોગો છે. બળિયા એ મનુષ્યજાતનો મોટો દુશ્મન છે અને એનો ઇતિહાસ મા[illegible] જેટલો જૂનો છે. પ્લેગ, બળિયા, ટાઈફસ, કૉલેરા ને મલેરિયા આ પાંચ રોગોએ દુનિયાની વસતિના વધારાને કાબૂમાં રાખ્યો છે. એમનાથી દુનિયાનો કોઈ દેશ બચ્યો નથી.

રોગોનાં થવાનાં અને ફેલાવો પામવાનાં કારણોના ઝીણવટભર્યા અભ્યાસ અને સંશોધનો બાદ રોગ અટકાવનારાં શક્તિશાળી સાધનો અસ્તિત્વમાં આવ્યાં છે, જેના વડે રોગચાળો થોડા સમયમાં અંકુશમાં આણી શકાય છે. બળિયા માટે રોગનિવારક સાધન બળિયાની રસી છે. બાળપણમાં અને બીજી વખત બારમે વર્ષે રસી ટંકાવ્યાથી બળિયાના રોગમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ઓરી અને અછબડા માટે આવી કોઈ રોગનિવારક રસી નથી. આ ઉપરાંત આ રોગોના ફેલાવાને અટકાવવા રોગીને બને એટલો એકલો રાખવો. ચેપ લાગવાની હકીકત આયુર્વેદના આચાર્યોને પૂરેપૂરી જાણીતી હતી. સોળમા સૈકામાં થઈ ગએલા પંડિત ભાવમિશ્રે બળિયા અંગે લખતાં લખ્યું છે કે

स्थापयेत्तं स्थले पूते रम्ये रहसि शीतले।
ना शुचिः संस्पृशेत्तं तु न च तस्मान्तिकं व्रजेत्॥

એટલે કે 'શીતળાના રોગીને સ્વચ્છ રમ્ય અને ઠંડા સ્થાનમાં રાખવો. કોઇ ગંદા માણસે તેને અડકવું નહિ, તેમ કોઇએ તેની પાસે જવું નહિ.' ઓરી અને અછબડામાં પણ પંડિત ભાવમિશ્રનો આ આદેશ ચુસ્તપણે પાળવાનો આગ્રહ રાખવો જરૂરી છે.



માધુકરી

સંપદ જાય સમૂળ અગર શતગુણ થઈ આવે,
દુરંત દુ:ખો થાય, સુખો યા મુખ મલકાવે,
સુખદુખની ઘટમાળ ચાલતી આ સંસારે,
ધીરભાવથી ભાળ, ધ્યેય નવ પાડ વિસારે.
માથું ઊંચું રાખજે, દશા ભલે હો દોહ્યલી,
મચ્યો રહેજે ઉદ્યમે, ઉષા ઊગશે ઊજળી.

(પાંચજન્ય) —પૂજાલાલ

સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય શિષ્યવૃત્તિ મેળવનાર

અમદાવાદના તરુણ સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશી

અમેરિકાના ગ્રેહામ ફાઉન્ડેશન તરફથી અપાતી લલિત કલાઓના ઉચ્ચ અભ્યાસ માટેની શિષ્યવૃત્તિ ભારતના એક તરુણ સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશીને મળી છે. અમદાવાદના આ યુવાન સ્થપતિ લા કાર્બુઝિયેના શિષ્ય છે. શ્રી દોશીએ એ વિખ્યાત ફ્રેન્ચ સ્થપતિ સાથે રહી લાગટ ત્રણ વર્ષ સુધી પારીસમાં કામ કરેલું અને પછી ભારત ખાતે ચંડીગઢમાં તથા અમદાવાદમાં પણ એમની જોડે કેટલાંક બાંધકામો કરેલાં.

ગ્રેહામ ફાઉન્ડેશન તરફથી ૧૯૫૮-૫૯ના વર્ષ માટે જે આઠ કલાકારોને શિષ્યવૃત્તિઓ મળી છે એમાં શ્રી દોશી એકમાત્ર એશિયાઈ વિજેતા છે. અન્ય વિજેતાઓમાં એક સ્પેનિશ સ્થપતિ, ક્યૂબાના એક ચિત્રકાર, એક અંગ્રેજ ફિલસૂફ, તથા અમેરિકાના બે સ્થપતિઓ અને એક ચિત્રકાર એટલાનો સમાવેશ થાય છે.

આ શિષ્યવૃત્તિ મેળવનારને પોતપોતાની પસંદગીના ક્ષેત્રમાં એક વર્ષ સુધી ઉચ્ચ અભ્યાસ કરવા માટે ૧૦,૦૦૦ ડૉલર સુધીની રકમ આપવામાં આવી છે. આ સહુ વિજેતાઓ સપ્ટેમ્બરમાં શિકાગો ખાતે એકઠા થશે અને કલાનાં વિવિધ અંગો વિષે એક 'સેમિનાર' યોજશે. એ પછી તેઓ પોતપોતાના વિષયના અભ્યાસ માટે દુનિયામાં કોઈ પણ સ્થળે જઈ શકશે.


શિકાગો (ઈલિનૉય)ના મર્હૂમ અર્નેસ્ટ ગ્રેહામે આ ગ્રેહામ ફાઉન્ડેશનની સ્થાપના કરેલી. તેઓ આ સદીના એક અગ્રણી અમેરિકન સ્થપતિ હતા. ૧૯૩૬માં તેઓ મૃત્યુ પામ્યા ત્યારે વસિયતનામામાં આ શિષ્યવૃત્તિઓ માટે જોગવાઈ કરી ગએલા. આ ફાઉન્ડેશનના ખાસ સલાહકારોમાં એરો સારિનાન, લડવીગ મીઝ વાન ડર રો, અને જો લુઈ રાર્ત છે. આ શિષ્યવૃત્તિ મેળવીને શ્રી દોશીએ ગુજરાતનું અને સાથે ભારતનું પણ ગૌરવ વધાર્યું છે.



શ્રી બાલકૃષ્ણ દોશીનો જન્મ પૂના ખાતે ૧૯૨૭માં થએલો. ૧૯૪૫માં તેઓ ઈજનેરીના અભ્યાસના ઉદ્દેશથી ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થએલા. પૂનાની 'ઈન્સ્ટીટ્યૂટ ઑવ મૉડર્ન આર્ટ'માં એમણે અભ્યાસ કરેલો, અને ત્યાંથી એમને સ્થાપત્યના અભ્યાસની પ્રેરણા મળેલી. એ પછીનાં ચાર વર્ષ એમણે મુંબાઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં સ્થાપત્યનો અભ્યાસ કર્યો. ૧૯૫૦માં તેઓ ઈંગ્લંડ ગયા અને કોઈ સંસ્થામાં જોડાવાને બદલે લાયબ્રેરીઓમાં જ અધ્યયન કર્યું. એ રીતે, તેઓ યુનિવર્સિટીઓમાંથી યે ન મેળવી શકે એટલું જ્ઞાનભાથું મેળવી શકયા. એનો એક પુરાવો એ છે કે લંડનની 'રૉયલ ઈન્સ્ટીટ્યૂટ ઑવ બ્રિટિશ આર્કિટેક્ટ્સ' નામની

આપણાં પ્રાણીઓ: ૨૩

ગરોળી





'ઢેઢગરોળી' કહીને આપણે જેનાથી સુગાઇએ છીએ એ જીવ ખરેખર તો ઉપદ્રવી જીવડાંને ખાઈ જઇને વાતાવરણની સફાઈ દ્વારા 'હરિજન'ની જેમ આપણી સેવા કરે છે.


મગર અને સરક બામણીની જાતની એ પિતરાઈ. તેની પાતળી ચામડી ભૂખરી ને પારદર્શક હોવા સાથે તે પર ભૂરા રંગનાં નાનાં નાનાં ભીંગડાં હોય છે. તેનું નીચેનું પેટાળ સાવ ધોળું. માથાને ઉપલે ભાગે ડાબલા જેવી મોટી ને પોપચાં વગરની ચકોર આંખો. આજુબાજુ જોવા માટે તે કાચબાની જેમ આખું ડોકું જ આમતેમ ફેરવે. કાનને બદલે તેને આંખની બાજુમાં તીવ્ર શ્રવણશક્તિ ધરાવતાં છિદ્ર હોય છે. તેને દાંત નથી હોતા, પણ ઝીણાંઝીણાં મજબૂત પેઢાંની પકડમાંથી જીવડાંને છટકવું મુશ્કેલ બની જાય છે. પગની પાંચે આંગળીઓ પર તીણા નખ અને નીચે પોચી ગાદી, જેથી પગ તથા ભીંત (કે કોઈ પણ લીસી સપાટી) વચ્ચે શૂન્યાવકાશ થતાં તે સપાટીસરસી ચોંટી રહી શકે છે. પડે તો પણ એ ગાદીને લીધે પછડાટ ઓછો લાગે. કદમાં નર સહેજ મોટો.

તે નિશાચર છે. તડકાની રાંક, એટલે દિવસે થોડું ઊંઘી લે. દીવાની આજુબાજુ ઊડતાં ફૂદાં, પતંગિયાં કે વાંદાથી માંડી ધનેડાં સુધીનાં જીવડાં તેનો ખોરાક. જોકે દુર્ગંધ મારતાં જીવડાં કે માંકડની સામું પણ ન જુએ. તેને ને પાણીને આડવેર. સૂકામાં રખડે ને જીવાત ચરી ખાય. ભીંત સાથે ચોંટી રહેવામાં સમતોલપણું ન રહે તો દેહને છૂટો ફંગોળતી પડે. તેની પૂંછડી જો કચરાતાં કે પડતાંઆખડતાં કપાઈ જાય તો તેની જગ્યાએ નવી ઊગે છે, પણ પહેલાંના જેટલી લાંબી તે થતી નથી. ગરોળી કરડે તો ઘડીક બળતરા થાય, પણ ઝેર ચડતું નથી. ક્રોધથી લોહી તપી જાય ત્યારે તેનો રંગ લાલ દેખાય છે. પરસ્પરમાં એ ઝેરીલી ખરી.

સંવનન વખતે નર-માદા સંતાકૂકડી રમતાં હોય તેમ દોડાદોડી કરે છે. માદા સંભવત: ઉનાળો ઊતરતાં કે ચોમાસું બેસતાં ભીંતની તરાડોમાં વટાણાના દાણા જેવડાં બે કે ત્રણ ઈંડાં મૂકે છે. ઈંડાં મુકાયા પછી નર-માદા ભાગ્યે જ સાથે જોવામાં આવે છે.







શ્રી બાલકૃષ્ણ દોશીનાં બે વિશિષ્ટ વાસ્તુ-આયોજનો

શક્ય એટલી ઓછી જમીન પર, શક્ય એટલા ઓછા ખર્ચે શક્ય એટલી વધારે સગવડોવાળું રહેણાક એ શ્રી દોશીના વાસ્તુશિલ્પનું એક અગત્યનું અંગ છે. ઉપર ડાબી બાજુ એક એવા રહેણાકનો નકશો આપ્યો છે. આ મકાનમાં પ્રવેશવાળો વરંડા, રસોડું, દીવાનખંડ, બે શયનખંડ, અગાશી ને પાયું તથા બે બાથરૂમની જે સગવડ એમણે જેટલી ઓછી જમીનમાં ઊભી કરી છે અને તે પણ જે અભિનવરીતે એમણે ગોઠવ્યું છે ત્યાં જ એમની વિશિષ્ટતા છે. વળી આમાં દરેક ખંડમાં હવા-ઉજાસની પણ જરા યે ખેંચ રહેતી નથી, એટલું જ નહિ, પણ માળની એમણે કરેલી વિશિષ્ટ રચનાને લીધે મકાન બહુ ઊંચું પણ નથી જતું અને એ રીતે ખર્ચ પણ એટલા પ્રમાણમાં ઘટે છે. બીજા નમૂનામાં પણ ખંડની અભિનવ ગોઠવણ તો છે જ, ઉપરાંત, ભવિષ્યમાં કુટુંબમાં માણસો વધવા સાથે વધારાના ખંડ ઉમેરતા જવાની સગવડ પણ વિચારાઇ છે. અને તે પણ મૂળ રચનામાં કાંઈ પણ ફેરફાર કરવો ન પડે તેવી રીતે. વળી દીવાનખંડ અને રસોડાને છૂટા પાડતી દીવાલ જોઈ? એના આકારમાં નવીનતા તો છે જ પણ એથી દીવાનખંડની લંબાઇ ઘટ્યાનો જરા યે ભાસ ન થવા દેવા સાથે રસોડામાં એટલી જગ્યા વધારી છે એ તેની ખરી ખૂબી છે. ઘરમાં પ્રવેશતાં જ સામી સીધી સપાટ દીવાલ અહીં આવનારની નજરને અવરોધતી નથી પણ પોતાના વળાંક પર લસરાવીને તેને ઘરની અંદર ઊંડે સુધી લઈ જઈને ઘર છે તેથી યે મોટું લાગવાનો આભાસ ઊભો કરે છે. અને એ નજર અંદર ઊંડે જવા છતાં ઘરનો પડદો (privacy) તો પાછો જળવાઇ રહે છે જ. અહીં નકશામાં તદ્દન નીચે એક શયનખંડવાળું એક દંપતી માટેનું રહેણાક છે. આગળ જતાં કુટુંબમાં બાળકો વધતાં એક ખંડ વધાર્યો છે ને ઉપર ત્રીજામાં પછી વધુ એક ખંડ ઉમેર્યો છે. વ્યક્તિગત અલગ અલગ મકાન બાંધવા કરતાં સળંગ એકબીજાની અડોઅડ મકાનો કરવાં એ પણ ખર્ચ બચાવવાનો એક ઉપાય છે.

સ્થપતિઓની સંસ્થામાં એમને સભ્યપદ પ્રાપ્ત થયું.

લંડનમાં તેઓ લા કાર્બુઝિયેના પરિચયમાં આવ્યા અને એ ફ્રેંચ સ્થપતિએ શ્રી દોશીને પારીસમાં પોતાની સાથે કામ કરવાનું આમંત્રણ આપ્યું. અહીં એમણે ચંડીગઢના બાંધકામની યોજનાઓમાં સહાય કરી. અને ત્યાંથી લા કાર્બુઝિયેના પ્રતિનિધિ તરીકે ભારતમાં આવીને એમણે ચંડીગઢમાં થતા બાંધકામની દેખરેખ રાખી.

અમદાવાદમાં લા કાર્બુઝિયેએ યોજેલ 'સંસ્કાર-કેન્દ્ર' (મ્યૂઝિયમ), અમદાવાદ મિલમાલિક મંડળનું મકાન અને બે રહેણાક મકાનોની યોજના તથા બાંધકામમાં શ્રી દોશીએ સહાય કરી છે. તાજેતરમાં એમણે 'વાસ્તુ-શિલ્પ' નામની સંસ્થા સ્થાપી છે, જેનો ઉદ્દેશ સ્થાપત્ય તથા એની સાથે સંકળાએલી કલાઓનો વિકાસ સાધવાનો છે.

શ્રી દોશીનો મુખ્ય રસનો વિષય નગર-આયોજન અને સસ્તાં મકાનના બાંધકામનો છે. કામદારો માટેનાં સગવડભર્યાં મકાનો, ઔદ્યોગિક નગરોનાં આયોજન તથા નીચલા અને મધ્યમ વર્ગના લોકો માટે સસ્તી કિંમતનાં મકાનો તૈયાર કરવા માટે એમણે ઘણું સંશોધન તથા અભ્યાસ કરેલાં છે.

શ્રી દોશીને ગ્રેહામ ફેલોશિપ મળ્યાના સમાચાર સાથે જ બીજા પણ એક સમાચાર આવ્યા છે કે ૧૯૫૯માં રોટર્ડમ ખાતે મળનારી અર્વાચીન સ્થપતિઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે પણ એમની વરણી થઇ છે.

પદાર્થનું ચોથું સ્વરૂપ પ્લાઝમા

પદાર્થનાં ત્રણ સ્વરૂપ છે : ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપ, એમ આપણે શીખ્યા છીએ. હવે સોવિયેત વિજ્ઞાનશાસ્ત્રીઓએ એવી શોધ કરી છે કે પદાર્થનું ચોથું અને સૌથી મહત્ત્વનું સ્વરૂપ છે અને તે સ્વરૂપનું નામ પ્લાઝમા. ટ્યૂબલાઈટમાં પ્રકાશ આપનાર પદાર્થ જે સ્વરૂપે વ્યાપ્ત છે તે સ્વરૂપનું નામ પ્લાઝમા. આકાશમાં વીજળી થાય છે ત્યારે વીજળી રૂપે ઝબકતો પદાર્થ પ્લાઝમા હોય છે. સૂર્ય અને તારાઓ (ગ્રહો-ઉપગ્રહો નહિ) પ્લાઝમાના બનેલા છે. આ બ્રહ્માંડમાં મહદ્ અંશે પદાર્થ પ્લાઝમા સ્વરૂપે જ છે, બહુ અલ્પ અંશે ઘન પ્રવાહી અને વાયુ સ્વરૂપો છે અને તે ગ્રહો અને ઉપગ્રહોમાં!

પ્લાઝમાની પ્રકૃતિ વિશે જાણવા આપણે ઉત્સુક રહીશું, કારણ કે અત્યાર સુધી આપણે તેને વાયુ સ્વરૂપ માનતા હતા.—'પ્રવાસી'માંથી

પેપ્સુ-પંજાબ રાજ્યોના જોડાણ રૂપ નવું (પૂર્ણ) 'પંજાબ' રાજ્ય એ રાજ્ય-રાજ્ય-ની એકતા માટેનો એક આશાસ્પદ અખતરો છે. ૧૮૫૭ના બળવામાં ભાગ લેવા બદલ પેપ્સુના મહીન્દ્રગઢ અને સંગરૂરના હિંદી-ભાષી વિસ્તારના લોકોને જેમનાથી અળગા કરાયા હતા તે પંજાબના હરિયાણા પ્રાંતના તેમના ભાંડુઓ સાથે નવું પંજાબ રાજ્ય થતાં હવે તેઓ ફરી હળીભળી શક્યા છે.

આ નવા રાજ્યનો વિસ્તાર ૪૭,૪૯૭ ચોરસ માઈલ ને વસતિ ૧,૬૧,૩૪,૮૯૦ની છે. તેમાં હિંદુ ૬૧·૨૪ ટકા અને શીખ તથા મુસ્લિમ અનુક્રમે ૩૪·૪૪ તથા ૧·૭ ટકા છે. દેવનાગરી લિપિમાં હિંદી ને ગુરુમુખી લિપિમાં પંજાબી ભાષા એ બે આ દ્વિભાષી રાજ્યની પ્રમાણભૂત ભાષાઓ છે.

આ નવા રાજ્યનાં બે અંગો પંજાબ ને પેપ્સુનો આપણે પરિચય કરીએ.

પંજાબ

પશ્ચિમે પાકિસ્તાન, દક્ષિણે રાજસ્થાન, ઉત્તરે કાશ્મીર, હિમાચલ-પ્રદેશ તથા તિબેટનો એક ખંડ, ને પૂર્વમાં હિમાચલ-પ્રદેશ તથા ઉત્તર પ્રદેશ, એવી ચતુર્સીમાથી વીંટાએલા ભારતીય પંજાબનો કુલ વિસ્તાર ૩૭,૪૨૧ ચોરસમાઈલ જેટલો છે અને વસતિ છે ૧,૨૧,૮૧,૭૦૮ની.

તેને કુલ ૧૩ પ્રાંતો છે: અંબાલા, અમૃતસર, ફિરોઝપુર, ગુરુગાંવ, ગુરુદાસપુર, હિસ્સાર, હોશિયારપુર, જલંધર, કાંગરા, કરનાલ, લુધિયાણા, રોહતાક અને સિમલા. ચંડીગઢ એ તેનું મુખ્ય શહેર છે. પંજાબી અને પશ્ચિમી હિંદી એ તેની મુખ્ય ભાષાઓ છે. આખા ભારતના હોઝિયરીના ઉદ્યોગમાં પંજાબનું સ્થાન આગળ પડતું છે. કામળા, ધાબળા, સાઈકલના છૂટક ભાગો, વાસણો તથા લાકડ ને ચામડાંકામ એ અહીંના મુખ્ય ઘરગથ્થુ ઉદ્યોગો છે.

મુલક આખો સૂકો છે અને વરસમાં કુલ ૨૩ ઈંચ સુધી વરસાદ પડે છે; પણ ઉત્તરની બિયાસ, સતલજ અને ચિનાબ નદીઓમાંની સિંચાઈ તથા નહેરોની પૂરક યોજના દ્વારા પંજાબ એ ભારતભરમાં ઘઉં અને ચણા ઉપજાવનારો બીજા નંબરનો વિસ્તાર બન્યો છે. જવ અને મકાઇના ઉત્પાદનમાં તેનો નંબર ત્રીજો અને બાજરો તથા શેરડી ઉગાડવામાં ચોથો આવે છે. વળી જુવાર, કપાસ, ચોખા, રાઈ વગેરે ઉપરાંત ચા, તમાકુ, મગફળી અને અળસીનું પણ વાવેતર થાય છે. જંગલ નહિવત્ છે: આખા પ્રદેશમાં માત્ર ૩ ટકા જેટલી સ્લેટ અને બૉક્સાઈટ સિવાય ઘણી હજી ખોદી કાઢવાની છે. ઊનનો અને હાથશાળ-વણાટનો એ બે મહત્ત્વના ઉદ્યોગધંધા છે. ઊનના કાપડનાં ૬૬ ટકા કારખાનાં તો પંજાબમાં જ આવેલાં છે. કાગળ, સુતરાઉ કાપડ, સ્ટાર્ચ અને દવાઓ તથા ધાતુકામનું ઉત્પાદન બીજા નંબરે આવે છે; છતાં પંજાબ ઉદ્યોગ-વિકાસમાં હજુ પાછળ કહી શકાય.

પેપ્સુ

પતિયાળા અને પૂર્વ પંજાબ સંઘના આ પ્રાંતમાં આટલાં રજવાડાંનો સમાવેશ થાય છે: પતિયાળા, કપુરથલા, નાભા, જિંદ, ફરીદકોટ, માલેરકોટલા, નાલાગઢ ને ખાલસિયા.

ઈ. ૧૯૪૮ની ૧૫મી જુલાઇએ આ નવા સંઘની રચના કરવામાં આવેલી. પેપ્સુનો જમીન-વિસ્તાર ૧૦,૦૯૯ ચોરસ માઈલ ને વસતિ ૩૪,૨૪,૦૬૦ની છે, અને તેની મોટા ભાગની આવક ખેતીવાડીમાંથી છે, જેમાં ચણા, ઘઉં, જુવાર, બાજરો, મકાઈ, શેરડી, કપાસ અને ચા એ ખેતીવાડીની પેદાશ મુખ્ય છે. ધાતુકામ ને વણાટકામ એ તેના ઘરગથ્થુ ઉદ્યોગો છે. ઉત્તર હિંદમાં ખાંડનાં કેટલાંક સૌથી મોટાં કારખાનાં કપુરથલામાં આવેલાં છે. અહીં રેલવે બહુ ઓછા પ્રમાણમાં હોવા છતાં વિનિમય-વ્યવહારનું પ્રમાણ ઠીક છે. પંજાબી એ અહીંની મુખ્ય ભાષા છે. વસતિનો મોટો ભાગ પ્રથમ કક્ષાના લડવૈયા અને ઉત્તમ ખેડૂતો તરીકે જાણીતા જાટ લોકોનો છે.

પંજાબ રાજ્ય કેવું રચાએલું હોવું જોઈએ એનો મનસ્વી નિર્ણય નવું પંજાબ રાજ્ય થયા પહેલાં અનેક પક્ષો-વ્યક્તિઓએ પોતાને માથે લઈ લીધો હતો! અકાલીઓ 'પંજાબી રાજ્ય' અને 'રાઈટિસ્ટ' હિંદુઓ 'મહાપંજાબ' માગતા હતા. હરિયાણા પ્રાંતના લોકોને તો પોતાના પ્રાંતનું અલગ આગવું જ અસ્તિત્વ જોઇતું હતું. આખરે રાજ્યનું વ્યાપક હિત લક્ષમાં લઈ રાજ્યપુનર્રચનાસમિતિએ પંજાબ અને પેપ્સુના જોડાણની ભલામણ કરી અને તે સ્વીકારાઈ. સમિતિની બહુમતી તો એકમમાં હિમાચલ-પ્રદેશને પણ સમાવી લેવાની હતી, પરંતુ અકાલીઓના વિરોધને કારણે તે દરખાસ્ત પડતી મુકાઈ.

સ્વાતંત્ર્ય મળ્યા પછી ભારત-પાકિસ્તાન સર્જાતાં પંજાબના ભાગલા થયા તેમાં ભારતને ભાગે તો પંજાબનો અણુસરખો ઊણો ભાગ જ આવ્યો. કુલ ૨૯ પ્રાંતોમાંથી ભારતને માત્ર ૧૩ મળ્યા, જ્યારે કુલ વસતિનો ૪૫ ટકા ભાગ નિભાવવાનું ભારતને માથે આવ્યું. કુલ



સિંચાઇવાળા ભાગનો ૨૮ ટકા જેટલો જ ભાગ ભારતને મળ્યો, અને નહેર-સિંચાઇના વિસ્તારનો તો માત્ર ૨૧ ટકા જ.

અવિભાજિત પંજાબ 'ભારતનો કોઠાર' ગણાતું; પરંતુ ભાગલા પડ્યા પછી ભારતીય પંજાબને તેના ઉત્થાનના 'શ્રી ગણેશ'માં જ વાર્ષિક ૩૫,૦૦૦ ટન અનાજની અછત પડવા લાગી. ઓછામાં પૂરું પાકિસ્તાની પંજાબના ૫૦ લાખ જેટલા હિજરતીઓએ પોતાનાં મીઠાં ઘર અને હરિયાળાં ખેતરો છોડીને ભારતીય પંજાબમાં આશ્રય શોધ્યો. સહુ કોઈ કહેતું હતું કે પંજાબની પરિસ્થિતિ હવે હાથથી ગઈ હોય એટલી હદે વણસતી ચાલી છે.

પરંતુ દેશ અને પ્રદેશના જાગૃત સુકાનીઓએ બેનમૂન બાહોશી અને કુશળતાપૂર્વક પરિસ્થિતિ સાથે કામ લીધું. પંજાબનું નાવ ખરાબે ચડતું અટકાવવામાં સ્થાનિક વ્યક્તિઓમાં ગવર્નરો શ્રી સી. એમ. ત્રિવેદી અને શ્રી સી. પી. એન. સિંહ તથા મુખ્ય પ્રધાનો ડૉ. ગોપીચંદ ભાર્ગવ, શ્રી ભીમસેન સચર અને શ્રી એસ. પ્રતાપસિંહ કૈરોનનો ફાળો છે. આ બધા પ્રયત્નોને પરિણામે પોતા પૂરતું જ માત્ર નહિ પણ દેશના બીજા પ્રાંતોનું યે પેટ ભરી શકે એટલું અનાજ તેનાં ખેતરોમાં ઊભરાયું. બીજા ૨૭ લાખથી વધુ નિર્વાસિતોને તે પોતાને આશ્રયે સમાવી શક્યું; ઉદ્યોગોનો વિકાસ થયો; ઉત્પાદન વધ્યું; અને આર્થિક આવકમાં તો પંજાબે વર્ષે ૩૫ કરોડ રૂપિયા માત્ર અનાજ અને કપાસના ઉત્પાદનમાંથી જ મેળવ્યા. ૧૯૪૮-૪૯માં તેની મહેસૂલી આવક ૧૮·૧ કરોડ રૂપિયાની હતી, તેમાંથી વધીને ૧૯૫૬-'૫૭માં ૩૦·૨૮ કરોડ રૂપિયાની થઈ, અને ભવિષ્યમાં ભાકરા-નાંગલ જેવી વિરાટ નહેર-બંધ યોજનાનો આ રાજ્યને મળવાનો લાભ તો અનન્ય છે.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ડૉ. જેમ્સ કઝિન્સ



જન્મે વિદેશી હોવા છતાં, માત્ર 'ભારતવાસી' બનીને જ નહિ પણ ભારતીય સંસ્કૃતિને આત્મસાત કરી સાચા અર્થમાં ભારતજન તથા ભારતીય નાગરિક બનીને આપણી સંસ્કૃતિ ને સંસ્કારની જેમણે સેવા કરી હોય એવાં સિસ્ટર નિવેદિતા તથા ઍની બિસન્ટની હરોળમાં આવનાર નામો આપણે ત્યાં બહુ ઓછાં છે. તેમાં ઉજ્જ્વલ ઉદાહરણરૂપ કુલપતિ ડૉ. જેમ્સ એચ. કઝિન્સ આ દેશનાં કલા ને સંસ્કારની માત્ર સેવા જ નહિ પણ તે ક્ષેત્રે વ્યાપક જાગૃતિ આણી પાયાનું કામ કરી ગયા.

ઈ. ૧૮૭૩ની ૨૨મી જુલાઇએ ઉત્તર આયર્લંડના મુખ્ય શહેર બેલફાસ્ટમાં એમનો જન્મ થયો હતો. તરુણ વયે આશાસ્પદ કવિ તરીકે, જ્યૉર્જ રસેલ (એ ઇ.) અને કવિ યીટ્સ જેવા આયર્લંડના સાંસ્કૃતિક પુનર્વિધાયકોના પરિચયમાં તેઓ આવેલા. ભારતીય તત્ત્વજ્ઞાન તરફ તેઓ આકર્ષાયા મિસિસ ઍની બિસન્ટનું એક વ્યાખ્યાન સાંભળીને. ૧૮૯૪થી શરૂ થએલી તેમની કવિ તરીકેની કારકિર્દીનાં સાઠ વર્ષમાં તેમણે ૩૨ કાવ્ય નાટ્ય-સંગ્રહો ને ૪૮ જેટલા નિબંધ-સંગ્રહો આપ્યા છે; તેમાં 'ફિલૉસૉફી ઑવ બ્યૂટી' (૧૯૨૫), 'સમદર્શન' (૧૯૨૫), 'ધ ફેઈથ ઑવ ધી આર્ટિસ્ટ (૧૯૪૧), અને 'ધી એસ્થેટિક નેસેસિટી ઑવ લાઈફ' તો ખાસ મનનીય છે.

૧૯૧૫માં ઍની બિસન્ટ નામદ્રાસના થિયૉસૉફી સંઘમાં જોડાવા તે હિંદ આવ્યા કે તરત મિસિસ બિસન્ટે તેમને 'હોમરૂલ' ચળવળના પોતાના મુખપત્ર 'ન્યૂ ઇન્ડિયા'ના ઉપતંત્રી નીમ્યા. થોડાં વરસ બાદ ડૉ. જ્યૉર્જ એરુન્ડેલને 'ન્યૂઇન્ડિયા'ના તંત્રીસ્થાને મૂકીને ડૉ. કઝિન્સની બદલી મદનપલ્લીની બિસન્ટ કૉલેજના અંગ્રેજીના પ્રોફેસર તરીકે કરવામાં આવી. બીજી બાજુએ રાષ્ટ્રીય કેળવણીના તત્ત્વપ્રચાર અર્થે દેશને ખૂણેખૂણે તેઓ ઘૂમી વળેલા. ૧૯૧૯ના મે માસમાં તેઓ જાપાનની કેઉ-ચોગી જુકુ યુનિવર્સિટીના આમંત્રણથી અધ્યાપન અર્થે એક વર્ષ માટે ત્યાં ગયા, અને 'ન્યૂ જાપાન' તથા 'કલ્ચરલ યૂનિટી ઑવ એશિયા' નામના બે મનનીય ગ્રંથો આપ્યા. જાપાનની યુનિવર્સિટીએ તેમને તેમની કદરશનાસીમાં 'ડૉક્ટર'ની ઉપાધિથી નવાજ્યા હતા, આ ઉપાધિ પાછળથી તેમણે છોડી દીધી.

બૅંગલોરમાં લાગટ ત્રણ વર્ષ ઊજવાએલા 'કલા ઉત્સવ'ના સંચાલન પછીનું તેમનું ટોચકાર્ય તે મ્હૈસૂરના મહારાજાના આમંત્રણથી એમણે ત્યાંના મહેલમાં ઊભું કરેલું 'જગમોહન ચિત્રાલય'. વિદ્યમાન ભારતીય કલાકારોની કૃતિઓનો દેશભરનો એ પહેલો ચિત્રસંગ્રહ બન્યો. ૧૯૨૫માં એમણે ભારતીય કલાના અભ્યાસના પ્રચાર અર્થે યુરોપની મુસાફરી કરી, જ્યાંથી પાછા ફર્યા બાદ અધારમાં જગતના સર્વે ધર્મોના અભ્યાસ માટે સ્થપાએલી 'બ્રહ્મવિદ્યા' સંસ્થાના એમને સંચાલક નીમવામાં આવ્યા. ભારતીય કલાના પ્રચાર અર્થે તેમણે ફરી ૧૯૨૮માં એવી બીજી જગસફર ખેડી, અને ઠેરઠેર ઘણાં કલાપ્રદર્શનો ભર્યાં. મદ્રાસ આવ્યા ત્યારે એમને મદનપલ્લી કૉલેજના આચાર્ય ને મદ્રાસ યુનિવર્સિટીના સેનેટર બનાવવામાં આવ્યા.

૧૯૩૭માં ત્રાવણકોર રાજ્યના કલાના સલાહકાર તરીકે તેઓ નિમાયા અને મ્હૈસૂર જેવું જ ભારતીય કલાનું ચિત્રસંગ્રહાલય ત્યાં ઊભું કરી આપ્યું. ત્રાવણકોર યુનિવર્સિટીના કલાવિભાગના અધ્યક્ષ પણ તે નિમાયા હતા.

ભારતના સાંસ્કૃતિક ને આધ્યાત્મિક પ્રાણ સાથે એ એટલા તો આત્મસાત થઇ ગયા હતા કે જીવનના શેષકાળમાં તો પોતાને અપાએલું ભારતીય નામ 'જયરામ' સ્વીકારીને તેઓ ભારતના નાગરિક બનેલા.

આ દેશને પોતાની માતૃભૂમિ બનાવવા આવેલા ડૉ. કઝિન્સની સાથે તેમનાં પત્ની માર્ગરેટ પણ એ જ ઉદ્દેશથી અહીં આવેલાં. એ દંપતીએ મળીને 'વી ટૂ ટુગેધર' નામની સંયુક્ત આત્મકથા લખી છે. ૧૯૫૬ની ૨૦મી ફેબ્રુઆરીએ ડૉ. કઝિન્સનું અવસાન થયું.

ડૉ. કઝિન્સ માંસાહાર વિરુદ્ધ શાકાહારના જગનામી હિમાયતી હતા. તેમનું અંગત વ્યક્તિત્વ માધુર્યપૂર્ણ, ઋજુ ને શાલીનતાભર્યું હતું. આ છેલ્લા યુગમાં તો એમના જોટાનો ભારતીય સંસ્કૃતિનો હિમાયતી પરદેશી પુરસ્કર્તા કોઈ થયો નથી.

દિનવિશેષ

તા. ૧ સમયનું એકસરખું ધોરણ જાળવવા માટે 'હિંદી સ્ટૅન્ડર્ડ ટાઈમ' દાખલ કરાયો · ૧૯૦૫

તા. ૪ આટલાન્ટિક અને પૅસિફિક મહાસાગર વચ્ચેની પહેલી તારલાઈન ખુલ્લી મુકાઈ · ૧૯૦૩

તા. ૫ સિંગાપોરના દીર્ઘદર્શી સ્થાપક સર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સનો જન્મ; એ જ તારીખે મરણ · ૧૮૨૬

તા. ૭ વૉરન હેસ્ટિંગ્સે કાશીના રાજ્ય પર ચડાઈ કરી ને તેના રાજા ચેતસિંહને કેદ કર્યો · ૧૭૮૧

તા. ૮ ભારતની વિરાટ નહેર-બંધ-યોજના 'ભાખરા-નાંગલ'નું પં. નેહરુને હાથે ઉદ્‌ઘાટન · ૧૯૫૪

તા. ૧૪ ફ્રાન્સની સમુજ્જાગૃત પ્રજાના જુવાળે બાસ્તાઈલનું વિભીષણ કારાગ્રહ તોડયું · ૧૭૮૯

તા. ૧૫ દ. આફ્રિકામાં કેપ કૉલૉનીથી નાતાલને જુદું પાડી સ્વતંત્ર સંસ્થાન બનાવાયું · ૧૮૫૬

તા. ૧૭ મુંબઈના જૂના અને રાષ્ટ્રલડતના હામી અંગ્રેજી દૈનિકપત્ર 'બૉમ્બે ક્રૉનિકલ'ના ભૂતપૂર્વ તંત્રી અને 'હોમરૂલ' ચળવળના નીડર પુરસ્કર્તા જાણીતા પત્રકાર હૉર્નીમાનનો જન્મ · ૧૮૭૩

તા. ૨૧ વિશ્વની પ્રમુખ સમાચારસંસ્થા 'રૉઈટર્સ'ના સ્થાપક બૅરન દ રૉઈટરનો જન્મ · ૧૮૨૧

તા. ૨૫ પ્રસિદ્ધ અંગ્રેજ કવિ વિવેચક અને તત્ત્વજ્ઞ એસ. ટી. કૉલરિજનું અવસાન · ૧૮૩૪

તા. ૩૦ ખેડા જિલ્લાના રાસ ગામે સત્યાગ્રહ કરવા નીકળેલા મહાત્મા ગાંધીજીની ધરપકડ · ૧૯૩૩

તા. ૩૧ રૉબર્ટ બેડન પોવેલે વિશ્વભરમાં પુરસ્કૃત બૉય-સ્કાઉટની સંસ્થા શરૂ કરી · ૧૯૦૮

પ્રસંગવિશેષ : માધવરાવ ૧૭ વર્ષની વયે પેશવા બન્યો, ૨૦મી જુલાઈ ૧૭૬૧

ઈ. ૧૭૬૧ની ૧૩મી જાન્યુઆરીએ, મરાઠી સત્તાના ઝળહળતા મધ્યાહ્નનો અંત આણનાર, ખેલાએલા પાણીપતના ત્રીજા યુદ્ધમાં બાળાજી બાજીરાવનો મોટો પુત્ર વિશ્વાસરાવ માર્યો જતાં તેનો નાનો ભાઈ માધવરાવ ઈ. ૧૭૬૧ની ૨૦મી જુલાઇએ ૧૭ વર્ષની નાની વયે, પોતાને બદલે રાજ્ય ચલાવતા વક્ર નીતિવાળા રાઘોબા પાસેથી ગાદી મેળવી પેશવા થયો. ગાદી પર આવતાંવેંત જ આ બહાદુર, દૂરંદેશ અને પ્રતાપી પેશવાએ મરાઠી સત્તા પરનું પાણીપતનું કલંક ધોવા માંડયું : તેણે હૈદર અલીને, તેમજ રાક્ષસભુવનના યુદ્ધમાં નિઝામને તથા રોહિલખંડના રાજાને શિકસ્ત આપી, તાંજોર અને કર્ણાટકના નવાબ તથા ભરતપુરના જાટ લોકોને હરાવીને તથા રાજપૂતોને ડરાવીને તેમની બધાની પાસેથી ખંડણી ઉઘરાવવી શરૂ કરી. વળી તેણે વેઠનો રિવાજ બંધ કરાવ્યો, લશ્કરી તાકાત વધારી તે પર ચાંપતી તપાસ રાખી ને ન્યાયી ધોરણે રાજ્યની આતંર્વ્યવસ્થા સુધારી. તેની તખ્તનશીની એ મરાઠી ઇતિહાસનું શુકનવંતું પૃષ્ઠ હતું.

પ્રજ્ઞાપારમિતા

(પરમ જ્ઞાન અથવા પ્રજ્ઞાની પરાકાષ્ઠા એટલે પ્રજ્ઞાપારમિતા) જાવામાં ચરમ સીમાએ પહોંચેલી ભારતીય કલાનું શ્રેષ્ઠ શિલ્પરત્ન




પ્રાચીન ભારતીય કલામાં કેવળ સ્થૂલ સૌંદર્ય દર્શાવવાને માનવદેહની યોજના નહોતી થતી, પરંતુ બ્રહ્માંડવ્યાપી આત્માનાં વિવિધ સ્વરૂપો બતાવવાને સાધન પૂરતો તેનો ઘાટ લેવામાં આવતો. તે જ પ્રમાણે નારીદેહમાં પણ જગતની અનંત શક્તિઓનાં સ્વરૂપો બતાવવામાં આવતાં. યુરોપની હેલન, ઍફ્રોડાઇટ વગેરે જેવી વાસનાપ્રેરક કૃતિઓ કરતાં સરસ્વતી–ઈશ્વરી બુદ્ધિ–પ્રજ્ઞાપારમિતા જેવું સ્વરૂપ ઘડવામાં ભારતીય કલા ગૌરવ લે છે. જાવાના સિંઘસારી મંદિરની–બલકે સમગ્ર જાવા કે સમસ્ત ઈંડોનેશિયાની સૌથી સુંદર તથા ભાવવાહી આ મૂર્તિ જાવામાંના ડચ શાસન દરમ્યાન હૉલંડ લઈ જવામાં આવેલી, અને હજી પણ તે ત્યાંના લાઈડન શહેરના એથ્નોગ્રાફિક મ્યૂઝિયમ–માનવ-વંશ-વિજ્ઞાનના સંગ્રહસ્થાન–માં છે, ને યુરોપ કે એશિયાની ઉત્તમોત્તમ ભાવનાના મૂર્ત સ્વરૂપ તથા કલાની આધ્યાત્મિક પ્રેરણાકૃતિ તરીકે તે અદ્વિતીય લેખાય છે. એના રચનાસૌંદર્યની સર્વ દિશાએથી ઝાંખી થાય એ ઉદ્દેશથી એનાં ત્રણ પાસાંનાં દર્શન અહીં આપ્યાં છે.



ઈ.સ.ની તેરમી સદીમાં સિંઘસારીની રાણી દેદેશની આકૃતિ પરથી આ મૂર્તિ બનાવી હોવાનું મનાય છે. ઈ.સ. ૧૨૨૦માં એક સાહસિક યુવાન સિંઘસારીના રાજાને હરાવી તેની રાણી દેદેશને પરણ્યો, અને રાજસ-સંગ-અનુવંધુમિ નામ ધારણ કરીને રાજગાદી પર બેઠો. તેણે રાણી દેદેશની આ મૂર્તિ આદિબુદ્ધના શક્તિ-સ્વરૂપ પ્રજ્ઞાપારમિતા રૂપે બનાવડાવી. પરમ જ્ઞાન અથવા પ્રજ્ઞાની પરાકાષ્ઠા એટલે પ્રજ્ઞાપારમિતા. સર્વબુદ્ધો તથા બોધિસત્ત્વો તેમજ પરમ નિર્વાણપદનો નિચોડ એટલે પ્રજ્ઞાપારમિતા. આ પરમ કલ્યાણી દેવીના મસ્તક ઉપર સુંદર કિરીટ છે અને તેમના ડાબા હાથની પાછળ એક સુંદર કમળ છે જેના ઉપર એક ધર્મગ્રંથ ગોઠવેલો છે. વિષ્ણુપત્ની લક્ષ્મીજી(કમલા)ને અનુસરીને આ બૌદ્ધ દેવી સાથે પણ હમેશ કમળનું ફૂલ ગોઠવેલું હોય છે અને તેઓ કમળના આસન પર બિરાજમાન છે.





પૂર્વ પંજાબના નવનિર્મિત પાટનગર ચંડીગઢના અદ્યતન સૌંદર્યવાસ્તુનો પરિચય આપતા આ અંકમાંના શ્રી રમણીક પરમારના લેખના અનુસંધાનમાં તેમણે મોકલેલાં ફોટોચિત્રો : પહેલી હાર : (૧) હાઇકોર્ટ (આર્કિટેક્ટ : કોર્બુઝીઅર–ફોટો : મહેન્દ્ર શુક્લ)વિશાળ નેવ અને ભવ્ય દીવાલો 'ખુલ્લા હાથ'નું પ્રતીક સમજાવે છે; (૨) હાઇકોર્ટમાં સીડીને બદલે ઢોળાવવાળા 'રૅમ્પ'ની રચના–ફોટો : પદ્માકર કર્વે; (૩) હાઇકોર્ટ (ફોટો : પદ્માકર કર્વે) પાછળથી જોતાં પણ એ જ ભવ્યતા; (૪) મૅટર્નિટી હૉસ્પિટલ (આર્કિટેક્ટ જેન ડ્રુ–ફોટો : છાયા) એનો વિશાળ મુહાર કાંઇ ઊનની ગૂંથણી નથી, પણ 'સ્ક્રીન વૉલ' છે. વચલી હાર : (૧) મૅટર્નિટી હૉસ્પિટલ–અંદરનું દૃશ્ય (ફોટો : પદ્માકર કર્વે) સુંદર વળાંકા લેતી કૉરીડોરની સ્લૅબના રમતિયાળ આકાર સાથે તેની છાયા પણ જાણે નૃત્ય કરે છે; (૨) સેક્રેટેરીએટ (આર્કિટેક્ટ : કોર્બુઝીઅર–ફોટો : પદ્માકર કર્વે) ઋતુઓના ફેરફાર સાથે હવામાનને કાબૂમાં રાખતાં એનાં સનબ્રેકર્સની રચના અજાણ્યાને આશ્ચર્ય પમાડે એવી છે; (૩) હાઇસ્કૂલ (આર્કિટેક્ટ : ડ્રુ–ફોટો : મદન પટેલ) બગીચા અને મેદાન સાથે રચાએલી આ નિશાળ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને પ્રેરણા પ્રકટાવે એમાં નવાઇ નથી; (૪) એન્જિનીઅરિંગ કૉલેજના આ પ્રવેશખંડમાં (આર્કિટેક્ટ: ચૌધરી–ફોટો: પદ્માકર કર્વે) કોઇ વિશેષ પ્રકારનું ટાઇલ ફિનિશિંગ નથી, પણ જાળીવાળી દીવાલ–સ્ક્રીનવૉલ–માંથી ચળાઇને આવતી તેજછાયાની રચના છે; નીચલી હાર : (૧) હાઇસ્કૂલ (આર્કિટેક્ટ : ડ્રુ–ફોટો : પદ્માકર કર્વે) (૨) માઉન્ટ વ્યૂ હોટેલ (આર્કિટેક્ટ : ફ્રાય–ફોટો : મહેન્દ્ર શુક્લ) આ બાદશાહી હોટેલની ગણના ચંડીગઢનાં સુંદરતમ સ્થાપત્યોમાં થાય છે; (૩) કિરણ થીએટર (આર્કિટેક્ટ : ફ્રાય–ફોટો : મહેન્દ્ર શુક્લ) નાનું પણ રળિયામણું આ થીએટર ચંડીગઢની જનતાનું આકર્ષણ છે; (૪) કૅન્ટીન (આર્કિટેક્ટ : જ્યાનરેટ–ફોટો : શશી એકબોટે)



મૉસ્કોની સુરીકોવ કલાશિક્ષણ-સંસ્થાના છ વિદ્યાર્થીએ બે વ
ભારતનો પ્રવાસ કર્યો હતો ત્યારે અહીંનાં દૃશ્યોનાં અનેક રંગચિ
અને રેખાચિત્રો તેમણે આલેખ્યાં હતાં. તેમાંનાં બે ('સોવિયેત દેશ'
સૌજન્યથી) અહીં આપીએ છીએ. અહીંના જીવનનાં કેવાંકેવાં પાર
થી તેઓ આકર્ષાય છે, તેને પકડવાની તેમની પીંછીની શક્તિ કેવી
તથા તેનાં કેવાં સંયોજનો તથા રંગાવટ તેઓ રચે છે તે દર્શાવવા
હેતુથી અહીં તે પ્રકટ કર્યા છે.



ઊંચા પાની ના ટિકે, નીચે હી ઠહરાય;
નીચા હોય સો ભર પીએ, ઊંચા પિપાસા જાય.

—કબીર

વીએના ગએલા એક મિત્ર કોઇની રાહ જોતા રસ્તે ઊભા હતા, ત્યાં ખિસ્સામાંનો એક પત્ર વાંચતાં નકામો લાગ્યો અને તે ફાડી ટુકડા કરી ત્યાં જ ફેંકી દીધા. લાગલા જ ત્યાંના ફરજ પરના પોલીસે તેમની પાસે આવી વિનયપૂર્વક પૂછ્યું, 'પેલા કાગળના ટુકડા આપને કામના ન હોય, અને આપની રજા હોય, તો હું ઉપાડી લઉં?' આ સાંભળીને અમારા મિત્રની શરમનો પાર રહ્યો નહિ. તરત પોતાની ભૂલ માટે માફી માગી એ ટુકડા ઉપાડી લીધા, ને નજીકની કચરો નાખવાની પેટીમાં નાખી આવ્યા.


૧થી૯ સુધીના અંકોને સીધા તથા ઊલટા ક્રમમાં બે વખત માંડી એ ચારે રકમમાં બે ઉમેરશો એટલે સરવાળામાં બધા બેના અંક જ આવશે. જુઓ :


	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
									૨
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨

અનેકાર્થી શબ્દ : **સાંકળી**=નાની કડીઓ જોડી બનાવેલી સેર; એ નામે એક દાગીનો; ભેળવેલું, મિશ્ર કરેલું—જેમકે તલસાંકળી; વરત તૂટી જતાં તેના સાંધા મેળવવા કરવી પડતી આડીઅવળી ગૂંથણી; સંબંધ બતાવવા બે વર્ણો પર દોરેલી લીટી, રેખા, કૌંસ, 'વૅન્ક્યુલમ'; પહેલવાનોની કુસ્તીમાં ચડસાચડસીની ક્રિયા.



થાંભલાનાં મથાળાંમાં આવી જે આકૃતિ કોરેલી જોવામાં આવે છે તેનું મૂળ સ્વરૂપ આદિકાળની માનવસૃષ્ટિમાં જન્મ પામ્યું છે. સૌ પહેલાં માનવીએ જ્યારે ઘર બાંધ્યાં ત્યારે છાપરાને ટેકો દેવા માટે પહેલી આકૃતિમાં બતાવ્યા મુજબ ઝાડનું થડ ડાળોનાં ઠૂંઠાં રાખીને વાપરવામાં આવતું. યુરોપમાં તે મથામાંથી ત્રણ પ્રકારના થાંભલા ચાલુ થયા: ડોરિક, આયોનિક ને કોરિન્થિયન. તે બધામાં લટકાં, પૂછડાં તેમજ પાંદડાંના શણગાર વધ્યા છે.





અંગ્રેજી મૂળાક્ષરનો ૧૬મો અક્ષર 'પી' તેના મૂળ ઇજિપ્શ્યન હાએરોગ્લિફિક રૂપમાંથી કેવો અનુક્રમે હાએરેટિક, ફિનિશ્યન, જૂનું ગ્રીક, આરંભકાળનું ઇટાલિયન અને અદ્યતન સ્વરૂપ પામ્યો તે પહેલી તકતીમાં બતાવવામાં આવ્યું છે; અને તેના લેખન-મરોડના કૅપિટલ તથા નાના અક્ષરો કેવા અનુક્રમે હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, પ્રાચીન અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન અને અદ્યતન સ્વરૂપે વિકસ્યા તે બીજી તકતીમાં બતાવવામાં આવ્યું છે.

તિમોર લાઉટની સ્ત્રીઓને પુરુષોની હાજરીમાં એક જ આંખ ઉઘાડવાની છૂટ હોય છે!

રંગકામના ડાઘ કાઢવા માટે તેની પર ઘાસતેલ ઘસીને પોપડો ઉખેડી નાખવો. પછી ડાઘને પાણીથી ધોઈ નાખી ટર્પેન્ટાઈન લગાડવું, અને છેલ્લે ડાઘ સાબુથી ધોઈ નાખવો. મેથિલેટેડ સ્પિરિટથી પણ અમુક રંગના ડાઘ દૂર થઈ શકે છે. રંગના ડાઘ દૂર કરવા માટે બેન્ઝિન ને ટર્પેન્ટાઈન ઉત્તમ છે.

'ઇન્સ્ટ્રક્શન્સ ટુ યંગ નૅચરાલિસ્ટ' નામના પુસ્તકનો લેખક એલ. હ્યુ ન્યૂમેન નામનો નિસર્ગશાસ્ત્રી જણાવે છે કે આજ સુધીમાં દુનિયામાં પાંચ લાખ જેટલી જંતુની જાતો નક્કી કરવામાં આવી છે અને દર વરસે નવી શોધાતી જ જાય છે.

નવા બટાટાને મીઠાના પાણીમાં બોળી રાખ્યા બાદ છોલશો તો છીલટાં સહેલાઇથી ઊખડી આવશે.

આવનાર: 'સાહેબ અંદર છે કે?'

પોરીઓ: 'આપ કોણ છો? એમના લેણદાર છો? કોઈ મિત્ર છો? કે ઘરાક?'

આવનાર: 'ત્રણે ય.'

પોરીઓ: 'તો સાહેબ બહારગામ ગયા છે; ઘણા જ કામમાં છે; આપ અંદર પધારો!'



કલાકણિકા : કિનારી પર વિજેતા ફરાઓ, અને વચ્ચે સિંહને મારતા ચારપાંખાળા આસિરીઅન દાનવ સાથે પંખી અને પ્રાણીઓના સુંદર સંયોજનયુક્ત સાયપ્રસનું એક પ્રાચીન કાંસ્યપાત્ર